अनुक्रमणिका.

શ્રવણ.

(મહાન્ પિતૃભક્ત.)

પ્રકરણ ૧ લું.

जानन्ति देवाद्यपित्विस्थमेव, देवस्य देवं पितरं सदैव ॥
पितृ समानो नहि कश्चिदेव, तस्मान्मनुजाः पितरं भजध्वं॥१॥

(દેવતાઓ પણ સંપૂર્ણ જાણે છે ને કહે છે કે દેવના પણ દેવ નિરંતર માતા પિતા છે. માતા પિતા સમાન કોઈ દેવ નથી. માટે હે મનુષ્યો માતા પિતાની સેવા કરો.)

આ ચાલુ વૈવશ્વત મન્વંતરના ત્રેતાયુગમાં જેની સમીપ જવાથી નિષ્પાપ થઈએ, તથા જેના વડે પૂર્ણ પ્રકાશિત અક્ષયધામને પામીએ, વેદ જેને પ્રિય છે એવા બ્રાહ્મણો જેને કાંઠે આનંદમય વેદોચ્ચાર કરે છે, અને જેના ધ્વનિ સાંભળી ગુણિજનોનાં મન પ્રફુલ્લિત થાય છે, તથા સર્વ પ્રકારના શૃઙ્ગારોથી શણગારેલી પતિવ્રતા પ્રીતિપાત્ર સ્ત્રીઓનો જ્યાં નિવાસ છે, એવી સરયુ નદીને કાંઠે અનેક ૠષિ મુનિઓના આશ્રમો તે સરિતા તટપર આવી રહેલા હતા. જેમ સમુદ્ર કિનારે આવેલા બંદર પર વ્યાપારીજનો જથાબંધ માલની લેવડદેવડ કરવાને વાસ્તે આવીને વસેલા હોય તેમ આ ૠષિમંડળો પણ આપણી પરંપરાની ચાલી આવતી ઊંચા પ્રકારની વેદ વિદ્યા, શાસ્ત્ર વિદ્યા આદિ અનેક પ્રકારની વિદ્યાદિ માટે અત્રે આવી નિવાસ કરી રહ્યા હતા.

આ વખતે અયોધ્યા નગરીમાં મહાન્ પ્રતાપી રાજા દશરથ રાજ્ય કરી રહ્યા હતા. આ આશ્રમોમાં એક શાંતન નામના મુનિ પોતાની જ્ઞાનવતી સ્ત્રીની સાથે રહી સર્વજ્ઞાની મહાન ઋષિ મુનિઓના મુખમાંથી જ્ઞાનામૃતનું પાન કરતા હતા. આ સરિતાતટ પર આવેલા આશ્રમોના પ્રભાવથી ત્યાંનું વાતાવરણ એવું તો શુદ્ધ અને સત્વગુણી થએલું હતું કે જ્યાં મત્ત થએલા માતંગો નમ્રતાથી રહેતા હતા, તથા સિંહ વાઘ રીંછ વિગેરે હિંસક પશુઓ પણ પોતાનો જાતિ સ્વભાવ ભુલી જઇ ક્રોધનો ત્યાગ કરી સુખેથી રહેતાં હતાં. નિર્બળને સબળ પશુ પક્ષિઓ એક બીજા જોડે સ્નેહથી વિચરતાં હતાં. ત્યાં પ્રાતઃકાળમાં વેદોના ઉચ્ચાર સહિત હોમાતા હુત દ્રવ્યના ધુમ્રથી આકાશ આચ્છાદિત થયેલું માલુમ પડતું હતું. પંચાયતન પૂજાને અંતે થતા સુગંધી ધુપો ને કર્પુરાર્તિની પ્રસરતી સુગંધ સહિત સમીર બ્હેકી રહ્યો હતો. ઋષી કુમારોના મધુર સ્વરથી ગવાતા સ્તોત્રોચ્ચારના મધુર ગાનનો ધ્વનિ દરેક વ્યક્તિને કર્ણ-ગોચર થઇ મનને આલ્હાદિત કરતો હતો. અને દુરથી આવતા પથિકો અને રાજદ્વારી પુરૂષોનાં અભિવંદન ઠેકાણે ઠેકાણે કર્ણમાં જયધ્વનિ સાથે પ્રવેશ કરતા હતા. મતલબ કે જ્યાં ભક્તિ–શ્રદ્ધા અને જ્ઞાન સંપૂર્ણ યુવાવસ્થામાં વિરાજમાન હતાં, જ્યાં અધર્મ શું છે તે કોઇ સ્વપ્નામાં પણ જાણતું નહિ, ત્યાં આવા નિર્મળ ને શુદ્ધ વાતાવરણમાં વસતા શાંતન મુનિની પત્નિ જ્ઞાનવતીને પ્રથમાવસ્થામાં એકજ પુત્ર થયો હતો, તે કોઈ ભાવીના પ્રભાવથી નાશ પામ્યો હતો. ફરી, જેમ કદળી એકજ વખત ફળે છે તેમ જ્ઞાનવતી પણ વૃદ્ધાવસ્થા સુધી ગર્ભવતી થઈ નહિ, તેથી તે દંપતીના મનમાં રાત્ર દિવસ ચિંતા રહેતી હતી.

એક સમયે સતી પોતાના પરમ પવિત્ર પતિ પ્રત્યે કહેવા લાગી કે "હે પ્રાણનાથ ! આપણો અવતાર પુત્રવિનાનો હોઈ આ ઘર પણ સ્મશાન જેવું લાગે છે. આ પહેરેલો શણગાર અંગાર રૂપ લાગે છે. ભલે રાજા હો કે રંક હો પણ પુત્ર વિના તેને સદા અસંતોષ રહે છે. ઇંદ્ર જેવા પણ પુત્ર વિના પોતાના દેહને દોષપાત્ર લેખે છે. જેણે દ્વિજોની અને ગૌઓની ઘણી હિંસાઓ કરી હોય તેજ આ પૃથ્વિ ઉપર પ્રજા વિનાના રહે છે, ને પાપ કર્મથી પીડાય છે. આપણી જેમ જેમ વૃદ્ધાવસ્થા આવતી જાય છે તેમ તેમ આપણી ગતિ મતિ ને વિચાર ક્ષીણ થતા જાય છે, જેથી ચોથી અવસ્થા ઘણી દુઃખરૂપ ગણાય છે. બાળપણમાં શરીરમાં બળ બુદ્ધિ દિવસે દિવસે વધે છે, ને વૃદ્ધાવસ્થામાં બળ બુદ્ધિ દિવસે દિવસે ઘટતી જાય છે. શરીર પણ શિથિલ થઈ જાય છે. સ્મરણ શક્તિ ઓછી થઈ જાય છે. સ્વભાવ પણ ફરી જાય છે. કોઈપણ વસ્તુ પ્રિય લાગતી નથી, તથા કોઇનું કરેલું કામ પસંદ પડતું નથી. અને દર વખતે દરેક પર અરૂચિ ઉત્પન્ન થાય છે. વળી વૃદ્ધપણાનાં વચનો કોઈને ગમતાં નથી. સાંભળનારને દુઃખ ઉત્પન્ન કરવાવાળાં જણાય છે. માટે હે નાથ ! સુપુત્ર વિના આવાં કઠોર વાક્યો કોણ સહન કરી શકે ! રાખેલા ચાકરો તો વૃદ્ધાવસ્થામાં ઘણું અપમાન કરતા જણાય છે, માટે જો એક પણ સત્પુત્ર હોય તોજ વૃદ્ધાવસ્થા સુખરૂપ થાય. જેને સત્પુત્ર હોય છે તેનાજ માતાપિતા સન્માનને પામે છે. વૃદ્ધાવસ્થામાં તૃષ્ણા અને મમતા વધે છે, અને ધર્મ કર્મ જ્ઞાન અને સારા ગુણો ઘટી જાય છે. આ જગત્ સ્વાર્થી છે. જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધીજ સેવા કરે છે. પણ વૃદ્ધ જનોથી સ્વાર્થ હોતો નથી જેથી સુકાએલા સરોવરને સારસ, દ્રવ્ય વિનાના પુરૂષોને ગણિકા અને ફળ વિનાના વૃક્ષોને

પક્ષિઓ જેમ તજી દે છે તેમ વૃદ્ધ સ્ત્રી પુરૂષોને સર્વ કોઈ તજી દે છે.

સત્પુત્ર હોય છે તેજ માતાપિતાની શુદ્ધ મનવડે સેવા કરે છે. અન્ય સર્વ સંસારી મનુષ્ય વૃદ્ધોથી વિરૂદ્ધજ વર્ત્તે છે. ગમે તેટલું દ્રવ્ય હોય, ગમે તેટલી રિદ્ધિ સિદ્ધિ હોય તોપણ સત્પુત્ર વિના સહુ વ્યર્થ છે. માટે હે પ્રાણનાથ ! આપ જે કહો તે વ્રત-જપ-તપ-નિયમ હું કરૂં. અનેક પ્રકારના ઉપવાસ કરૂં. અર્ચન પૂજન જે કહો તે કરવાને તૈયાર છું. અને તે બધાનું ફળ એક પુત્રની પ્રાપ્તિ માટે અર્પણ કરૂં."

આ પ્રમાણે પોતાની ધર્મપત્નિને દીલગીર થયેલી જોઇ મુનિરાજ શાંતિને વરસાવતા સુખદ શબ્દો બોલવા લાગ્યા

"હે સુભાગિની સતી ! આપણા પૂર્વના પાપનો સંચય કોઇ એવા પ્રકારનોજ હશે કે જેથી આ વખતે પુત્ર વિના આપણે ચિંતા રૂપી અનલમાં તપીએ છીએ. વળી જો આપણને પુત્ર થશે તોપણ આપણી આંખો જશે એ મોટું દુઃખ છે. હું કદિ અગ્નિ દેવની ઉપાસના કરી પુત્ર રત્ન મેળવી શકું, પણ ઉપર કહ્યું તે દુઃખ આવી પડે છે." આવાં મુનિરાજનાં વચન સાંભળી જ્ઞાનવતી કહેવા લાગ્યાં કે હે કરૂણાસાગર પ્રાણપતિ ! મારી અરજ જરા સાંભળો.

"માતા પુત્રને જન્મ આપી તેને માટે પ્રાણાંત આપત્તિને પણ સહન કરે છે. અને હાથ જોડીને પ્રભુ પાસે માગે છે કે હે પ્રભુ ! હું મરી જાઉં તો ફીકર નહિ, પણ મારા પુત્રને દીર્ઘાયુ કરજે, કે જેના પિંડ દાનથી હું સ્વર્ગની પ્રાપ્તિ કરી શકું. જીવ કરતાં પણ પુત્ર અધિક પ્યારો છે, તો આપણાં નેત્ર શા હિસાબમાં ! પુત્રને માટે પિતા પરદેશ વેઠી અનેક પ્રકારના ક્લેશ સહન કરીને ધન કમાઈ એકઠું કરે છે, ઝાઝાં થોડાં પાપ પુન્ય-સાચાં જુઠાં કરી પુત્રને વાસ્તે

ધનનો સંચય કરે છે. પોતે અનેક કષ્ટ સહન કરીને પણ પુત્રને માથે છત્ર પેઠે છાયા કરે છે. કોઇ દિન અલ્પ આહાર મળે છે તો પોતે ભુખ્યા રહીને પણ પુત્રને આપે છે. પુત્રને માટે શરીરની પણ દરકાર કરતા નથી. તો આ નેત્ર કોણ માત્ર છે ! જ્યારે વૃદ્ધાવસ્થામાં શરીરની શિથિલતા થાય છે ત્યારે આપણા આત્માથી ઉત્પન્ન થએલા આત્મજ ના જ અવયવો આપણને કામ લાગે છે. વૃદ્ધાવસ્થામાં ખરી દૃષ્ટિ સત્પુત્ર રૂપી જ છે. તેના આધારેજ જીવી શકાય છે. માટે હે નાથ ! તમને જુગલ કર જોડી સવિનય પ્રાર્થના કરૂં છું કે જે ઉપાયથી પુત્ર પ્રાપ્તિ થાય, તે ઉપાય હવે સત્વર કરો કે જેથી આપણો સંસાર સફળ થાય, અને પિતૃઓનો ઉદ્ધાર થાય."

પોતાની ધર્મપત્નિની પ્રાર્થના સુણી મુનિએ પોતાના ઇષ્ટ દેવરૂપ અગ્નિદેવની ઉપાસના કરી. હોમની પૂર્ણાહુતી વખતે કોટિ સૂર્યસમ પ્રભાવવાળા અગ્નિદેવ પાવકકુંડમાંથી પ્રગટ થયા. તેને જુગલ કર જોડી મુનિએ સત્પુત્રની યાચના કરી, ત્યારે તેના ઇષ્ટદેવ કહેવા લાગ્યા, કે " હે મુનિરાજ ! તમને પુત્ર થશે. પણ તે જ્યારે અરાઢ વર્ષનો થશે ત્યારે તમારા બંનેના નેત્રો જશે." આ પ્રમાણે વરદાન દઈ ઇષ્ટદેવ અંતર્ધ્યાન થયા. પછી સતીએ ઇષ્ટદેવના પ્રસાદનું પ્રાસન કર્યું. તે પ્રસાદના પ્રભાવે કરી મુનિપત્નિ જ્ઞાનવતી સગર્ભા થઇ. નવમે માસે સુખ દેવાવાળા પરમ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. જેમ રાંકને રિદ્ધિ મળે, આંધળાને લોચન મળે, તેવો આનંદ આ દંપતીને પુત્ર ઉત્પન્ન થવાથી થયો. પછી દ્વિજ કર્માનુસાર જન્મથી માંડી દશ રાત્રી વિત્યા બાદ તેનું નામ શ્રવણ પાડ્યું. હર્ષના દિવસો જલદી વ્યતીત થાય છે. તેમ શ્રવણ મોટો થવા લાગ્યો. દિનપ્રતિદિન માતાપિતાનો પ્રેમ તેના પર વધવા લાગ્યો. તેને પ્રાણથી

હાલ કલિયુગનો પ્રભાવ દિન પ્રતિદિન વધતો જાય છે, પૃથ્વિ પરથી સત્ય દયા ધર્મ જ્ઞાન ક્રમે ક્રમે અધોગતિ પામતાં જાય છે. તેમજ વર્ણાશ્રમના ધર્મો પણ છિન્ન ભિન્ન થએલા દષ્ટિગોચર પડે છે. અનેક પ્રકારના દુરાચાર પૃથ્વિપર વધી પડવાથી અને પાપનો વધારો થવાથી માહામારી જેવા અનેક રોગોની ઉત્પત્તિ થઇ છે, જેથી અનેક મનુષ્યો મરણને શરણ થતાં આપણે જોઇએ છીએ, ને કેટલાક પોતાના પાપના પ્રભાવથી નાના પ્રકારના દુઃખોમાં અનેક પ્રકારની વિટંબનાઓ ભોગવ્યા કરે છે. આવી પોતાની દુઃખી સ્થિતિને નિહાળતાં છતાં મનુષ્યો લોભ, લાલચ, માયા, મમતા, ઇર્ષ્યા, દ્વેષ, કામ, ક્રોધ વિગેરેથી લેપાઇ જઇ ખરા ધર્મના રહસ્યને સમજી શકતા નથી. આજ કાલ માતા પિતાના ધર્મ, પુત્ર પુત્રિના ધર્મ, પતિ પત્નિના ધર્મ, તેમજ સેવ્ય સેવકના ધર્મ શું છે. તે વિષે કાંઇક કહેવાની જરૂર છે, એમ જાણી આ વખતે મારા હૃદયમાં પિતૃભક્તિ વિષે પ્રબળ ઉર્મીઓ ઉત્પન્ન થવાથી તથા કેટલાક સુજ્ઞ પુરૂષોના આગ્રહથી તે વિષે કંઇક વાર્તારૂપ ઇતિહાસ આપવા મારા મનમાં ઇચ્છા થતાં એક **શ્રવણ** જેવા મહાન પિતૃ ભક્તનો પ્રાચીન ઇતિહાસ જન સમાજ આગળ રજુ કરી પરમ પુજ્ય માતાપિતાની ભક્તિનો ખરો ચિતાર લોકોના મનમાં ઠસાવવા આ પ્રયાસ થયો છે.

પણ, મારા આ પ્રયાસનું શુભ ફળ, ઉપર ગીતાનો શ્લોક કહ્યો તેમ જો આવા અધર્મના વખતમાં પ્રભુ પોતેજ પોતાના આત્માનો પ્રકાશ પાડે તો જ આવી શકે એમ છે. અને તેથી હું તે પરમ દયાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરૂં છું કે આમારા જેવાતેવા પણ એક સદુપદેશ અર્પનારા ગ્રંથમાં તે પ્રભુનો આત્મા સદા બિરાજમાન

રહો અને તેથી વાંચકોના હૃદયમાં **सत्यं ज्ञानमनन्तं ब्रह्म**—અનાદિ કાળના-અનન્ત-સત્યજ્ઞાન **રૂપી પરબ્રહ્મનો પ્રકાશ** પડો. ! વળી આ ગ્રંથ મરહુમ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇની પ્રસાદી રૂપ હોવાથી મારા ધારવા પ્રમાણે તે સહુને રૂચિકર પડશે અને પ્રભુ તેનું પરિણામ શુભ જ આવશે.

જો કે આવાં ગુજરાતી તેમજ હિંદી ભાષામાં કાવ્ય-નાટક જેવાં પુસ્તકો પ્રગટ થએલાં આ સમયે કોઇ કોઇ સ્થલે જોવામાં આવે છે, પણ આવાં સુબોધદાયક પુસ્તકો જનસમાજમાં વધારે પ્રસરે, ને જન સમુહ પોતાનો ધર્મ વધારે સમજતા થાય, આવા ધાર્મિક વિષયોપર જનસમાજની રૂચી ઉત્પન્ન થાય, એ ઇચ્છવા યોગ્ય છે, અને તેથી આ ગ્રંથ મારી બુદ્ધિ અનુસાર, મરહુમ કવિ દલપતરામના હિંદી કાવ્યને અનુસરી વાર્તા રૂપે બને તેટલા વિસ્તારથી લખી જનસેવામાં રજુ કરવામાં આવે છે. તેમાં કંઇ ભૂલ ચૂક જણાય તો સારગ્રાહી પુરૂષો સારનેજ ગ્રહણ કરી દોષોને દૃષ્ટિ તળે નહિ લાવતાં આ ગ્રંથકર્તાના શ્રમને ઉત્તેજન આપી આભારી કરશે.

મ. વિ. દવે.

આ પુસ્તક અમદાવાદ—સાંકડી શેરી—હજીરાની પોળ વાળી **એમ. એમ. પટેલની કંપની** મારફત ઘણાજ ટુંક ટાઇમમાં છપાંવી બંધાવી તૈયાર કરવામાં આવ્યું છે, તે માટે, તથા તેમની સત્ય નિષ્ટા અને પ્રમાણિકતા માટે તેમને અતિશય ધન્યવાદ ઘટે છે.

પણ અધિક સમજી પ્રેમથી તેનું લાલન પાલન કરવા લાગ્યાં. એમ કરતાં કરતાં શ્રવણ આઠ વર્ષનો થયો, એટલે શ્રવણને તેના બાપે આનંદથી યજ્ઞોપવિતનો સંસ્કાર કર્યો. પછીથી નાના પ્રકારની વેદ આદિ વિદ્યાનું પઠન પાઠન નિયમાનુસાર મુનિ તેને કરાવવા લાગ્યા. શ્રવણની બુદ્ધિ તીવ્ર હતી તેથી ગમે તેવા કઠણ વિષયો પણ તે સહેલથી તુરતમાં સમજી શકતો હતો, ને જલદી યાદ કરી લેતો. દરરોજ સવારમાં છ ઘડી રાત્રી રહે ત્યારે તે ઉઠી દંતધાવન, શૌચ, સ્નાન, ધ્યાન, સંધ્યા, આદિ પોતાનું નિત્ય કર્મ કરી માબાપને નમન કરતો. તથા ગુરૂશ્રીને માટે સમીધ, પુષ્પ, ફળ, વિગેરે લાવી યજ્ઞની સામગ્રી તૈયાર કરતો હતો. એક દિવસ પિતાની આજ્ઞાનુસાર વર્તનાર શ્રવણ પિતાની આજ્ઞાથી હર્ષિત થઇ સમીધ લેવાને જંગલમાં ગયો.

આ અરણ્યમાં એટલે ઘણાજ ઘાટા જંગલમાં અનેક પ્રકારની વનસ્પતિ ખીલી રહી છે. સાગ, શીશમ, વડ, રાયણ, આદી મોટાં મોટાં વૃક્ષો આવી રહેલાં છે. બાવળ, બોરડી, ખેર, ખાખર, ખજુરી વિગેરે મધ્યમ પંક્તિના ઝાડો પવનથી હાલી રહ્યાં છે. કરેણ, કેતકી, મોગરો, ચંપો ચંપેલી, જુઇ, જાઇ, વિગેરે ફુલ ઝાડો તથા આંબો, કેળ, જાંબુ, લીંબુ, આદી ઉત્તમ પ્રકારનાં ફળફુલવાળી વનસ્પતિ ખીલી રહી છે. પ્રભાતનો સમય હોઇ વૃક્ષોપર અનેક પ્રકારના પક્ષીઓ પોતપોતાની ભાષામાં નાના પ્રકારના મધુર સ્વરો કરી રહ્યા છે. સિંહ, વાઘ, વરૂ તથા રાત્રીમાં ફરનારાં કેટલાંક નીશાચર પ્રાણીઓ સુર્યોદય થતાં પોતપોતાની ગુફાઓમાં ભરાવા લાગ્યાં છે. જેમ પ્રતાપી રાજાનો પ્રતાપ દેખી ચોર લુચ્ચા ને ઠગ જનો સંતાઇ જાય તેમ સુર્યોદય થતાં નીશાચર પ્રાણીઓ સંતાવા લાગ્યાં છે. હરણોનાં ટોળાં જાણે

સુર્યને અભિવંદન કરતાં હોય તેમ પુર્વ દિશા તરફ આનંદથી દોડી રહ્યાં છે. ધીરેધીરે સુવાસિત મંદમંદ પવનની લ્હેર ચાલી આવે છે ત્યાં તે સમયમાં એક પારધી કાંધપર તીવ્ર ધારવાળી કુહાડી રાખી હાથમાં તીરકામઠું લઇ પોતાના હિંસક સ્વભાવથી શિકાર કરવાને આમ તેમ ધુમી રહ્યો છે.

આ વ્યાધ એક વૃક્ષ નીચે આવી જુએ છે તો વ્રક્ષપર કપોતીનાં બે નાનાં બચ્ચાં તેણે દીઠાં. તે બચ્ચાં એકલાં હતાં. તેનાં માતાપિતા કપોત ને કપોતી ચારો શોધવાને બહાર ગયાં હતાં. બચ્ચાઓનાં માબાપની ગેરહાજરી જાણી પેલો વ્યાધ તેને મારવાની તજવીજ કરવા લાગ્યો, ને જેવો પોતાની પાસેની જાળ તેને પકડવા માટે વૃક્ષ નીચે પ્રસારીને યુક્તિવડે તે કપોતનાં બે બચ્ચાંને તેની અંદર પકડવાની તઇયારી કરે છે, તેવામાં તેનાં માબાપ કપોત ને કપોતી ત્યાં આવી લાગ્યાં, ને પોતાની ભાષામાં કીલકીલાટ કરી પ્રથમ બચ્ચાંની મા કપોતી તે પાશમાં પડી. પછી કપોતે વિચાર કર્યો કે બચ્ચાં વિના દેહ શું કામનો ! એમ વિચારી કપોત પણ પારધીની જાળમાં પડયો. આ પ્રમાણે પક્ષિઓનો, અપૂર્વ સ્નેહ બચ્ચાંઓ સાથેનો જાણી શ્રવણના મનમાં આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો! માતા પિતાના પ્રેમને ધન્ય છે, કે જે પોતાનાં બચ્ચાંને માટે પોતાનો દેહ પણ પ્યારો ન કરતાં મરણ ને શરણ થયાં! આવો અનહદ ઉપકાર કરનારાં માતાપિતાનો ગુણ જે ભૂલી જાય, તે તો ખરેખર કપુત, પાપી ને ભુમિપર ભારરૂપ ગણાય.

શ્રવણ ત્યાંથી જરા આગળ ચાલ્યો. ત્યાં એક વૃક્ષ આગળ બીજું કૌતક દીઠું. ત્યાં ઝાડની બોમાં એક ચકલી

પોતાનાં બચ્ચાંને માટે બહારથી ચારો લઇ આવી બચ્ચાં સાથે સ્નેહથી પ્યાર કરતી હતી, તથા વારંવાર દાણાના કણ બહારથી લાવી બચ્ચાંના મોમાં મુકી આનંદ માનતી હતી. આ રીતે પોતાના બચ્ચાંનું પાલન કરી રહી હતી. આ જોઇ શ્રવણના મનમાં આવ્યું કે અરે આ બચ્ચાંમાં એને શું સ્વાર્થ છે! વિચાર કરતાં કંઇ સ્વાર્થ જોવામાં આવતો નથી. બચ્ચાં મોટાં થશે ને તેને પાંખો આવશે ત્યારે ઊડી જશે ને પછી તેને જાણશે પણ નહિ. માટે ખરેખર માતાપિતાનો પ્રેમ છે, તેજ ઇશ્વરકૃત નિર્મળ પ્રેમ છે. આમ વિચારી ઇશ્વરના કુદરતી પ્રેમના મનમાં વખાણ કરતો કરતો તે સમાધિ લઇ પાછો વળ્યો.

પાછા વળતાં એક વાંદરી પોતાનાં બચ્ચાંને પેટે વળગાડી આમ તેમ આનંદમાં ભમતી તેના જોવામાં આવી. તે પોતાનાં બચ્ચાંને જરાપણ છૂટાં મૂકતી નથી. તેમ છતાં એક બચ્ચું પોતાની અજ્ઞાનતાથી જરા છૂટું પડી દૂર ગયું, તેને એક પારધી પકડવાને દોડયો. ત્યારે પેલી વાંદરી પૂર જોસમાં એકદમ દોડીને પારધી પર ક્રોધ કરી લડવા લાગી. પોતાના નખ વડે વ્યાધને ઇજા પણ કરી. તેથી વ્યાધે ક્રોધે ભરાઇ જોરથી એક કુહાડી એવી તો મારી કે તે એક ઘા પડવાથી તુરતજ મરણ પામી, પણ તે વાંદરીએ પોતાના બચ્ચાંના પ્રાણ બચાવ્યા. અહા! નિખાલસ પ્રેમ કેવો! પોતાના પ્રાણની પરવા ન કરતાં બચ્ચાંને બચાવ્યાં! આ બનાવ જોઇ શ્રવણના મનમાં તો આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે મન સાથે કહેવા લાગ્યો કે, "અહો! ધન્ય છે. ધન્ય છે! ઇશ્વરદત્ત શુદ્ધ સ્વભાવિક નિર્મળ પ્રેમને! ખરેખર સ્વાર્થ રહિત પ્રેમ તો માતાપિતાનોજ છે. બીજાની પ્રીતિ સ્વાર્થ પરાયણ હોય છે. અન્યની

પ્રીતિ કૃત્રિમ પ્રીતિ છે. એનો કંઇ વિશ્વાસ નહિ. આ દુનિયામાં દૈવકૃત પ્રેમ તો માતાપિતાનોજ છે. કદાપિ કરોડો દીપક કરો તોપણ સૂર્ય સમાન કદિ પ્રકાશ હોયજ નહિ. તેમ કુદરતી પ્રેમની પાસે ગમે તેવો કૃત્રિમ પ્રેમ ગમે તેટલા બ્હોળા વિસ્તારમાં હોય, તોપણ કુદરતના પ્રેમને પહોંચે નહિ."

આમ વિચાર કરતો કરતો શ્રવણ સમીધ લઇ પોતાને આશ્રમે આવ્યો. વિનય વડે માતાપિતાને વંદન કરી વનમાંથી સમીધ આદિ લાવેલી સામગ્રી ફળ ફુલ સહીત પિતાની પાસે ધરી દીધી. આ રીતે શ્રવણ દરરોજ પોતાના પિતાની અજ્ઞાનુસાર જંગલમાં જઇ નાના પ્રકારનાં ફલ ફુલ સમીધ તથા દેવાર્ચન ઉપયોગી તમામ વસ્તુઓ જંગલમાંથી લાવતો હતો. ધીરે ધીરે શ્રવણને કિશોર અવસ્થા પ્રાપ્ત થવા લાગી. હવે તેનું વય લગભગ પંદર સોળ વર્ષનું થવા આવ્યું હતું.

પુત્રના ખીલતા અવયવને જોઇ મુનિ તથા મુનિપત્નિ આનંદ પામતાં હતાં. એક સમયે તે મુનિપત્નિ પોતાના સ્વામીને કહેવા લાગી કે "હવે આપણો શ્રવણ મોટો થયો છે, માટે તેનો વિવાહ કરી સંસારી સુખનો ખરો લ્હાવો લઇએ. કેમકે આપણી હવે વૃદ્ધાવસ્થા થઇ છે, દેહનો ભરોસો નથી. માટે આવા માંગલિક કાર્યમાં વિલંબ નહિ કરતાં પુત્રનો વિવાહ કરી આપણો સંસાર આપણે સફળ કરીએ. પુત્રને પરણાવવાથી પુત્ર તમારી સેવા કરશે, ને પુત્રવધુ મારી સેવા કરશે. પુત્રને પરણાવવાથી પિતૃલોકના ભાગ્યનો પણ ઉદય થયો ગણાશે." આમ પોતાના પતિને વિનંતી કરી, સતી કહેવા લાગી ત્યારે બંને દંપતિ એકમત થઇ પોતાની પાસે જે કંઇ મિલ્કત હતી તે વેચી તેઓએ તેના રોકડા દામ કરી લીધા. ને પોતાના પુત્રના વિવાહ કરવામાંજ સુખ છે, એમ માની વિવાહની ધામધુમ કરવા માંડી.

કાશી શહેરમાં પોતાના જ્ઞાતિભાઇઓ રહેતા હતા. ત્યાં જઇ કોઇ એક સારા ધનવાન જ્ઞાતિબંધુને ઘેર પોતાના પુત્રને માટે કન્યાનું માગું નાખ્યું. આ મુનિરાજ પોતે પરમ પવિત્ર અને પૂર્ણ જ્ઞાની હતા. અને આગળના વખતમાં વિદ્યા આગળ ધનવાનો દાસ થઇને રહેતા હતા, એટલે શ્રવણ જેવા પવિત્ર અને સુદૃઢ વિચારના શાસ્ત્રવેત્તા જમાઇ ઘર બેઠાં મળે છે, તો લક્ષ્મિ ચાંલ્લો કરવા આવતાં મોઢું ધોવા જવું તે ઠીક નહિ, એમ જાણી ધનવાન ગૃહસ્થે પોતાની પરમ સુશીલ સત્વગુણી કન્યા સાવિત્રીનો શ્રવણ સાથે સંબંધ કરી, વિવાહપત્રિકા લખી મોકલી. ઘણીજ ધામધુમથી સાવિત્રીનાં લગ્ન નિર્વિઘ્નપણે પોતાની કુળરીતિ પ્રમાણે શ્રવણ જોડે કર્યાં. શ્રવણનો સસરો સારો સદ્‌ગૃહસ્થ હતો તેથી તેણે ઉત્તમ પ્રકારની કેટલીક વસ્તુઓ શ્રવણને ભેટ આપી. આશ્રમવાસી ઋષિ મુનિઓનો સારો સત્કાર કર્યો. પોતાની પુત્રિને ઉત્તમ પ્રકારના વસ્ત્રાલંકારથી સંતોષી સાસરે વળાવી.

સાવિત્રી પોતાના સસરાને ઘેર રહેવા લાગી. આ નવાં જોડાએલાં દંપતિ દરરોજ પ્રાતઃકાળમાં છ ઘટી રાત્રી રહેતી ત્યારે વૃદ્ધ માવિત્રોની આગમજ ઉઠતાં. પ્રથમ સાવિત્રી ઉઠી પોતાના વાળ સાફ કરી પતિના ચરણાર્વિંદને નમસ્કાર કરી પોતાના પતિને મધુર ધ્વનિથી પ્રભુપ્રાર્થના ગાઇ જાગૃત કરતી હતી. બાદ પોતે પતિને દંતધાવન જલ વિગેરેની યોજના કરી, પોતે દંતધાવન શૌચ કરી, નિર્મળ જળ વડે સ્નાન કરી, પતિને નાહાવાને માટેના પદાર્થો તેની આગળ ધરી, અંગમર્દન કરી સ્નાન કરાવતી હતી. શ્રવણ ન્હાઇ પોતાના માતાપિતાના ચરણાર્વિંદને યોગ્ય નમસ્કાર વંદના કરી, પોતાના ઇષ્ટદેવનું ધ્યાન ધરતો હતો. પ્રભુસેવાથી પરવારી, માતા

પિતાની સેવામાં હાજર થતો. માતાપિતાને દંતધાવન તથા શૌચ સ્નાન કરાવી, જેમ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રીતિપૂર્વક ભક્તજન ષોડશોપચાર વડે પુજા કરે, તે રીતે આ શ્રવણ પોતે પોતાના માતાપિતાની સેવા કરી તેને ચંદન પુષ્પ ચડાવી નમસ્કાર કરી, જુગલ કર જોડી અનન્ય ભક્તિભાવથી પ્રાર્થના કરતો. તેટલા વખતમાં સાવિત્રી રસોઇ તૈયાર કરતી, એટલે શ્રવણ પોતાના માબાપને જમાડીને તેના શેષ રહેલા અન્નમાંથી પ્રથમ પોતે ભોજન કરતો, ત્યાર બાદ પતિ આજ્ઞાનુસાર પતિની પ્રસાદીનું પાન સાવિત્રી કરતી હતી. આ પ્રમાણે પ્રથમ બાલ્યાવસ્થાથીજ માતાપિતાપર શ્રવણનો સુદૃઢ પ્રેમ હતો. શ્રવણની સ્ત્રી સાવિત્રી પણ સુશીલ સ્વભાવવાળી ને ધીરજવાળી હતી. આવા સત્પુત્ર ને સત્પાત્ર પુત્રવધુની સેવાથી મુનિ અને મુનિપત્નિ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યાં.

એક સમયે કેટલાક મહાન ઋષિગણોએ સરયૂ નદીને કિનારે મોટી સભા ભરી હતી. ગૌતમ, વિશ્વામિત્ર, વસિષ્ટ એવા એવા મોટા મોટા મહાન્ વિદ્વાન રૂષિ મુનિઓ તે સભામાં પધાર્યા હતા. અને ત્યાં અનેક પ્રકારના શાસ્ત્રોના સિદ્ધાંત દૃઢ કરી કરાવી રહ્યા હતા. તેમાં વસિષ્ઠ મુનિએ પરમપવિત્ર માતાપિતાની ભક્તિનું દૃઢ જ્ઞાન આપવા માટે ધર્મશાસ્ત્રના અપૂર્વ સિદ્ધાંતોનું કથનં કરવા માંડયું. માતાપિતાની ભક્તિનું પ્રકરણ મહાન બુદ્ધિશાળી વસિષ્ઠ મુનિ ચર્ચવા લાગ્યા. તેને શ્રવણ એક ચિત્તથી સાંભળવા લાગ્યો. તે ઋષિ બોલ્યા કે "ધર્મશાસ્ત્રમાં નિશ્ચયપૂર્વક એવો સિદ્ધાંત છે કે, માતાપિતાની સેવા સમાન કોઇપણ ધર્મ નથી. માતાપિતાની સેવા કરનાર બ્રહ્મલોક, ગોલોક, સ્વર્ગ લોકની પ્રાપ્તિ સહજ કરી શકે છે. વાલ્મિક રામાયણના અયોધ્યા કાંડમાં સર્ગ ૨૧ માં કહ્યું છે કે.

न ह्यतो धर्माचरणं किंचिदस्ति महत्तरम् ।
यथा पितरि शुश्रूषा तस्य वा वचन क्रिया ॥ २२ ॥

(માબાપની સેવા કરી તેના વચન અને ક્રીયા પ્રમાણે વર્તનથી જે ધર્મ થાય છે, તેથી બીજો મોટો કોઇ ધર્મ નથી.)

વળી ૩૦ મા સર્ગમાં કહ્યું છે કે—

देव गांधर्व गोलोकान्ब्रह्मलोकांस्तथा नराः ।
प्राप्नुवन्ति महात्मानो मातापितृ परायणाः ॥ ३७ ॥

(માતાપિતાને પરાયણ એવા મહા પુરૂષ દેવલોક ગાંધર્વ લોક અને ગોલોક તેથી પણ પર જે બ્રહ્મલોક તેને પ્રાપ્ત થાય છે.)

૩૪ મા સર્ગમાં પણ કહ્યું છે કે—

पिता हि दैवतं तात, देवतानामपि स्मृतम्
तस्माद्दैवतमित्येव करिष्यामि पितुर्वचः ॥ ५२ ॥

(પિતા અને માતા દેવનું પણ દૈવત કહેલું છે, એટલા કારણ માટે હે પુત્ર ! તું માતાપિતાનું વચન ધારણ કર—વચનનું પાલન કર.)

તુલશીકૃત અયોધ્યાકાંડમાં પણ કહ્યું છે કેઃ—

चोपाई.

सुनु जननी सोई सुत बडभागी,
जो पितु मातु बचन अनुरागी;
तनय मातु पितु पोषनहारा,
दुर्लभ जननी यह संसारा ॥ १ ॥

धन्य जन्म जगति तल तासू
पितहि प्रबोध चरित सुनि जासु;
चारि पदारथ करतल ताके,
प्रिय पितु मात प्राण सम जाके ॥ २ ॥

વળી તુલશીકૃત બાલકાંડમાં પણ ગોસ્વામિ તુલસિદાસ કહે છે કે:—

मातु पिता गुरु प्रभुकी बानी,
बिनहि बिचार करिय शुभ जानी;

એ પ્રમાણે કેટલાંક શાસ્ત્રના પ્રમાણ આપી 'પિતૃભક્તિ બરાબર દર્શાવી. આ કથા શ્રવણે પ્રેમપૂર્વક શ્રવણ કરી, પોતાના મન સાથે દૃઢ નિશ્ચય કર્યો કે પ્રાણ જતાં સુધી પણ શુદ્ધ મન ક્રમ ને વચન વડે મારે માતાપિતાની સેવા કરવી. બીજા બધા દેવોને ગૌણ ગણી મુખ્ય માતાપિતાના ચરણકમલનીજ સેવામાં શ્રેષ્ટ ઇષ્ટ છે, એમ મનમાં શ્રવણે દૃઢ નિશ્ચય કર્યો.

પ્રકરણ ૨ જું.

सर्व धर्मेषु वै नित्यं सरलः श्रेष्ट संमतः ।
पितृ सवाख्य धर्मो हि प्रोक्तः सर्वोत्तमः सदा

(સર્વ ધર્મને વિશે નિરંતર સેવવા લાયક સરલ અને શ્રેષ્ટ પિતાની સેવા રૂપી ધર્મજ સર્વોત્તમ કહ્યો છે.)

શ્રવણ દરેરોજ બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી પોતાનું શરીર શુદ્ધ કરી

ષોડશોપચાર વડે માતાપિતાનું પુજન કરવા લાગ્યો. પ્રથમ માતાપિતાના ચરણને પંચામૃતે નવરાવી, તે જળનું પાન કરવા લાગ્યો. જુક્તિથી નાના પ્રકારની સાવિત્રીએ કરેલી સ્વાદીષ્ટ રસોઇ પોતાના કર વડે માતાપિતાને જમાડવા લાગ્યો. ધુપ દીપ ને નૈવેધ જેમ દેવને કરવામાં આવે છે તેમ કરી, કર જોડી નાના પ્રકારની માતાપિતાના સ્તોત્ર વડે મધુર સ્વરથી પ્રાર્થના કરતો હતો. જેમ પરમ વૈશ્નવ ભક્ત રાધાકૃષ્ણને સેવે તેમ તે માતાપિતાની સેવા કરવાને લાગ્યો. દરરોજ માતાપિતાની સ્તુતિ આ પ્રમાણે કરતો હતો.

॥ मातुस्तवन ॥

॥ भुजंग प्रयात् ॥

गणेशं विभुं वै भवानीं च नत्वा ।
शिवं शारदां वै गुरुं च प्रणम्य ॥
वरं सौख्यदं पापपुंजः प्रणाशं ।
शुभं ह्यष्टकं चैव मातुः करोमि ॥ १ ॥

अहो वै भवानि स्वरुपा खलु त्वं ।
त्वमेवेश्वरी चाद्यशक्ति हि साक्षात् ॥
कृतामादृशे सेवके चानुकंपा ।
कथं वर्णयेऽहंतु ते ह्येव कृत्यं ॥ २ ॥

शुभे शुष्कदेशे सदा मां च धृत्वा ।
स्थले शुष्क भिन्ने मदर्थे हि शेषे ॥

यदाहं तु दुःखी तदा त्वं तथैव ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ३ ॥

रुदंतं कदाचित् त्वया मां तुष्ट्वा ।
अति प्रेमयुक्तया कृतं चारु गीतं ॥
अनेन प्रकारेण निद्रां गतोहं ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ४ ॥

सुकद्वौषधीं मत्कृते त्वं तु भुंक्षे ।
महद्दुःख पुंजं च मातर्दधासि ॥
सुखानां त्वमंबे हि त्यागं करोषि ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ५ ॥

अपूतं हि दृष्ट्वैव सद्यः पुनासि ।
कदाचिन्न मे त्वं ह्युपेक्षा करोषि ॥
सदा स्नेह युक्तासि मातर्मयि त्वं ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ६ ॥

मया रोदितं केन चिद्धेतु नाति ।
तदा लालनं वै कृतं मेसु भातः ॥
सुधृत्वा हृदी निर्मलं प्रेमफुल्ले ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ७ ॥

त्वदीयो मयि स्नेहपाशस्तथैवम् ।
जल ह्यस्ति मीनस्य मेमातृवर्ये ॥
न पश्यामि वैसूपमा मातरन्या ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ८ ॥
इदं त्वत्कृतं सुंदरं चोपकारं ।
शुभंमत्कृतेऽहं कथं विस्मरामि ॥
न शक्तोहमस्मि प्रतिकारकार्ये ।
कथं वर्णयेऽहंतु ते ह्यंब कृत्यं ॥ ९ ॥
इदं अष्टकं स्तोत्ररूपं जनन्याः ।
नरा श्रद्धयाऽहर्निशं संपठंति ॥
सुखी सर्वदा सिद्धियुक्ता भवंति ।
सदा चेश्वरः मुक्तिदः भुक्तिदः स्यात् ॥१०॥

॥ पितुस्तवन ॥

॥ अनुष्टुप ॥

गणेश्वरं नमस्कृत्य । शारदां पितरं तथा ॥
पितृ तोपकरं रम्यं । कुर्वेहं शुभमष्टकम् ॥१॥

भुजंग प्रयात्

प्रभो तात साक्षाद्धि देवाधिदेव ।
करोमि त्वनीशं शुभां सेवनांते ॥

वरं मोक्षदं मे तनुं नुर्हि दत्तं ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ १ ॥
कदा रुष्य वक्षो मया रोम कष्टम् ।
तथापि स्वकीयं मनोऽतीव हृष्टम् ॥
प्रियं वेत्सि नित्यं हि प्राणाधिकं माम् ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ २ ॥
मयाज्ञेन नूक्तं वचः वा अशुद्धं ।
सुधावत्सुमिष्टं त्वया ज्ञातमेतत् ॥
कुवाक्येन मे वै कृतो नैव क्रोधः ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ३ ॥
सुविद्या यमज्ञान नाशं सुबोधं ।
त्वया शिक्षितं मे सदाचारमेवम् ॥
सुखी येन जातोहमत्र त्वनीशं ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ४ ॥
मदर्थं सहित्वा तनौ कष्टपुंजम् ।
स्वयं दुःखमग्नः सुखं मे वृणासि ॥
सदैत्थं पितुर्मे सुखं वांच्छसि त्वं ।
अहो तात किं ते गुणं विस्मरामे ॥ ५ ॥
असंख्यांक दोषैर्युते सेवके वै ।

कर्दे को न दोषो हृदि ज्ञातरेवम् ॥
यदिच्छामि तन्मे सदा त्वं ददासि ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ६ ॥

अहोरात्र मन्यानि कार्याणि तात ।
विहाय प्रभो मत् शुभं त्वं करोषि ॥
वद त्वं ऋते त्वां पितः को हितेच्छुः ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ७ ॥

हिताकांक्षिणो वै नराः संतु चान्ये ।
न पश्यामिकं शंकरं तात तुल्यं ॥
सदा ये नमेऽनेकधा शंकृतं वै ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ८ ॥

पृथिव्यामहं तात जीवामि यावत् ।
न ते वै पदांभोज सेवां त्यजामि ॥
इदं निश्चयमेहि चित्ते करोमि ।
अहो तात किं ते गुणं विस्मरामि ॥ ९ ॥

शुभं सुंदरं स्तोत्रमेतत् पितुर्यः ।
त्रिकालं जनः सर्वदा संपठेद्धि ॥
इह प्राप्स्यति प्रत्यहं पूर्ण सिद्धि ।
जगन्नाथ नारायणस्तोषमेति ॥ १० ॥

આ પ્રમાણે શ્રવણ દરરોજ પ્રાર્થના કરી સ્નેહ વડે માબાપની સેવા કરતો હતો. આમ કરતાં કરતાં શ્રવણને સત્તર વર્ષ પૂરાં થયાં, ને અરાઢમા વર્ષની શરૂઆત થઈ. આ વખતે મુનિ અને મુનિપત્નિને પોતાના ઇષ્ટદેવનું વચન યાદ આવ્યું, જે હવે આ વર્ષમાં આપણે અંધ થઈશું. જોકે તેઓ જ્ઞાની હતાં. પણ મનમાં નેત્ર જવાની ચિંતા લાગી, અને આ વિચારથી પોતે ખિન્ન હૃદયે ને ઉદાસ ચહેરે બેઠાં હતાં, તેવામાં શ્રવણ આવ્યો. જુએ છે તો પોતાના માતાપિતાનાં હૃદય ખિન્ન થએલાં ને તેમના મુખ ઉપર ઉદાસીનતાની છાયા પડેલી જોઇ જુગલ કર જોડી, શ્રવણ નમ્રતાથી કહેવા લાગ્યો કે "હે મારા પરમ દૈવતરૂપ દેવ! આજ આપના મુખાર્વિંદ પર ઉદાસીનતા કેમ દેખાય છે? શું મારાથી કંઇ આપનો અપરાધ થયો છે કે સેવામાં ચૂક પડી છે? જો તેમ હોયતો મને અજ્ઞાની ને દીન દાસ જાણી અપરાધ ક્ષમા કરશો. આપની પ્રસન્નતા તેજ મારે રિદ્ધિસિદ્ધિ ને અષ્ટમાસિદ્ધિ છે. જો આપનું દિલ જરાપણ ઉદાસ દેખું, તો મને ઘણી હાની જ છે. જેમ ભર સમુદ્રમાં વહાણ ડુબી જાય, ને જેવું દુઃખ થાય, તેવુંજ દુઃખ મને આપની ઉદાસીનતા જોઇ થાય છે. જે મનુષ્યને ચિત્તમાં ચિંતા હોય, તેના શરીરનું માંસ ને રૂધીર સુકાઈ જાય છે, તેમ તમને દુઃખી દેખીને મારૂં શરીર ચિંતા રૂપી જડમાં જડાઇ જઇ સુકાઇ જાય છે. હું મૂર્ખ છું. આળસુ છું. મેં જરૂર કંઇક ચુક કરી હશે. કૃપા કરી આ વખતે મને અજ્ઞાની જાણી મારી થએલી ભૂલની માફી આપશો. ફરી એવી કસૂર આ સેવકના હાથથી કદિ નહિ થાય."

આમ પોતાના પુત્રને શુદ્ધ અંતઃકરણથી દીલગીર થતો જોઈ, મુનિ તેને હૃદય સાથે ચાંપી સમજાવીને કહેવા લાગ્યા કે "હે પુત્ર!

હવે તને અરાઢમું વર્ષ થયું. એટલે હવે માસ બે માસમાં અમારાં બન્નેનાં બન્ને નેત્રો નષ્ટ થશે–અમે આંધળાં થઈશું, એજ દુઃખ અમને અંતરમાં થાય છે. હવે અમને અતિ કઠોર વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે એટલે આ શરીરરૂપી ગઢને ચારે તરફથી વૃદ્ધાવસ્થારૂપી શત્રુ ઘેરી લેશે. નાના પ્રકારના રોગરૂપી યોદ્ધાઓ અમને હેરાન કરશે. તે વખતે અમારા સ્વભાવ પણ ફરી જશે. મુખમાંથી ન સહન થાય તેવાં કડવાં વચનો નીકળશે. તે કડવાં વચનરૂપી શરનો માર હે પુત્ર! તું કેમ કરીને સહન કરી શકીશ તેની અમને ચિંતા થાય છે.”

આવાં વચન સાંભળી શ્રવણ હાથ જોડી નમ્રતાથી કહેવા લાગ્યો કે “ પિતાજી! ફીકર ન કરો. જેમ તમે મારી બાલપણમાં સેવા કરી છે તેવી સેવા હું તમારી કરીશ. જેમ તમે મારા બાલપણના તુચ્છ બોલો સહન કર્યા છે, તેમ હું પણ તમારા વૃદ્ધપણાના કડવા બોલો સહન કરીશ. જેમ મેં બાલપણામાં હઠ કરી ઋતુ વિનાનાં ફળો ને સમય વિનાની ચીજો માગી હતી. અને તે તમે પુરી પાડી મારૂં મન રાજી રાખ્યું હતું, તેમ હું પણ આ વખતે માગશો તે ચીજ બનતા પ્રયાસે મેળવી, તમારી પાસે રજુ કરીશ. હે તાત! તમે તમારા મનમાં જરા પણ ચિંતા કરશો નહિ. જેમ તમે મારી બાલ્યાવસ્થાની હરકતો હરી છે, તેમ હું તમારી વૃદ્ધાવસ્થામાં થતી હરકતો દૂર કરીશ. જેમ તમે મને સંતોષ્યો છે, તેમ હું તમને સંતોષીશ. જેમ તમે મારી મલીનતા સૂગ લાવ્યા વગર દૂર કરી છે, તેમ હું પણ તમારા શરીરનો મળ કંટાળ્યા વિના પ્રીતિપૂર્વક દૂર કરીશ. કદાપિ તમારા મુખથી ખરાબ વચનો કે ગાળો નીકળશે, તેને હું આશિર્વાદ રૂપ માની પ્રેમ સહિત આપનાં વચનનું પાલન કરીશ. હે તાત! તમે તમારા અંતરની ચિંતાનો ત્યાગ કરો.

વાદળાંથી સૂર્ય કદાપિ ઢંકાઇ ગયો હોય તોપણ સૂર્યની આસપાસનો પ્રકાશ કદી ઘટતો નથી. સુવર્ણ કાદવમાં લપટાઇ ગયું હોય, તોપણ તેની કિંમતમાં જરા પણ ફેર પડતો નથી. જેમ દેહની છાયા કદી દેહથી છૂટી દેખાય છે, પણ દેહથી છૂટી પડી શકતી નથી, તેમ કદિ ક્રોધ વડે વિપરીત વચનો કહેવાથી માતાપિતાના અંતરનો સ્નેહ કદિ ઘટતો નથી. કુદરતે હીરાનો જે સ્વાભાવિક રંગ બનાવ્યો છે, તેના પર કોઇ બીજો રંગ ચઢાવવા ધારે તો તે જેમ ચઢી શકતો નથી, તેમ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં પણ ઇશ્વરદત્ત પ્રેમને બીજો રંગ ચઢી શકતો નથી. મતલબ કે તે ઓછો થતો નથી. કસુંબાનો રંગ થોડા દિનમાં ઉતરી જાય છે, તેમ સ્વાર્થનો સંબંધ રાખનાર સ્નેહીઓનો પ્રેમ લાંબી મુદત ટકી શકતો નથી. તે ક્રમે ક્રમે કમતિ થઇ જાય છે. પણ માબાપનો પ્રેમ તો કદી કમતી થતોજ નથી. કેમકે તે પાકો ને સાચો રંગ છે. બીજાઓનો રંગ કસુંબાના રંગ જેવો છે, માબાપના સ્નેહનો રંગ હીરાના રંગ જેવો છે. તે હમેશાં એકજ રંગે રહે છે. તેમાં ન્યૂનતા કરવા બ્રહ્મા પણ સમર્થ નથી. કદાપિ માબાપ ક્રોધ કરી પુત્રનો ત્યાગ કરે તોપણ માબાપના અંતરમાંથી તેનો અને તેના વિષેનો ખેદ દૂર થઇ શકતો નથી. કદાપિ માબાપ પુત્રને ક્રોધથી શ્રાપ આપે છે, તો તે શ્રાપ પણ પુત્રને આશિર્વાદરૂપ ફળે છે. ગમે તેવાં કારણથી ક્રોધ વડે માબાપ કદાપિ પુત્રને કઠોર શબ્દો કહે છે, તોપણ તેના અંતરનો ઊંડો સ્નેહ કદિ પ્રેમને તજતો નથી. બીજાં બધાં સગાં સ્નેહીઓનો સ્નેહ સ્વાર્થમય હોય છે. પણ નિ:સ્વાર્થી સ્નેહ તો એક માતાપિતાનોજ છે. આવાં નિર્મળ ને શુદ્ધ પ્રેમમય માતાપિતાનો તિરસ્કાર કરનારને ત્રણે લોકમાં કોઇ બચાવનાર નથી, એમ સિદ્ધ થાય છે. જેમ કોઈ પાસેથી ધન ઉધાર લીધું હોય, તો

તે દેવાને જે મનમાં વિચાર પણ ન કરે, તથા જેમ કોઇનું ઘરેણું સમયપર પહેરવા માગી લીધું હોય, તે પાછું દેવાનું મનમાં પણ ન લાવે, તેમ માતાપિતાએ ઘણો ઘણો ઉપકાર કરી આ અમુલ્ય દેહ દીધો છે, તેનો ઉપકાર જે માણસ ભૂલી જાય, તો તે સદા ઋણી રહે છે. તે મુઆ પછી અધોગતિ પામે છે. પશુ પક્ષિને બુદ્ધિ નહિ હોવાથી તે માતાપિતાનો ઉપકાર જાણી શકતાં નથી, પણ પરમકૃપાલુ પરમેશ્વરે જેને બુદ્ધિ આપી છે તેવા મનુષ્યો જો માબાપનો ઉપકાર ભુલી જાય, તો તે સહસ્ત્રવાર ધિઃકારને પાત્ર છે.

હે પિતાજી ! આપના ઉપર સંકટરૂપી શત્રુનું દળ જે વખતે ચઢી આવશે, તે વખતે હું દ્દઢ રહી, ક્ષત્રિધર્મ ધારી અડગ રહી તેની સાથે લઢીશ. જેમ શૂરવીર પુરૂષો રણમાં ચઢે છે, ત્યારે બીજી બધી આશાઓ તજી દઇ, શસ્ત્રના ઘા અને દુષ્મનોના કડવા શબ્દો સહન કરે છે, પુત્ર–પ્રિયાનો પ્રેમ તજી દઇ યુદ્ધમાં કેવળ પરમ યશ પામવાને અને પરમેશ્વરનો નિર્મળ સ્નેહ મેળવવાને ચાહના રાખે છે, તેમ હું તમામ વાસનાને તજી દઈ એક આપના ચરણમાંજ પ્રેમ રાખી, અનેક પ્રકારના શાસ્ત્રમાંથી શોધન કરી કરીને માતાપિતાના મહાત્મ્ય બતાવનારાં વચનો રૂપી બાણોનો સંગ્રહ કરીશ. મારાં હાડને હથિઆર બનાવી, શરીરના ચામડાની ઢાલ કરી, માતાપિતાનો પ્રેમ ને તેની સેવાનો નેમ એ બે મનોરથ રૂપી રથના પૈડાં બનાવી, ધીરતા રાખીને શૂરાતન વડે આપના સંકટરૂપી શત્રુની સાથે લડવાનું મેં દ્દઢ મન કર્યું છે. હે પિતાજી! ચિંતા તજી દો. મેં વસિષ્ટ ગુરૂ પાસેથી ઉપદેશ લીધો છે કે—

"કદિ સાધુસેવા સજે, ગૌ બ્રાહ્મણપ્રતિપાલ:
પણ પાલે ન માબાપને, તો તે પાપી ભૂપાલ."

ભલે રાજા હો, કે રંક હો. ગરીબ હો, કે શ્રીમંત હો, ઉંચ હો કે નીચ હો; પણ માબાપની સેવા વિનાનું તપ કલ્યાણ કરી શકતું નથી-જપ કલ્યાણ કરી શકતો નથી-ધ્યાન કલ્યાણ કરી શકતું નથી-ઇશ્વરભક્તિ પણ શ્રેય કરી શકતી નથી-જ્ઞાન પણ આવી શકતું નથી- કૃચ્છ અતિકૃચ્છ અને ચાંદ્રાયણ જેવાં વ્રતો પણ માબાપની સેવા વિના ફળ આપી શકતાં નથી. જો આ દુનિયામાં ખરેખરૂં સાર્થક કરવું હોય, ધર્મ અર્થ કામ અને મોક્ષની પ્રાપ્તિ કરવી હોય, તો મન કર્મ અને વચનથી માબાપની સેવા કરવી. જે રાજાના રાજ્યમાં પ્રજાને કોઇપણ પ્રકારની ભીતિ નથી, જે રાજા પોતે ન્યાયી ને અદલ ઇન્સાફ આપનારો છે, જે રાજા હમેશાં સત્ય ભાષણ કરનારો છે, જે રાજા નીતિ વડે કરી રાજ્યને સારી રીતે ચલાવે છે, જે રાજા બાહુમાં બળવાળો છે, જે રાજા નેકી ટેકી ને શ્રદ્ધાવાળો છે, તથાપિ જો તે માબાપની સેવા કરતો ન હોય તો એના જેવો પાપી કોઇ નથી. ભલે તે હઠિલા શત્રુને હરાવતો હોય, ભલે તે સર્વ સ્થળે જય મેળવતો હોય, પણ જો તે માબાપનું દુઃખ મટાડવા શક્તિમાન થતો નથી તો તેની સદા હારજ છે. તે શત્રુના સૈન્યને મારનારો શૂર ભલે ગણાતો હોય, પણ જો તે માતાપિતાનાં દુઃખ મટાડતો નથી, તો તેની સદા હારજ છે. તે શૂરવીર છતાં સદા કાયર છે. ગાયો અને બ્રાહ્મણોના બચાવને વાસ્તે ભલે પોતે પ્રાણ આપતો હોય, પણ માબાપનું પાલન ન કરે તો તે સ્વર્ગે જઇ શકતો નથી. પોતે મરદ છતાં માબાપનું દુઃખ ન મટાડી શકે તો તે સદા નામર્દજ છે. જેણે માતાપિતાનો આશિર્વાદ નથી લીધો, તેનો જન્મારો વૃથા છે. તેને પુરૂષ નહિ પણ પશુ જાણવો. કદી જગતમાં કોટી ઉપાયે કરી નાના પ્રકારની નામના કાઢી, પણ જો માતાપિતાને સુખ ન દીધું, તો તે સદા નિંદાને પાત્રજ છે.

હે પિતાજી! તમે મનમાંથી અફસોસને તજી શાંતિ રાખો. જ્યાં સૂધી આ દેહમાં પ્રાણ છે, ત્યાં સૂધી આપના હુકમાનુસાર સદાકાળ હાથ જોડી આપની સેવામાં હાજર છું. મારૂં સર્વસ્વ આપના ચરણમાં અર્પણ છે. તમે મારા વિષે વિશ્વાસ રાખો."

આ પ્રમાણે શ્રવણના શ્રદ્ધા સહિત વચનો સાંભળી, મુનિ તથા મુનિપત્નિ ઘણોજ આનંદ પામ્યાં, અને કહ્યું કે "હે પુત્ર! તારી મતિને ધન્ય છે. ઇશ્વર તને સદા દીર્ઘાયુ કરો."

શ્રવણને અઢારમા વર્ષની શરૂઆત થઇ ચૂકી હતી, એટલે ક્રમે ક્રમે મુનિ અને મુનિપત્નિના નેત્રોમાં પીડા ઉત્પન્ન થવા લાગી. અને થોડી મુદતમાં તેઓ નેત્રરહિત થયાં. જેમ જેમ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતી ગઈ, તેમ તેમ શરીર શિથિલ થવા લાગ્યું. મુખમાંથી એક પછી એક એમ દાંતની પંક્તિ પડવા લાગી. જેમ પર્વતમાંથી જળ ઝમીઝમીને પાસેનું તળાવ ભરાય છે તેમ દેહરૂપી પર્વતમાંથી આયુષ્ય રૂપી જળ ઝમીઝમીને વૃદ્ધપણરૂપી સરોવર ભરાવા લાગ્યું. જેમ જેમ માતાપિતાના શરીરમાં નબળાઇ વધવા લાગી, તેમ તેમ તેમના મૂર્તિમાન શ્રવણના શરીરમાં સબળતા આવી વાસ કરવા લાગી. જેમ માનસરોવર પર્વતના મૂળનું સિંચન કરી વનસ્પતિને પ્રફુલ્લિત કરે છે અને પોતે ખાલી થાય છે તેમ માબાપ પોતાનું આયુષ્ય પુત્રને અર્પી પોતે આયુષ્યહિણ બને છે. બંને વૃદ્ધ દંપતિના શરીરમાં દિન પ્રતિદિન વૃદ્ધાવસ્થાથી અશક્તિ વધવા લાગી. સ્વતંત્રતાથી હરીફરી કે બેશીઉઠી શકવાની જરા પણ શક્તિ રહી નહી. જઠરાગ્નિ મંદ થયો. અન્નનું પાચન પૂરૂં નહિ થવાથી અરૂચી વધવા લાગી, ને ઘડી ઘડીમાં શરીર અશુદ્ધ થવા લાગ્યું.

આવા વખતે જરા પણ ગ્લાનિ નહિ પામતાં શ્રવણ પોતાના

માબાપનાં શરીરને શુદ્ધ કરતો હતો, ને તેના ધર્મપત્નિ સાવિત્રી પણ મન કર્મ ને વચન વડે સાસુની–સેવા કરતી હતી. સેવામાં કદિ કસુર કરતી નહિ. હમેશાં એમાંથી એક પાસેનાં પાસે રહેતાં હતાં, જરાપણ દૂર જતાં નહિ.

એક દિવસ શ્રવણ જંગલ ગયેલો હતો. તે વખતે સાવિત્રીએ વિચાર કર્યો કે "આજે ઘરનાં બધાં જળપાત્ર જળ વિના ખાલી પડયાં છે, ને બિલકુલ જળ નથી. કદાપિ સાસુજી જળ માંગશે તો કયાંથી આપીશ? માટે હમણાં સાસુ ને સસરાજી જરા નિદ્રામાં છે. ત્યાં સુધીમાં હું જલદી જઈ આ પાસેના ઝરામાંથી જળ લઈ આવું." આમ વિચાર કરી, સાવિત્રી જળપાત્ર લઈ જળ ભરવા જળાશય પર ગઈ. પાંચ મિનિટ થઇ ત્યાં તેની સાસુ જાગી. જરા શરીર પણ અશુચી થયુ હતું. તેથી પોતાના પુત્રને તથા પુત્રવધુને સાદ કરી બોલાવવા લાગી. પણ તે વખતે કોઇ પાસે હતું નહિ, એટલે ઉત્તર મળ્યો નહિ. તેણે જાણ્યું કે કોઈ હાજર નથી. આથી તે મનમાં ખેદ લાવી બોલવા લાગી કે "પુત્ર તથા વહુ અમને મૂકીને કોણ જાણે કયાં જતાં રહ્યાં? હવે અમારો તેમને શું કાંઇ ખપ રહ્યો છે?"

શ્રવણની માતા મનમાં આવો શોચ કરે છે ત્યાં સાવિત્રી આવી પહોંચી, ને કહેવા લાગી કે "હું ઘરમાં જળ નહિ હોવાથી આપને નિદ્રામાં જાણી આ પાસેના જળાશય પર જળ લેવા ગઇ હતી, તો આપ ક્ષમા કરો. જે કાંઇ આજ્ઞા હોય તે ફરમાવો." સાસુ કહેવા લાગી કે "તું કોની આજ્ઞાથી પાણી ભરવા ગઇ? સેવા કરવાની તારી શ્રદ્ધાજ નથી. અમારૂં કહ્યું માનતી નથી. જો તારી માને જરા દુઃખ થાય તો પીયરમાં જવાને તું કેવી તુરત તૈયાર થઈ જાય! જે જેના તે તેના. દીકરા વિના સહુ ફીકું છે. પુત્ર વિના

માબાપની સેવા કોણ કરી શકે? ચાકર હોય કે દત્તક લીધેલો પુત્ર હોય તેનાથી કદાપિ શ્રદ્ધા સહીત સેવા થઇ શકતી નથી. જેના મનમાં સ્નેહ હોતો નથી, તેનાથી વૃદ્ધોની સેવા થઇ શકતી નથી. પુત્ર વિના બીજાનો સ્નેહ સ્વાર્થી છે. સ્વાભાવિક સ્નેહ તો ઔરસ પુત્રનોજ હોય છે. જેમ ચિત્રેલો રવિ પ્રકાશ આપતો નથી, તેમ કૃતિમ પ્રેમથી આશા પૂર્ણ થતી નથી. લોઢું લોઢાને તપાવે છે, પણ પોતાથી અલગ જાતીના કાષ્ટને પોતાની સમીપ હોવા છતાં તપાવી શકતું નથી. પુત્રના જેવું કોઇને દાઝે નહિ." આ પ્રમાણે કેટલાંક કડવાં વચન બોલી તેણે ક્રોધાવેશમાં પુત્રવધુને ગાળો પણ દીધી. આથી પુત્રવધુને બહુ ખોટું લાગ્યું. આટલી આટલી વેઠ કરતાં છતાં કઠોર શબ્દો સાંભળવા પડે છે, માટે અત્રે રહેવુંજ ઉચિત નથી, એવી મનમાં રીસ આણી તે એક તરફ રીસાઇ બેઠી.

જેમ આગિયાકાચ પર તાપ પડવાથી નીચે રાખેલી કોમળ વસ્તુ બળી જાય છે તેમ સાસુનો તાપ સાવિત્રી ઉપર પડવાથી, અંતરમાં તેની સંતાઇ રહેલી શાંતિ ને ધીરજરૂપી કોમળતા બળી ગઇ જતી રહી. તે કહેવા લાગી કે "મને વિના અપરાધ શું કરવા વઢો છો? આમાં કંઇ મારો અપરાધ નથી. છતાં કારણ જાણ્યા વિના મારે માથે આટલી બધી રીસ શું કરવા કરો છો? તમારા ઘરમાં રહીને મેં શું સુખ જોયું છે? સુખેથી કોઇ દિવસ અનાજ પણ ખાધું નથી. રાત દિવસ તમારી વેઠ કરૂં છું, છતાં કંઇને કંઈ વાંક કાઢી રાત દિન કડવાં વચન સંભળાવો છો. હું તમારી આટલી આટલી સેવા બજાવું છું, તેનો પાડ માનવો તો બાજુ પર રહ્યો, પણ ઉલટાં ઉપકારને બદલે અપકાર ગણી મારો તિરસ્કાર કરો છો, તો હું કાંઇ ભુખી દુખી નથી. મારા માવિત્રને ઘેર અનાજ ઘણું છે. આમ

તમે દુઃખ દેશો તો હું મારે પિયર જઇ રહીશ, ને આ તમારા ઘરને તજી દઇશ. મારૂં કામ તમને ન ગમ્યું તો કંઇ નહિ." આમ બોલી તે નિજ મંદીરથી બહાર જઇ બેઠી.

મુનિપત્નિ પોતાના પતિ પ્રત્યે બોલવા લાગી કે "હે નાથ! આ વૃદ્ધાવસ્થામાં અનેક દુઃખો છે, આવી અવસ્થામાં જીવવું તે પણ ધિક્કારવા જેવું છે. પતિને સ્ત્રી અને સ્ત્રીને પતિ એજ એક સુખ-દુઃખની વાત કરવાનું વિશ્રામ ઠામ છે. દંપતી જેવું સગપણ બીજું કોઇ નથી. દીકરાઓ સહુ સ્વાર્થી છે. જો તમારી પહેલાં મારૂં મોત થાય તો તો ઠીક. પણ જો હું પાછળ રહીશ તો હે નાથ! મારી શું ગતિ થશે! કદિ પુત્ર વધુવશ થઇ જાય તો આપણે ઘણીજ પીડા વેઠવી પડશે. કેમકે સુતવધુ કાંઇ સહન કરે તેવી સહનશીલ નથી. તેની તો બુદ્ધિ પીયર જઇ રહેવાની છે. માટે હે સ્વામિ! કોણ જાણે હજુ આપણું જીવન કેટલું લાંબું હશે? હવે તો પ્રભુ દોરી ખેંચી લે તો સારૂં!"

આ પ્રમાણે વૃદ્ધ પત્નિનું વચન સાંભળી મુનિ કોમળ વાણીથી શાંતિ ઉપજે તેવાં વચનો વડે તેને સમજાવવા લાગ્યા કે "હે પ્રિયા! વૃદ્ધ પુરૂષોએ કઇ રીતે રહેવાથી સુખે દિવસો નિર્ગમન થઇ શકે છે, તે વિષે વૃદ્ધ મુનિજનો શાસ્ત્રમાં લખી ગયા છે. વૃદ્ધ પુરૂષો કહે છે કે, જ્યારે વૃદ્ધપણું આવે, ત્યારે દીકરાને પોતાનું ઘરબાર સોંપી, મન કર્મ ને વચનથી વિરક્ત થઈ, સન્યાસ લેવો. અથવા અરણ્યમાં વસી તપ કરવું. શરીરના સુખને ત્યાગી, સ્વર્ગના સુખનું સાધન કરવું. પણ જો શરીર અશક્ત હોય તો દીકરાને ઘેર રહી, સ્નેહ રહિત થઇ સન્યાસી જેવું થઇ રહેવું. જેમ સન્યાસી કોઇને ઘેર ભિક્ષા કરવા જાય છે, ત્યાં ભોજન કરે

છે, પણ ખારૂં-ખાટું, મોળું-તીખું જેવું હોય તેવું પ્રાસન કરે છે, કંઇ સારૂં નરસું માનતા નથી, કોઈ વખત પ્રભાતે તો કોઇ વખત મધ્યાને, તો કદિ સાયંકાળે જેવો આહાર જે વખતે મળે તેવા એક વખત પ્રાશન કરી લે છે, સદા ધીરજથી દૃઢ મન રાખી સંતોષ માને છે, કોઇ ઘર આચારવાળું તો કોઇ આચારથી રહિત, જેવું હોય તેવું નિભાવી લે છે, બહાર કોઈને વાત પણ કરતા નથી, કોઇ વસ્તુ બગડવાથી કે સુધરવાથી હર્ષ શોક કરતા નથી, લાભ હાનિ માનતા નથી. સદા શાન્ત સ્વભાવથી અને મધુર વચનથી સુખ દેવા વાળી શિક્ષા આપે છે, પોતાના દેહને જે દુઃખ પડે છે, તે ધીરજથી સહન કરે છે, તેમ ઘરમાં વસતા વૃદ્ધોએ રહેવું. હે ધર્મ સહચારિણી સ્ત્રી! બુઢ્ઢાપણું તપ લાયક છે, એમ ડાહ્યા પુરૂષો સમજે છે. વખતે કોઇ કડવાં વચનો કહે, વખતે કોઇ અપમાન પણ કરે તોપણ સન્યાસી જેમ સુખ દુઃખ માનતા નથી, એમ આપણે રહેવું જોઇએ.

આમ સમજીને પુત્રને ઘેર રહે તોજ બધાં સુખ મળે છે. નહિ તો બધાં સુખ નાશ પામે છે. સદા સન્યાસીની સમાન મમતાને તજીને પુત્ર-ધન-ગૃહ આપણું કાંઇ નથી એમ મનમાં જાણવું. આ પ્રમાણે અનુભવથી અનુભવી ઋષિ મુનિઓ શાસ્ત્રમાં સાચો સિદ્ધાંત લખી ગયા છે. તે પ્રમાણે વર્ત્તવાથીજ સુખની પ્રાપ્તિ થાય છે."

આ પ્રમાણે મુનિરાજે સતીને સમજાવી તેના અંતરની આગ બુઝાવી એટલામાં શ્રવણ નાના પ્રકારનાં વનફળ લઇને આવ્યો. પોતાની સ્ત્રીને ઉદાસ બેઠેલી દેખી, કહેવા લાગ્યો કે "હે પ્રિયા! આજ તમે પર્ણકુટીની બહાર ઉદાસ ચ્હેરે કેમ બેઠાં છો! માતાપિતા તો કુશળ છે ને! આજ તમને શું દુઃખ થયું કે તમારો ચ્હેરો ઉદાસ જોવામાં આવે છે?"

સાવિત્રી બનેલું વૃત્તાંત સંભળાવી સજળ નેત્રે પતિને પગે પડી કહેવા લાગી કે " મારી સાથે તમારાં માતાજી આજ ઘણાંજ લડયાં. ને મને ન બોલવાનાં વચન બોલી ગાળો આપી. મારો કાંઈ પણ અપરાધ નથી. હું જળ ભરવા ગઇ હતી, ને આવી એટલે મારા પર ગુસ્સો કરી વઢવા લાગ્યાં. માટે હે નાથ ! તમે તમારા પતિધર્મને ધ્યાનમાં લઇ આ મારી વિનતી સ્વીકારો. હું તમારી મન કર્મ વચનથી સદા દાસી છું. પણ આ સાસુ મને કદી સુખમાં રહેવા દેશે નહિ. માટે તમને એક ઉપાય બતાવું તેમ કરો. મારા પિતાજી બહુ ધનાઢ્ય છે. વળી. તેને ઘેર ઘણા ગાયો ભેંસો ને ચાકર નોકર પણ ઘણા છે. વળી તે ખેતીનું કામ કરે છે. ત્યાં જઇશું તો સ્વર્ગના જેવું સુખ મળશે. નાના પ્રકારનાં પંચામૃત આરોગવાને મળશે. સ્નેહ સહીત હું પણ તમારી સેવા કરીશ. પહેરવાને વાસ્તે કીમતી આભુષણો મળશે. ખાવાને માટે તૃપ્તિપર્યંત સ્વાદવાળા પદાર્થો મળશે. વળી ચઢવાને વાસ્તે નાના પ્રકારનાં વાહન સુખાસન પણ ત્યાં મળશે, ને તમને અત્યંત સુખ થશે. તમે પાણી માગશો તો હું દુધ લાવી આપીશ. તમારા ચરણ દુધે ધોવાશે, અને હજારો અનુચરો તમારી સેવામાં હાજર રહેશે. અહીં તો ફક્ત ફુલફળાદિ ખાઈ, વલ્કલ પહેરી જંગલમાં પશુની માફક રહેવું, તે ઘણુંજ કઠણ ને દુઃખદાઈ છે. માટે હે નાથ ! મારૂં વચન માનો તો આપણી આ દુઃખમય જીંદગી સુખમય બનશે. માટે મારા પિતાને ઘેર પધારો. ત્યાં તમને અપૂર્વ સુખની પ્રાપ્તિ થશે. એજ તમારી આ દીન દાસીની વિનંતી છે."

આ સાંભળી શ્રવણે કહ્યું કે "હે સાધ્વી ! એક પુરાતની વાત સાંભળ. પોતાને ઘેરથી નીકળી એક જમાઇ પોતાના સસરાને ઘેર ગયો

હતો. સસરાને ઘેર તેને સર્વ પ્રકારનું સુખ મળવા લાગ્યું. ત્યાં તેને ખાનપાન સન્માન ઘણું સારૂં મળ્યું. તેને તેથી ઠીક લાગ્યું, ને તેણે વધારે વખત રહેવાનો ઠરાવ કર્યો.

ગામથી દૂર એક શિવાલય હતું. ત્યાં પોતે તથા પોતાનો સસરો દરરોજ દર્શન કરવા જતા. એક દિવસ જમાઇએ દેવળના થાંભલા ઉપર શ્લોકનું એક ચરણ લખ્યું કે—**श्वसुर गृह निवासः स्वर्ग तुल्यो नराणाम् ।** (સાસરામાં વસવું એ મનુષ્યોને સ્વર્ગ તુલ્ય છે) બીજે દિવસે સસરાએ લખ્યું કે—**यदि वसति विवेकी पंच वा षड्दिनानि ॥** (પણ જો વિવેકી થઇને પાંચ કે છ દિવસ રહે તો જ.) ત્રીજે દિવસે જમાઇએ લખ્યું કે-**दधिमधुघृतलोभान्मासमकं वसेद्यः** (જે દહિં-મધ-ઘીની લાલચે એક માસ રહે,) ચોથે દિવસે સસરાએ લખ્યું કે—**स भवति खरतुल्यो मानवो मानहीनः ॥** (તે માણસ ગધેડાની માફક માનહીન થાય છે.)

આ પ્રમાણે બનાવ બન્યો, માટે શ્વસુર પક્ષમાં ઝાઝા દિન રહી શકાય નહિ. વળી આપણે ત્યાં જઇએ, ત્યારે મારાં માતાપિતાનું શું કરવું ?"

એટલે સાવિત્રી શિર નમાવી કહેવા લાગી કે, "હે નાથ ! મારાં વચન તમને કઠોર તો લાગશે, ને રૂચશે પણ નહિ, તોપણ આપ ક્ષમા કરો તો હું એક યુક્તિ બતાવું. જ્યારે માતાપિતા અતિ વૃદ્ધ થાય, ત્યારે સુપુત્ર હોય તો તેને સ્વર્ગમાં પહોંચાડે છે. અગર કાશીમાં જઈ કરવત મૂકાવી ગંગામાં પધરાવે છે. કેમકે ગંગા તથા સરયૂમાં ગતિ કરનારને મોક્ષ મળે છે, એમ વેદ પુરાણ સાક્ષી આપે છે. માટે હે નાથ ! પિતૃઓને તારી સુપુત્રતાનો જશ

મેળવો. માબાપનું જે કલ્યાણ કરે છે, એથી લાયક પુત્ર બીજો કોણ! હું પણ મન કર્મ વચનથી તમારી દાસી છું. સાસુજીને હું શિરપર ઉપાડી લઇશ. તમારા પિતાજીને તમે ઉપાડી લેજો. એ વાત મને તો ઘણીજ શ્રેષ્ઠ ને શ્રેયસ્કર લાગે છે. મારી વૃદ્ધ સાસુએ આજ દિન સૂધી મારાપર ઘણું હેત રાખ્યું છે, માટે મારાથી બની શકે તેટલું તેનું કલ્યાણ કરી બદલો વાળવો એ મારો ધર્મ છે. વળી મને સાસુ જેવું કોઇ વહાલું નથી, માટે તેને સ્વર્ગ પહોંચાડી આનંદ માનું એજ મારાં અહો ભાગ્ય ગણાય. પછી હું ને તમે મળી નાના પ્રકારનાં વ્રત-જપ-તપ-નિયમ-દાન કરશું. આ માતાપિતાનો નિકાલ થાય તો પછી પ્રભુનું ધ્યાન પણ સારી રીતે ધરી શકાય. જ્યાં સુધી ટપકાને દેવા વાળાં માવિત્ર ઘરમાં હોય છે, ત્યાં સુધી તમામ પ્રકારનું સ્વતંત્ર સુખ સ્ત્રી-પુરૂષોને મળતું નથી. વાદળાંથી જ્યાંસૂધી સૂર્યચંદ્ર ઢંકાએલા હોય છે, ત્યાં સુધી પૂરો પ્રકાશ તેનાથી આપી શકાતો નથી. જ્યાં સૂધી સ્વાદિષ્ટ અનાજ પર ફોતરાં ઢાંકેલાં હોય છે તે દૂર થતાં નથી, ત્યાં સૂધી તેના સ્વાદની ખબર પડતી નથી. દાડમ ઉપરની છાલ જ્યાં સૂધી દૂર થઇ નથી, ત્યાં સૂધી તેના સ્વાદની રસિકતા દેખાતી નથી. તેમ જ્યાં સુધી વૃદ્ધો ઘરમાં હોય છે, ત્યાં સુધી નવલ વરવધુને ખરે ખરા સંસારી સુખનો લ્હાવો મળી શકતો નથી."

આવાં સાવિત્રીનાં વચન સાંભળી જેમ પર્વતપર વીજલી પડવાથી તેના શિખરો ખરખરી જાય છે, તેમ શ્રાવણના મનપર સાવિત્રીનાં વચનરૂપી વીજલી પડવાથી અંતઃકરણ એકદમ ક્રોધથી તપાયમાન થઇ ગયું. તો પણ ધીરજ ધરી ક્રોધને દબાવી જ્ઞાનવડે વિચાર કરી, જેમ શૈલના મોટા મોટા પડતા પથરાઓને પૃથ્વિ ધીરજથી

સહન કરે છે, જેમ આગ બળતી હોય તેમાં ઠંડુ જળ છાંટે, તેમ ગુસ્સાને સમાવી મીઠાં વચનથી શ્રવણ કહેવા લાગ્યો કે "હે સાધ્વી સ્ત્રી! આ મનુષ્ય શરીર શું કરવા મળ્યું છે, તેનો તું વિચાર કરીશ તો જણાશે કે મુક્તિ મેળવવાને માટેજ આ શરીર મળ્યું છે, પણ વિષય સુખ સેવવા માટે નહિ. જેમ વૈસ્ય લોકો પોતાનો દેશ છોડી પરદેશમાં ઘણા કાળ સુધી નિવાસ કરે છે, ત્યાં તેને અનેક પ્રકારનાં સુખ હોય તો પણ ત્યાંની આશા તજી લક્ષ્મિ મેળવવા તેઓ પરિશ્રમ કરે છે અને પછી પોતાના દેશમાં આવી સુખથી વસી મન ગમતા વૈભવ તે ભોગવે છે, તેમ આપણે અહિં પ્રવાસે આવ્યાં છીએ. આપણે આપણા શીવલોક માટે કંઈ સારી કમાઇ કરી આપણા દેશમાં–શીવલોકમાં પાછો અલભ્ય લાભ મેળવી જવાનું છે, માટે હે સતી! સાસુ સસરાની સેવા કરી તું સતી બન, અને માબાપની સેવા કરી હું સુપુત્ર બનું. પછી આપણે શીવલોકમાં જઇએ. હે પ્રિયા! જેમ વાંદરાની ડોકમાં મણિનો હાર હોય અને તે જરાવારમાં ફેંકાવી દે છે. જેમ કદળીફળને તજી કાગડો લીમડાનાં કડવાં ફળ ખાય છે, જેમ જેની જીભ રસને વશ થએલી હોય છે તે પોતાનું નાક કપાવીને પણ ગોળ ખાય છે, તેમ મૂર્ખ માણસ શરીરના સુખને માટે મહાન્ જે આત્મસુખ તેને ગુમાવી દે છે. જુઓ પિતાશ્રીનું એક વચન પાળવાની ખાતર રામચંદ્ર જેવા દેવી પુરૂષો પણ રાજ્યાદિ તજી દઈ વનમાં જઈ રહ્યા. માટે આ દુનિઆમાં જે સતી સ્ત્રી, શૂરવીર પુરૂષ ને સંતજનો રહે છે, તેમાં સતી બળીને, શૂરવીર મરીને, ને સંત પુરૂષો સુખનો ત્યાગ કરીને, એક અવિચળ સુખની ઇચ્છા રાખે છે. ભલે પગે ચાલીને બધાં તીર્થો કરે, અર્થ સહીત વેદનો વિચાર કરે, ગુરૂજનનું પૂજન કરે, બીજાઓનાં દુઃખ દૂર કરે, પણ જેમ રોગી માણસ દવા ખાય ને કરી પાળે નહિ,

તેનો રોગ મટતો નથી, તેમ જો માતાપિતાના ચરણમાં પ્રેમ ન રાખે તો એ બધું વૃથા જાય છે. જેણે આ જગતમાં અમૂલ્ય દેહ આપ્યો છે તેના ગુણ જે જાણતો નથી, એના જેવો બીજો અધર્મી ને કૃતઘ્નિ કોણ! વળી ભગવાનને પણ એવા ભક્તો પ્રિય નથી, ને તેની સાચી ભક્તિ હોય તો પણ તે સ્વીકારતા નથી. જેમ દીવાનો વિનાશ કરનાર પવન છે, તેમ પિતૃનો દ્રોહ કરવો તે બધા સુકૃતનો નાશ કરવા વાળો છે. જેણે માતાપિતાની ભક્તિ ન કરી અને પ્રભુની સેવા કરી, તે ન કર્યા બરાબર છે. જેણે માબાપની પીડા હરી નહિ, ને પારકી પીડા હરી, તે ન હર્યા બરાબર છે. જેણે માતાપિતાનાં વચન ન પાળ્યાં અને વેદનાં વચન પાળ્યાં તે ન પાળ્યાં બરાબર છે. જો માતાપિતાના પદમાં પ્રીતિ ન રાખી, ને પ્રભુના ચરણમાં પ્રીતિ રાખી, તો તે પણ ન રાખ્યા બરાબર છે. વરસાદના બિંદુ ગણી શકાય છે, દરિયાના જળનું માપ થઇ શકે છે, પૃથ્વિના રજકણો ગણી શકાય છે, પણ માતાપિતાના એક ઘડીના ગુણની ગણતરીનો પાર પામી શકાતો નથી. ભલે બુદ્ધિમાન હોય, બળવાન હોય, બધાં શાસ્ત્ર જાણતો હોય, પણ જો માબાપના ગુણને ન જાણે તો તેને નઠારી બુદ્ધિવાળો જાણવો. ગંગાજી આદિ પવિત્ર કરનાર નદીઓ પણ મનમાં એમ જાણે છે કે, જો કોઇ પિતૃભક્ત મનુષ્ય મારા જળમાં પગ ધરે તો મારાં પાપ દૂર જતાં રહે, ને હું પવિત્ર થાઉં. પિતૃભક્તિ કરનાર પુરૂષના પગની રજ પૃથ્વિને પણ પવિત્ર કરે છે. અને તેથીજ પૃથ્વિને ઉત્તમ જાણી શેષનાગ શિરપર ધારણ કરી રહ્યા છે."

આ પ્રમાણે શ્રવણે પોતાની સ્ત્રી પ્રત્યે કેટલાંક ઉપદેશના વચનો કહી

તેને શાંત કરી. પણ સ્ત્રી હઠ–રાજ હઠ ને બાળહઠ કવચિતજ છૂટે છે. જેમ કાળી કામળીને બીજો રંગ લાગતો નથી, પથ્થરપર પડેલું પાણી તુરતમાં સુકાઇ જાય છે, અને જેમ તપેલા વાસણમાં નાંખેલું પાણીનું બિંદુ તરત ઉડી જાય છે અને અંદર ઠરતું નથી તેમ સાવિત્રીના તપેલા અંતઃકરણમાં શ્રવણના ઉપદેશક વચનો જળ બિંદુની માફક ઊડી ગયાં ને તેથી કંઇ અસર થઇ નહિ. સાવિત્રીને શ્રવણનું કહેવું ગમ્યું નહિ.

પ્રકરણ ૩ જું

विनये वंश परिक्षा, शूर परिक्षा रणांगणे भवति ।
आपद् मित्र परीक्षा, स्त्री परिक्षा निर्धने पुंसाम् ॥

(વિનયથી કુળની પરિક્ષા થાય છે, રણભૂમિમાં શૂરવીરની પરીક્ષા થાય છે, સંકટ વખતે મિત્રની પરીક્ષા થાય છે, અને નિર્ધન અવસ્થામાં સ્ત્રીની પરીક્ષા થાય છે.)

સાવિત્રી ધનવાન માબાપની પુત્રિ હોવાથી નિર્ધન અવસ્થામાં રહી અતિ સંકટો વેઠી પતિ, સાસુ ને સસરાની સેવા કરવા છતાં પ્રસંગોપાત કટુ શબ્દો સાંભળવાથી તે અતિશય કંટાળી હતી અને તેથી આ વખતે તેણે હઠ લીધી કે હવે તો અહિંથી છુટવું.

સાવિત્રી તેના પતિને કહેવા લાગી કે “ હે પ્રિય પ્રાણનાથ! મારી એટલીજ અરજ છે કે હવે મને એક ઘડીપણ અહીં રહેવાનું ગમતું નથી. હજારો ઉપાય કીધે પણ તમારાં માબાપની સાથે મારે

બનવાનું નથી. માટે કાં તો તમે તમારા માબાપને તજો ને કાં તો મારો સાથ તજીદો. વળી જુઓ, દુનિયામાં સ્ત્રી પુરૂષ મળીને એકજ અંગ કહેવાય છે. તે જુદાં પડવાથી ઉભયને દુ:ખ થાય છે. દંપતિ જૂદાં પડી કોઇપણ જગ્યાએ સુખી થયાં નથી."

આવાં વચન સાંભળી શ્રવણ કહેવા લાગ્યો કે "હે પ્રિયા! તું સુખની ઇચ્છા રાખતી હો તો હું કહું તે સાંભળ. જો આંગળીને સર્પ ડંસે છે તો માણસો આંગળીની દરકાર નહિ કરતા પ્રાણનેજ બચાવે છે તેમ માતાપિતા જે મારા પ્રાણ તેમના ચરણમાં મારૂં શિર ન નમે તો તે શિરને હું તરવારથી છેદી નાંખુ. જો મારાં નેત્ર માબાપના ચરણમાં પ્રીતિ ન રાખે તો તે નેત્રને ચાકુ વડે કાઢી બહાર ફેંકી દઉં. જો મારા હાથ માબાપની સેવા ન કરે, તો તેને પણ હું શરીરમાં ધારણ ન કરૂં. જો મારા પ્રાણ મારાં માબાપનું પ્રિય ન કરે તો તે પ્રાણનો પણ હું ત્યાગ કરૂં. હે સ્ત્રી! મનુષ્યો દર વર્ષ મૃત માત પિતાનું શ્રાધ્ધ કરે છે, તો હું જીવતાં માતા પિતાનો ત્યાગ કેમ કરી શકું? મૃત પિતૃઓ પણ સુખ આપી શકે છે તો જીવતાં માબાપને તજી સુખની ઇચ્છા રાખવી તે ઝાંઝવાના જળ જેવી છે, અને તેથી મહા પાપ લાગે છે. જો કોઇ દુર્મતિ મનુષ્ય માબાપની જીવતાં ચાકરી કરતો નથી તો તે જેમ મધમાખીઓ મધને ગુમાવી દઈ શોક કરે છે, તેમ પિતૃના મરણ પછી ચિતા પાસે બેશી શોક કરે છે પણ તેથી તેનું કંઇ વળતું નથી. માટે પ્રથમ વિચારી કાર્ય કરવું જોઇએ કે જેથી પાછળથી પસ્તાવું પડે નહિ.

હે પ્રિયા! તારી સખીઓએ મળી મારા વિવાહ વખતે મને ઘણી ગાળો દીધી હતી, તોપણ મારા અંતરમાં તે વિષે બિલકુલ

ઇર્ષ્યા આવી નહોતી. આ વખતે કદાપિ મારી માતાજીએ તને ગાળો આપી તો શું થયું? તારાથી કેમ સહન થઇ શકી નહિ? જેમ તારે માટે મેં ગાળો સહન કરી હતી, તેમ મારે માટે તારે આ વખતે માતાજીની ગાળો સહન કરવી જોઇએ. માટે જો તારાથી તારા સાસુ સસરાની સેવા થઇ શકે તોજ તારે મારી પાસે રહેવું. નહિં તો જા, ભલે, ખુશીથી તારા પિતાને ઘેર નિવાસ કર.”

આવાં વચન સાંભળી જેમ સ્વાર્થી માણસોનો સ્વાર્થ ન સરે અને તેઓ તુરત ત્યાંથી સ્નેહ તજીને ચાલ્યાં જાય છે, તેમ આ ધનવાન માબાપની દીકરીએ મનમાં ક્રોધે ભરાઇ પીયર જવાનો નિશ્ચય કરી તુરત પોતાનો બચકો બાંધી પોતાના પિતાના ઘર તરફ પ્રયાણ કર્યું. સાવિત્રી ચાલી ગઇ એટલે જેમ ટાઢે પાણીએ ખસ જાય ને માણસને આનંદ થાય, તેમ શ્રવણને અડચણ ટળતાં માબાપની સેવાની પુરેપુરી તક મળી એમ જાણી તે મનમાં ખુશી થઇ વિચારવા લાગ્યો કે-“ જેમ સોયનું કામ કુહાડી કરી શકતી નથી, તુંબડાનું કામ ત્રાંબાની ગાગર કરી શકતી નથી, લોઢાનું કામ સોનું કરી શકતું નથી, પાણીનું કામ ઘી કરી શકતું નથી, તુલસીનું કામ કેળ કરી શકતી નથી, તેમ ધનવાનની દીકરીથી નિર્ધન ધણીનું કામ બજાવી શકાતું નથી. રાત દિવસ તે મૈયરમાં જવાની મમતાને તજે નહિ, ને મનમાં અભિમાનથી બીજાનું માન જાળવી શકે નહિ. મોટા મહેલમાં રહેનારના મનને આવી પર્ણકુટીમાં તે કેમ ગમે! શહેરમાં રહેવાવાળીને અરણ્યમાં તે કેમ ગોઠે! સારાં સારાં ઉમદાં વસ્ત્ર તજી વલ્કલ પહેરવાં તેને કેમ ગમે! ધનવાન પોતાના અવતારને ધન્ય માને છે, ને ગરીબના અવતારને ધિક્કારે છે, માટે ક્યારેય પણ ધનવાનની કન્યા નિર્ધને ગ્રહણ કરવી નહિ. જેને ઘેર બકરી બાંધવાનું ઠેકાણું

ન હોય. ત્યાં હાથીનું ખર્ચું કેમ પોસાય ! જેને ઘેર ખુરશી રાખવાનો પણ ખ્યાલ નથી, તેને ઘેર પાલખી મળે તો તેને તે શું કરે ! જે ત્રણે કાળ કોપીન પહેરનારા છે, તે દુશાલો રાખવાની રીતને શું જાણે ! જેને ઘેર ગરીબની દીકરી પણ પૂરૂં પોષણ પામતી ન હોય, ત્યાં શ્રીમંતની બાળકી શી રીતે સુખી થાય ! આમ વિચાર કરી, સ્ત્રી પરના પ્રેમને તેણે દુર કર્યો. પછી, પોતાના માબાપ પાસે આવી તેમની સ્થિતિ જોવા લાગ્યો. યુગલ કર જોડી માબાપને કુશળ સમાચાર પુછવા લાગ્યો. ત્યારે વૃદ્ધ:મુનિ ગદ્‌ગદ્ કંઠે વૃદ્ધપણાના દુ:ખની વાત વિસ્તારીને કહેવા લાગ્યા કેઃ–

"હે પુત્ર ! ચામડીથી મઢેલો આ કોટ ચારે ખૂણેથી જીર્ણ થઇ ગયો છે. દાંતરૂપી કાંગરા હવે પડવા લાગ્યા છે. કરરૂપી કારભારી હવે કામ કરતા નથી. અને પગરૂપી પાયદલની ફોજ ફરી ગઇ છે. દિલરૂપી દફતરમાં નોંધવાનો નેમ રહેતો નથી. ધીરજરૂપી ખજાનાને વિહ્‌વલતા નામની ડાકણ હરી ગઇ છે. દ્વાદશ દ્વારપાળો દ્વારની સંભાળ તજી દઇને વૃદ્ધપણ નામના વેરીને વશ થયા છે. હે પુત્ર ! આ દેહરૂપી નગરીને ચોમેરથી અનેક રોગરૂપી યોદ્ધાઓએ ઘેરી લીધી છે. દીકરાની વહુએ પ્રેમ રાખ્યો નહિ. પડોશી પણ પ્રેમ રાખતાં નથી શરીર સ્વતંત્ર થઈ ગયું છે. અંતરમાં ઘણીજ ઉદાસીનતા રહે છે. સૂતાં સુખ નહિ, ને બેઠાં પણ સુખ નહિ. જો રોવા લાગીએ તો લોકો હાંસી કરે છે. હા ! બ્રહ્માએ વૃદ્ધાવસ્થા આવું દુઃખ દેવા વાસ્તે શું કરવા બનાવી હશે !

અરેરે ! હવે પગો ચાલતા નથી. શરીરમાં નાના પ્રકારના રોગોએ વાસ કર્યો છે. આંખોનું તેજ દુર જતું રહ્યું છે, જેથી સૂરજ પણ ઉજાસ આપી શકતો નથી. દાંત પડી ગયા છે. ભૂજાઓનું બળ

ભાગી ગયું છે. કાનથી સંભળાતું નથી. અરેરે ! હે બ્રહ્મા ! આવું ઘડપણ અમને કેમ આપ્યું ! અમારૂં જોબન ક્યાં જતું રહ્યું ! જ્યારે મારૂં યૌવન હતું, ત્યારે કેટલાક મિત્રો મારે ઘેર મળવા આવતા, સ્વાર્થને વશ થઇ કહેતા કે અમે તો તમારા દાસ છીએ ! તે સમયે સગાં, બંધુ, જેટલું હેત દેખાડતાં, તે હેતનો સહસ્ત્રાંશ પણ વૃદ્ધાવસ્થામાં કોઈ દેખાડતું નથી ! જેમ શુષ્ક ઝાડને પંખી તજી દે છે, તેમ મિત્રોએ મને તજી દીધો છે ! બુઢ્ઢાપનરૂપી દોરીથી મારૂં શરીર બંધાઈ જઇ બંધીખાનામાં જ પડ્યું છે. વિસ્મૃતિ દુતિ શરીરપરનાં વસ્ત્ર પણ હરણ કરી લે છે. મહારોગરૂપી શસ્ત્રનો માર સહ્યો જાતો નથી. આ વખતે મારો પોકાર કોઇ સાંભળતું નથી. દુઃખવડે નેત્રોમાંથી જળ ચાલ્યું જાય છે !"

આ પ્રમાણે પિતાનાં વચન સાંભળી શ્રવણ કહેવા લાગ્યો કે "હે તાત ! તમે ચિંતા તજો. તમારૂં જોબન ક્યાંય ગયું નથી. તે મારા શરીરમાં આવી વસેલું છે. હે તાત ! તમારા પગનું જોર મારા પગમાં આવ્યું છે. તમારી ભુજાઓનું બળ મારી ભુજાઓમાં આવ્યું છે. તમારા દાંતનું કૌવત મારા દાંતમાં આવ્યું છે. તમારી દૃષ્ટિનું તેજ મારી દૃષ્ટિમાં આવ્યું છે. તમારી સંપાદન કરેલી શરીર સમ્પત્તિ મારા શરીરમાં મને મળી છે. માટે હે તાત ! સંતાપ તજી દો. તમારૂં યૌવન ક્યાંય ગયું નથી, પણ તે મારા શરીરમાં આવીને રહ્યું છે. માટે શરીરરૂપી ધન તમારૂં છે. તેનો તમને ઠીક લાગે તેમ ઉપભોગ કરો."

આવાં નમ્રતા ભરેલાં પુત્રનાં વચન સાંભળી મુનિના મનમાં ઘણો જ આનંદ થયો, ને આશિર્વાદ દીધો. પણ શ્રવણની સ્ત્રી રીસાઇને ચાલી ગઇ તેનો શોક થયો, ને કહેવા લાગ્યા કે—"હે પુત્ર !

જેમ કોઈ ગૃહસ્થાશ્રમીને ઘેર કોઇ સન્યાસી ભિક્ષા કરવા આવે, ને અંદર અંદર સ્ત્રી–પુરૂષ લડવાને લાગે, અને તે વખતે સ્ત્રી રીસાઇને પીયર ચાલી જાય, ત્યારે સન્યાસીને જેમ સંકોચને શોચ થાય, તેવો જ શોચ તારી સ્ત્રી પીયર જતી રહેવાથી અમોને થાય છે, તથા અમારૂં દિલ ઉદ્વેગને પામે છે."

શ્રવણ કહે "હે તાત! તમે ચિંતા ન કરો. આ માયારૂપી સંસાર એમજ ચાલે છે. ધન સ્ત્રી ને આયુષ્ય એ ચપલ પદાર્થ છે, તેનો હર્ષ શોક કરવો નહિ."

આ પ્રમાણે શ્રવણે માબાપને શાંત કર્યા, ને પ્રતિદિન શંકા રહિત થઇ પ્રેમપૂર્વક ભક્તિ સહીત પોતાના માબાપની સેવા કરવા લાગ્યો. જેમ જેમ દિવસો વ્યતિત થવા લાગ્યા તેમ તેમ શ્રવણના અંતઃકરણમાં દિનપ્રતિદિન માબાપપર વધારે ને વધારે સ્નેહ–શ્રદ્ધા અને ભક્તિ વધતાં ગયાં. પોતે મહાન્ પરિશ્રમ વેઠીને પણ જે પ્રકારે માબાપને સુખ થાય તેમ કરવા લાગ્યો.

એક દિવસ શ્રવણ દેવમંદીરમાં પંચાયતન પુજા કરતો હતો, તે વખતે પિતાજીએ જળ માગ્યું તે દેવામાં તેને જરા વિલંબ થયો. તે જોઇ તેના પિતાજી કહેવા લાગ્યા કે, "હે પુત્ર શ્રવણ! તું પણ મીઠું મીઠું બોલે છે, પણ અમારી સેવામાં તારૂં મન નથી."

આ વચન સાંભળી શ્રવણને પોતાની ભૂલનો પસ્તાવો થયો. તેણે કહ્યું કે "એક વખત આ દીન દાસની કસુર માફ કરો." ફરી એવી કસુર ક્યારે પણ નહિ કરૂં. આ વખતે મારો દોષ ક્ષમા કરી આપ રોષ ધરશો નહિ." આવાં નમ્ર વચન બોલી તેણે વિચાર કર્યો કે આ પંચદેવની પ્રતિમાની સેવા એ જ પિતૃસેવામાં અંતરાય કરાવનાર છે. વળી શાસ્ત્ર કહે છે કે સર્વ દેવોનું દૈવત માતાપિતા છે.

વસિષ્ટ આદી મુનિનાં આ વચનો છે તે મને બરાબર યાદ છે. વળી માતાપિતાના શરીરમાં પાંચે મહાભૂત પ્રસિદ્ધ વસે છે, તે જ મારે મન પાંચ દેવ છે. દેહમાં જે દૈવત છે તે દૈવત પણ દેવતાઓનું જ છે. માટે ભાવથી માતાપિતાની જીવંત પ્રતિમામાં શ્રદ્ધા રાખી રહેવું, એ જ ઉત્તમ છે. હરિ, હર, શક્તિ, સૂર્ય, ગણપતિ એ પાંચે દેવો તો મારા માતાપિતાના અંગમાં જ રહેલા છે. માટે પંચદેવને પૂજવાની જરૂર નથી. મારે મન તો માતાપિતા એજ પૂજ્ય પંચદેવ સેવા કરવા યોગ્ય છે. માતાપિતાને ગુરૂ માની, પ્રભુના નામનો મંત્ર જપવો, અને પરમેશ્વરના ચરણ પ્રમાણે માતાપિતાના ચરણની સેવા કરવી એજ મારો દૃઢ નિશ્ચય થાઓ. માતાપિતાની બંને હજરા-હજુર પ્રત્યક્ષ મૂર્ત્તિ મારી મનકામના હમેશાં પૂર્ણ કરશે. તે મારાં પાપનો નાશ કરી ચિંતાને મટાડશે. પતિતને પાવન કરવા વાળી, દરિદ્રના દુઃખને દૂર કરવા વાળી, માતાપિતાની મૂર્ત્તિને મારા હજારો નમસ્કાર હો. મારે માટે બીજા દેવ આ વખતે યોગ્ય નથી. કોઇ પશુપાલ, કોઇ પાર્વતી, કોઇ કૃષ્ણ, કોઈ લક્ષ્મી, કોઈ ગણપતિ, કોઇ હનુમાન, કોઈ ચંદ્રમા, કોઇ સૂર્ય–એમ જૂદા જૂદા પંથવાળા જૂદા જૂદા દેવને પૂજે છે, તો કોઇ ઘટની–પટની–ચટની–પુસ્તકની કે કુશકાની પુજા પ્રભુ જાણી પ્રેમથી કરે છે, અને કોઇ તો તુલશી, વડ, પીંપળાને દેવ સ્વરૂપ માની પૂજે છે. આથી સિદ્ધ થાય છે કે ઇશ્વર સભર–સર્વત્ર હોવાથી અનેક રૂપે વ્યાપી રહેલો છે. અને આ પ્રમાણે છે તો હું માતાપિતાની મૂર્ત્તિને પ્રભુ માની પૂજવાનો નિયમ કાં ન લઉં! ઘટમાં દેવોનું આહ્વાહન કરી મનુષ્યો દેવતાઓનું ધ્યાન ધરે છે, તેમ મારા માતાપિતાના ઘટ–શરીર-માં હું ભગવાનનું કેમ આહ્વાહન ન કરી શકુ? કોઇ હમેશાં હનુમાનને ભજે છે. કોઇ ગુરૂગુરૂ કહીને તેના

ગુણ ગાય છે. આ પ્રમાણે જૂદાં જૂદાં રૂપ એક નિરંજન ભગવાનનાં ભાસે છે. જ્યાં મન ઠરે ને સ્થિર થાય ને જેમાં પ્રીતિ બંધાય, તેને જ ઇશ્વર રૂપ માની સેવવાથી સિદ્ધિ મળે છે. તો પછી મારે તમામ વાસના તજી એક માતાપિતાના ચરણમાંજ ધ્યાન લગાવી રહેવું એજ મને ઉચિત છે. આ પ્રમાણે મનમાં સંપૂર્ણ વિચાર કરી, પુજા કરવા બેસેલ દેવતાઓનું વિસર્જન કરી જડ પ્રતિમાઓમાંથી પિતૃની જીવંત પ્રતિમાઓમાં તે દેવોનું તેણે નીચે પ્રમાણે સ્થાપન કર્યું.

'નિત્ય પૂજા વાસ્તે જે દેવોનું પ્રતિમામાં મેં આહ્વાહન કર્યું છે તેમાંથી વિસર્જન કરાવીને હું તેમનું માતાપિતાને વિષે આહ્વાહન કરૂં છું.'

આ પ્રમાણે પંચાયતન પૂજાનું વિસર્જન કરી, માતાપિતામાં આહ્વાહન કરી જડ પ્રતિમાઓને સરયૂમાં પધરાવી. હવેથી શ્રવણ દરરોજ માબાપની સેવા કરી, તેના ગુણ ગાવા લાગ્યો. અને હાથ જોડી માબાપની સન્મુખ બોલવા લાગ્યો કે, "આપની ઇચ્છા હોય તે કૃપા કરીને કહો. મેં તમારી બધી આશાઓ પૂર્ણ કરવાને ખરા મનથી પણ લીધું છે." આમ દરરોજ માબાપને હાથ જોડી પ્રાર્થના કરતો હતો.

એક દિવસ શ્રવણના પિતાએ તેને કહ્યું કે "અમારા મનમાં એક ઇચ્છા છે. તે ઇચ્છા ધનવડે પૂરી થઇ શકે એમ છે. પણ અમારી પાસે ધન નથી. તેથી હે પુત્ર! તને શું કહું? જેમ પક્ષિ પાંખ વિના પંગુ છે તેમ ધન વિના નિર્ધન મનુષ્ય પણ પંગુ છે. પંખી જેમ આંખ વિના ક્યાંઇ જઈ શકે નહિ, તેમ નિર્ધન મનુષ્ય ધન વિના પણ ક્યાંઇ જઇ શકે નહિ. મનમાં કલ્પના થયા કરે છે કે, બધાં તીર્થોમાં સ્નાન કરી આવીએ. પણ હાલવા ચાલવાની શક્તિ

નહિ; તેમ પાસે પૂરતું ધન નહિ. તેથી શી રીતે જઈ શકાય? આ ઇચ્છા અમારી ઝાંઝવાના જળ જેવી છે. પણ હે પુત્ર! જ્યારે અમે બંને–દંપતિ–મરણ પામીએ ત્યારે અમારાં અસ્થિને તીર્થજળથી સ્નાન કરાવી તીર્થજળમાં તો પધરાવજે. હે પુત્ર! તું સપૂત છો તો અમારી આટલી ઇચ્છા, બાપ! કોઇ વખત પૂર્ણ કરવાને મનમાં દૃઢ નિશ્ચય કરજે. અમ આંધળાની આંખ! તું આ અમારી ઇચ્છા વારસામાં સંભાળી લેજે." પોતાના પિતાનાં આવાં વચન સાંભળી, શ્રવણ યુગલ કર જોડી નમ્રતાથી કહેવા લાગ્યો કે "હે પિતાજી! હું પણ લઉં છું કે તમને સર્વ તીર્થોમાં સ્નાન કરાવવાને હું હાલ જ લઇ જઇશ." આ પ્રમાણે મિષ્ટ વચનોથી પોતાના માબાપને હર્ષ પમાડી શ્રવણ તેમની આજ્ઞા લઇ વનમાં ગયો. વનમાંથી ચંદનનાં સુંદર કાષ્ટ લઇ આવ્યો, તેની સુંદર કાવડ બનાવી, વાંસના બે કંડીયા બનાવ્યા, ને પોતે ભગવો વેષ ધારણ કર્યો. શિર પરના વાળની જટા બાંધી, અને મૃગચર્મ ધારણ કરી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, "કોઇ ભગવો વેષ ધરી વિરક્ત થઇ ભગવાનને ભજે છે, કોઇ ભગવો વેશ ધારણ કરી રાત દિવસ જ્યોતિમય અવ્યક્તની ઉપાસના કરે છે, કોઈ ભગવો વેષ ધારણ કરી બધો વખત શિવ ભક્તિની ઉપાસના કરેછે, તો હું પણ માતાપિતાના નામનો અલેખ જગાવી આ ભગવો વેષ ધારણ કરી, માતાપિતાની ભક્તિનું ઠેર ઠેર ડિમ્ ડિમ્ વગાડીશ." આવો વિચાર કરી તેણે કાવડમાં વાંસના કંડીઆ બરાબર રાખ્યા, તેમાં મખમલનું બિછાનું કર્યું, ચોપાસ ઓશીકાં રાખી દીધાં, ને માથે છત્ર પણ બનાવ્યું. એક કંડીઆમાં માતાને બેસાડી, બીજામાં પિતાને બેસાડયા. જય રણછોડનો ઉચ્ચાર કરી પોતાના કાંધ ઉપર કાવડ મૂકી શ્રવણે ચાલવા માંડયું

અયોધ્યા પ્રાંતમાં જે જે તીર્થ હતાં, તે પ્રથમ પરિપૂર્ણ કરાવ્યાં. ત્યાંથી આગળ ચાલતાં શ્રાવણે એક બોરડીનો બગીચો દીઠો. તેને બોરડીના કાંટાની જ વાડ કરેલી હતી તે જોઇ શ્રવણના મનમાં વિચાર આવ્યો કે, "અહા ! આ વૃક્ષમાં પણ કેવો વિવેક છે! બોરડીના પુત્ર જે કાંટા તે પોતાની માતાની રક્ષા કરવાને કેવા આસપાસ વીંટાઈ રહ્યા છે! આ દુનિયામાં કેટલાએ એવા કપૂત છેકે જે માતાપિતાની રક્ષા કરતા નથી, ને બીજા કેટલાક પ્રપંચ કરી ધન મેળવવાને માટે ઢોંગ ધુતારાં કરે છે, માટે આ દુનિયામાં કપૂતની કિંમત બોરડીના કાંટા જેટલી પણ નથી." બોરડીનો ઉપદેશ લઇ આગળ ચાલતાં તેના મનમાં એક બીજો વિચાર આવ્યો કે પિતાનો કંડીઓ આગળ રાખું કે માતાનો ? માતાના અંતરમાં વધારે હેત છે કે પિતાના અંતરમાં વધારે હેત છે ? તેની તુલના કરવા માટે શ્રવણ તુલાધાર વિચાર કરવા લાગ્યો. આ પ્રમાણેની વિચારની ગડમથલ તેના અંતઃકરણમાં ચાલી રહી હતી તેવામાં હરિણીથી વિખૂટા પડેલ એક હરિણીના બચ્ચાને એક પારધીએ આવી પકડી લીધું. બચ્ચાને પકડી પારધી રસ્તે પડયો. આ બાજુ હરિણી પણ તેની પાછળ ચાલી. હા ! શું માતાનો આત્મભોગ દ્વારા જણાતો શુદ્ધ નિઃસ્વાર્થી પ્રેમ ! આવો હરિણીનો પ્રેમ તેના બચ્ચા પ્રત્યે જોઇ શ્રવણ ગદ્‌ગદિત થઇ ગયો. આગળ જતાં જંગલમાં એક જગ્યાપર દાવાનળ લાગેલો હતો, તેમાં એક કુતરીનાં બચ્ચાં બળવા લાગ્યાં, તે જોઇ કુતરી પોતાનાં બચ્ચાંને કાઢવાને અંદર પેઠી, એટલે બચ્ચાં સાથે કુતરી પણ બળી ગઈ. આ જોઈ શ્રાવણે મનમાં વિચાર કર્યો કે "અહો ! માતાના નિઃસ્વાર્થ પ્રેમને લાખો વાર ધન્ય છે! માતામાં વસી રહેલ પ્રેમને સહસ્ત્રશા શિરવંદન છે !

દુનિયામાં પરસ્પર પ્રાણી માત્રની પ્રીતિ સ્વાર્થથીજ બંધાએલી છે. પણ આ મૃગલીને તો સ્વાર્થ પરમાર્થની પણ કંઇ ખબર નથી, અને તેથી માતાની પ્રીતિ સાચે સાચી છે, ને માતા જ ખરેખર પ્રીતિરૂપ પદાર્થની ખાણ છે. સ્થાવર જંગમમાં સર્વત્ર માતાની પ્રીતિ યથાર્થ જોવામાં આવે છે.”

આ પ્રમાણે વિચારતાં તેના મનમાં માતાનો સ્નેહ વધારે જોવામાં આવ્યો, એટલે માતાના કંડીઆને આગળ રાખી દરક તીર્થમાં નિજ માતતાતને સ્નાન કરાવવા લાગ્યો. જે જે તીર્થમાં શ્રવણ જતો, તે તે તીર્થમાં તે સ્ત્રી-પુરૂષોને ઉપદેશ કરતો હતો કે “ સર્વ કોઇ માતાપિતાની સેવા પૂરે પૂરા સ્નેહથી કરો. તેમાં તમારૂં હિત છે. સાસુ સસરા ને પતિની સેવા કરવી એજ સતીનો સાચો ધર્મ છે. એ સિવાય જે બીજા ધર્મો છે, તેને હું અસત્ય માનું છું.” શ્રવણનો સત્ય ઉપદેશ સાંભળી ઘણા પિતૃભક્ત થયા, ને તેમનો એક નવો પંથ નીકળ્યો. તે કાપડી નામે હાલ પણ ઓળખાય છે.

અયોધ્યાથી બાર યોજન દક્ષિણમાં ત્રિવેણી નદીને કાંડે જ્યારે મકર રાશીમાં સૂર્ય આવ્યો, તે વખતે શ્રવણ ત્યાં પહોંચ્યો. તે તીર્થનું નામ પ્રયાગ છે. ત્યાં વીણાધર માધવ દેવનું સ્થાનક છે. ત્યાં ગંગા જમના ને સરસ્વતિ એ ત્રણે નદીઓનો સંગમ થાય છે. ત્યાં ત્રણ માસ રહી ચારે પાસ તીર્થ કરી, તેણે બધાં સ્થળ ફરી ફરીને જોયાં. પછી ત્યાંથી પચાસ ગાઉ ઉપર કાશી છે ત્યાં ગયો. ત્યાં જઇ માતાપિતાને જાન્હવીના જળમાં સ્નાન કરાવ્યું. આ વખતે શ્રવણનાં માબાપને અત્યંત આનંદ થયો, કેમકે ન મળી શકે તેવો દુર્લભ પદાર્થ તેમને મળ્યો. અને ગંગાજી પણ શ્રવણના પદસ્પર્શથી પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યાં, ને બોલ્યાં કે “

આજ મારામાં ભરાએલાં બધાં પાતક દૂર થયાં.

આ હિંદના સુપુત્રો જો આવી મારામાં સ્નાન કરે છે તો જે જે પાપીઓ મને દૂષિત કરી જાય છે તે દૂષિત સંસ્કાર લય પામે છે. મારૂં મહાત્મ્ય મહાત્માઓ વડેજ છે. જે મહાત્માઓની ચરણ રજ ધરાદેવી ચાહે છે તે પદ પ્રક્ષાલન હું ધરવા અહોનિશ વાટ જોયા કરૂં છું. જે લોકો કપુત્તો પોતાના માતાપિતાની હયાતીમાં તેમની અવગુણતા કરી માતા પિતાની આંતરડી દુભાવતા હતા તેઓ પોતાના મૃત પિતૃઓના ઉદ્ધાર માટે અત્રે તર્પણ કરવા આવ્યા છે તે ઠીક છે, કદાચ તેમના ભાવે કભાવે કરેલા કર્મનું ફળ તેમને મળશે તો, પણ હું તેઓને નિરંતર શ્રાપ આપું છું, તેમની હાંસી કરૂં છું, તેમનાં મુખ દર્શન મનેન થાય તેમ ઇચ્છુ છું. તાત શ્રવણ! તારા જેવા સુપુત્રો જ આ ભારતમાં ઉત્પન્ન થાઓ. અસંખ્ય તારાઓ કરતાં તારા જેવા ચંદ્રનું જ મારામાં પ્રતિબિંબ પડો.”

પ્રકરણ ૪ થું.

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्त्तिं ।
सत्यं कथय किं न करोति पुंसाम् ॥ १ ॥

(સત્ પુરૂષની સંગતી બુદ્ધિની જડતાને હણે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માન વધારે છે, પાપને ટાળે છે, ચિત્તને પ્રસન્ન

કરે છે. અને સર્વ દિશામાં કીર્ત્તિને ફેલાવે છે. કહો, પુરૂષને સત્સંગતી શું શું નથી કરતી?)

શ્રવણ ગંગાતટ પર પોતાનાં માતતાતની ભલા પ્રકારથી સેવા કરી રહ્યો છે, તેથી પોતાને અતિ કૃતકૃતાર્થ માની રહ્યો છે, દેવતાઓને પણ અલભ્ય એવું પિતૃધન સાચવી–સંભાળી રહ્યો છે, આદર્શ સુપુત્ર બની પિતૃસેવાના ધર્મનો વાવટો ફરકાવી રહ્યો છે, પોતે સદાચરણી બની બીજાઓને સદાચરણનો સદુપદેશ કરી રહ્યો છે, અને તેના સદુપદેશથી બહોળો જનસમાજ સત્ય દિશામાં ચાલી રહ્યો છે.

એક વખત શ્રવણ પોતાના માબાપને આશ્રમપર રાખી પિતાની આજ્ઞા લઇ ગંગા કિનારા પર જળ લેવા ગયો, ત્યાં તેને એક પરમહંસ મળ્યો. તે બ્રહ્મજ્ઞાની હતો. તે શ્રવણનો ભગવો વેષ જોઈ પુછવા લાગ્યો કે "તમારી જાત કોણ? જ્ઞાતિ કોણ? શું કામ કરો છો? તમારૂં આસન કયાં છે? ઉંપાસના કોણ છે? ગુરૂ કોણ છે? કેની પાસેથી ઉપદેશ લીધો છે? તમે રાગી છો કે વિરાગી? તમારી સંગે કોણ છે? શું વાહન લાવ્યા છો? સુખી છો કે દુઃખી?" આવાં વચન સન્યાસીનાં સાંભળી શ્રવણ કહેવા લાગ્યોઃ—

"હું શાંતન મુનિનો પુત્ર છું, વસિષ્ઠ મતને અનુસરૂં છું, બધા પંથથી મારો પંથ ન્યારો છે.

મનહર

કોઈ જોગી જંગમ છે, કોઈ દરવેશ વેશ.
બ્રહ્મના ઉપાસી કો સન્યાસી કોઇ સારો છે;
કોઇ વિપ્ર વેદવાદી કોઇ છે વિરાગી રાગી,
ચાર સંપ્રદાય અને બાવન દુવારો છે;

એ તજી હું માતતાત પદનો ઉપાસી છઉં,
એજ હરિહરબ્રહ્મ એવો મત મારો છે;
માની શકોતો અમારો મત માની લેજો
બધા પંથથી અમારો પંથ કંઇક ન્યારો છે.— ૧.

सवैया.

માતપિતા પદ એ સહુ તીરથ, માતપિતા મુજ સર્વ નીધિ છે,
માતપિતા ગુરૂ માત પિતા સુર, માતપિતા વ્રત દાન વીધિ છે;
માત પિતા પદ કલ્પતરૂ, વળી માત પિતા પદ રેણું રીધિ છે,
સાધન સિદ્ધિ હું શોધું ન કાંઈ, મુજ મન માતપિતા જ સિદ્ધિ છે. ૧
હુકમ માતપિતા સુર હુકમ, માતપિતા વચ વેદની વાણી,
માતપિતાની કથા સુપરાણો, કરૂં શું અન્ય પુરાણની કહાણી!
માતપિતા સ્તુતિ સ્તોત્રજ પાઠો, બિજી બહુ પોથી પ્રપંચી પિછાણી,
કીર્ત્તન અન્ય હું કેમ કરૂં, સ્તુતિ માતપિતાની મુજ મન માની. ૨

જેમ હંસ દૂધ અને પાણીને જૂદાં કરી તત્વરૂપ દૂધનું જ ગ્રહણ કરે છે, જેમ કોઇ કારખાનામાં યાદીપત્ર હોય તે વાંચી જેને નામ રાખવું હોય તે તેમાં લખી પોતાની નામના કરે છે, જેમ નકશામાં ઘણાં ગામો હોય છે, પણ જે ગામ જેને જવું હોય તેજ ગામના પંથને તે જુએ છે, બીજા ગામનું તેને પ્રયોજન નથી, તેમ, મેં પણ વેદ શાસ્ત્ર પુરાણ એ બધાંમાંથી માતાપિતાની સેવા કરવારૂપી શબ્દોને જ ગ્રહણ કરી લીધા છે. જેમ કંદોઇની દુકાનપર અનેક પ્રકારની મીઠાઈ હોય છે, પણ જેને જે રૂચે તેજ મીઠાઈ તે લે છે, બીજી મીઠાઇ એને કામની નથી, તેમ શાસ્ત્ર ઘણાં છે, ને તેમાં જૂદા જૂદા મતાંતર પણ ઘણા છે, અને જેને જે મત રૂચે તેને

તે અનુસરે છે. પંથીને જે ગામ જવું હોય, તેનો જ માર્ગ પૂછે, બીજા ગામનો માર્ગ કોઈ બતાવે તો ત્યાં તે જતો નથી, તેમ મા-બાપની સેવામાંજ મને પ્રેમ લાગ્યો છે, ને મેં એ પંથનોજ સ્વીકાર કર્યો છે, માટે બીજા કોઇપણ પંથથી મારૂં કામ કંઇ પણ સરે નહિ. કેમકે—

सवैया

મારે તો માતપિતા ધન દોલત, માતપિતા પદ સામિપ્ય મુક્તિ,
માતપિતાની પ્રસાદી સુપ્રાસન, એજ ભૂમિ તલ છે ભલી ભુક્તિ;
માતપિતા ગુણ ગાન સમાન હું, માનું ન કોઈ ઉત્તમ ઉક્તિ,
માતપિતા તજી અન્ય ઉપાસન. એ બધી જૂઠ ઠગાઇની યુક્તિ. ૧

कवित-मनहर

જેમ કોઇ જોગી ગૃહ વાસમાં ઉદાસ થઇ
જંગલમાં વાસ કરી સાધે જેમ જોગને;
જેમ કોઇ રોગી જન સારા સારા સ્વાદ તજી,
કડવી દવાઓ ખાઈ નસાડે છે રોગને;
જેમ કોઇ લોભીજન શરીરનું સુખ તજી,
ધન માટે રાત દિન સાધે છે ઉદ્યોગને;
તેમ ત્રણ કાળ માતતાતની સંભાળ કરી,
મેં તો ત્યાગી દીધા ભલા ભલા સુખ ભોગને ૧
કોઇ મંત્ર જપી જપી તપ કરે તપી તપી,
મળવાને ચાહે એતો એક અધિષ્ટાનને;
મારણ મોહન અને સ્તંભન વશીકરણ,
ઉચ્ચાટન આદિ સિદ્ધિ ઇચ્છે નિજ જાતને;

કોઈ ઇષ્ટદેવ મને દીએ વરદાન એવું,
અંતરમાં આશ રાખે તજી સત્ય જ્ઞાનને;
હું તો કોઇ દેવનું ન ઇચ્છું વરદાન માન,
ઇચ્છું પ્રભુ આશિષ એવી સેવી માતતાતને. ૨
ગાયું નહિ માતાપિતા કેરૂં ગુણગાન જેણે,
ગોવિંદના ગુણ ગાન ગાયા તે ન ગાયો કાંઇ;
ધાયો નહિ પિતામાત પૂજનમાં ધ્યાન ધરી,
પણ ચારે ધામ પ્રતિ ધાયો તે ન ધાયો કાંઇ;
ભાવ્યો નહિ સુત પિતા માત મન માંહી તો તે,
ભુતળના લોકોને તે ભાવ્યો તે ન ભાવ્યો કાંઇ;
ખાધો નહિ પિતામાતનો પ્રસાદ પાવન તો,
પ્રભુનો પ્રસાદ સ્વાદ ખાધો તે ન ખાધો કાંઇ. ૩

सवैया.

જાણી શક્યો ન પિતા પર દૈવત, તો જગમાં જનમી નહિ જાણ્યું,
આણી શક્યો ન પિતા ગુણ અંતર, તો સુણી શાસ્ત્ર શું અંતર આણ્યું;
માની શક્યો ન પિતુ મહિમા તો, વૃથા મહિમા પ્રભુનો ઉર આણ્યો,
જે પિતુ તત્ત્વ ન જાણી શક્યો તો, વેદનો ભેદ જરા નહિ જાણ્યો. ૧
કોઇ જપે અજપા જપ અંતર, રાખી ઉદાસી વસે કોઇ વનમાં,
કોઇ મહા મુક્તિ મળવા જન, ભસ્મ લગાવે લઇ નિજ તનમાં;
કોઇ તજી ઘરને તપસી વળી, તપસ્યા કરશે અગની જળમાં,
હું તજી સર્વ કરૂં રટના નિત, માત પિતા પદની મુજ મનમાં. ૨

कवित-मनहर.

શોધી શોધી જાણ્યો મેં તો શાસ્ત્રનો સિધ્ધાંત સહુ,
માત તાત પદ ભવ રોગને નસાડે છે;

જેહના અમાપ સુપ્રતાપનું ન માપ કાંઇ,
પાપ અને ત્રીવિધીના તાપને મટાડે છે;
જુદી અન્ય જુક્તિની હું કરૂં કેમ જલ્પના,
કલપના સહુ પુરી આ દુઃખને ભગાડે છે;
ચિત્તથકી અન્ય કાંઇ ચાહું નહિ ચિંતામણી,
ચિંતામણિ સાચો પિતુ માત પદ લાગે છે. ૧

सवैया.

કોઇક માત પિતા તજીને વળી, બ્રહ્મની વાત સદા ઉર ધારે,
જે સ્થિતિમાં જો ઠરી મનવૃત્તિ, કદિ પણ પાય અગાડી ન ધારે;
વાત રૂચે નહિ અન્ય બીજી કંઇ, યુક્તિ કદિ દિલમાં નહિ જાગે,
શું કરવા શિરકુટ કરો તમે, અન્ય બીજે ઉપદેશ ન લાગે. ૧

પરમહંસ—હે ભાઇ! આત્મ વિચાર કર. વ્યાપક બ્રહ્મના જ્ઞાન વિના તું ભવજળ પાર કદિ ઉતરી શકીશ નહિ.

શ્રવણ— कवित.

સચર અચર સહુ માંહી છે અખંડ બ્રહ્મ,
બ્રહ્મમાંથી થયું અંતે બ્રહ્મમાં સમાય છે;
હરિહર બ્રહ્મા આદિ અંશ એક બ્રહ્મ તણા,
અંતે તે તો એક બ્રહ્મ રૂપમાં જણાય છે;
એમ માત તાત લેખો અંશ એક બ્રહ્મનો છે,
તેને છોડી ધીમંત તું બીજે ત્રીજે ધાય છે;
માત તાત આતમાથી આતમા થયો છે મારો,
માત તાત આતમામાં અંતે મળી જાય છે. ૧

પરમહંસ—અરે ભાઇ! આ દુનિયામાં મનુષ્ય જન્મ ફરી ફરીને

આવતો નથી, માટે વર્ણાશ્રમ ધર્મમાં રહી, ત્રીપદાનો જાપ કર, તેથીજ તારૂં કલ્યાણ થશે.

શ્રવણ—જે માણસ બુદ્ધિનો ઉદય કરવાને વાસ્તે ત્રીપદાનું એટલે સૂર્યનારાયણનું ધ્યાન કરે છે ને તેના ગુણ ગાય છે, પણ તેનો જો દેહ જ ન હોય, તો પછી બુદ્ધિ ક્યાં રહે? માટે વિવેકથી વિચારીને તેનો ન્યાયિ બુદ્ધિથી તોલ કરો. જે શ્રેષ્ટ પુરૂષો હોય છે તે ત્રીપદાનો સાર તે પોતાના ઉત્પન્ન કરનારાં માતાપિતા વિષેજ માને છે. જેને માબાપરૂપી તત્ત્વ મળ્યું છે, તે ત્રીપદાને શું કરે?

પરમહંસ— **દોહરો.**

માત પિતા તો મરી જશે, પડીશ તું પણ નર્ક;
તજી દે મૂરખ વાસના, થઇશ પાપમાં ગર્ક.

તારા માતાપિતા મરી જશે, માટે હે મૂરખ વાસના તજીદે, ને પાપમાં બુડી જા મા.

શ્રવણ—જેમ કુંભમાં દેવતાઓનું આવ્હાહન કરવાથી દેવતાઓ તેમાં આવે છે, પણ જો તે કુંભ કદાપિ ફુટી જાય, એટલે નાશ થાય, તો તેથી કાંઇ દેવનો નાશ થતો નથી, તેમ જો શરીર પડી જાય તોપણ આત્મા તો અમર છે. જ્યાં સુધી મારી નજર આગળ માતાપિતા હયાત છે, ત્યાં સુધી હું તેની સ્નેહથી સેવા કરીશ. જ્યારે મરી જશે, ત્યારે તેમને અગોચર જાણી હું તેમનું માનસિક પૂજન કરીશ. પ્રથમ માબાપને પાણી પાઇ, પછી હું પાણી પીઉં છું. માબાપને જમાડીને શેષ ભોજન હું જમું છું. માબાપને સુખી જોઈ સુખી ને દુઃખી જોઇ દુઃખી થાઉં છું. માબાપની સંપત્તિ તેજ મારી સંપત્તિ છે. માબાપની વિપત્તિ

તે મારી વિપત્તિ છે. માબાપ નર્કમાં પડશે, તો હું પણ નર્કમાં પડીશ. કોઇ દિન માબાપથી અલગ હું વર્તવાનો નથી. તમે કહો છો જે માબાપમાં વાસના રાખવી તે દુઃખરૂપ છે, તે મને રૂચતું નથી. માટે તમારો એવો બોધ બીજા કોઇને આપો. તમારો બોધ ધરાધરને જઇને સુણાવો, ને કહો જે તમે પૃથ્વિ શું કરવા ધારણ કરી અમથો બોજ ઊંચકાવો છો? નદીઓને જઈ પૂછો, કે તમે બધી સમુદ્રમાં શા માટે પડો છો? સૂર્ય ચંદ્રને તમે જઇને શિખામણ આપો, કે તમે દરરોજ શું કરવા ભટકો છો ?અને એ બધા તમારી શિખામણ માની તમારા શિષ્ય થાય, તોપણ હું તો તમારો બોધ કદી માનવાનો નથી.

પરમહંસ—અરે ભાઈ ! તું માબાપ પર આટલી બધી પ્રીતિ રાખે છે, ત્યારે શું તારા માબાપ તારે માથે એવી પ્રીતિ રાખે છે કે !

શ્રવણ—આ સંસારમાં સર્વ કોઇ સ્વાર્થને લઇને સ્નેહ કરે છે, બીજાનો સ્નેહ જોઇને પોતે સ્નેહ રાખે છે. પણ ભકતજનો તો વિરક્ત થઇ ભલો ભાવ રાખી સ્વાર્થને વિસારી ભગવાનને ભજે છે. તેમ સુપુત્રનો સ્નેહ સ્વાર્થ સંયુક્ત હોતો નથી. સ્વાર્થી સ્નેહ રાખવાની તો તેને હજારગણી લાજ લાગે છે. જળ માછલાંને વહાલું ગણે કે ન ગણે, પણ તેની દરકાર રાખ્યા વગર માછલાંને તો જળ સાથે સંપૂર્ણ પ્રીતિ છે, ને તે જળ વિના જીવી શકતું નથી. જેમ પપૈયાને વરસાદમાં પ્રીતિ બંધાણી છે, ને વરસાદ તેનાપર પ્રીતિ રાખે કે ન રાખે, તો પણ તે પ્રીતિનો વા તેનો ત્યાગ કરતું નથી, તેમ સુપુત્રની

પ્રીતિ માતતાતમાં છે. લોઢાની પ્રીતિ ચમકમાં લાગી રહી છે. લોઢું તેમાં કંઇ સુખ દુઃખ સમજી શકતું નથી. ચંદ્રને કુમુદિનીમાં પ્રીતિ હો કે ન હો, પણ જેમ ચંદ્રમામાં કુમુદની પ્રીતિ લાગી છે, તેમ મારા જેવા પિતૃભક્ત પુત્રોની પ્રીતિ માબાપમાં લાગી છે એ ચૂક મારી નથી, પણ બ્રહ્માની છે. જેમ ભમરાને પ્રીતિને લીધે કમળમાં બંધનની ભ્રાંતિ કે ભીતિ લાગતી નથી, ચકોર ચંદ્રમાને જ ચાહે છે—તે પ્રભાકરની કાન્તિને ચાહતું નથી, મચ્છને જળ સાથે જ પ્રીતિ છે-તે ક્ષીર સાગરને ઇચ્છતું નથી, તેમ માબાપની પાસે રહી સેવા કરવાથીજ મને શાન્તિ છે. બીજા સ્થળમાં મને તો અશાન્તિ જ ભાસે છે. વરસાદ વરસે કે ન વરસે, પણ ચાતકની પ્રીતિ તો તેમાં જ લાગી છે. માછલીની જળની સાથે જ પ્રીતી લાગી છે. તે પ્રીતિ માછલું કદી મૂકી શકતું નથી. ચકોરને ચંદ્રમા સાથે જે પ્રીતિ લાગી છે, તે કદી મટાડી મટતી નથી. તેમ મને માબાપના પદમાં પ્રીતિ લાગી છે, તે કોઇથી ટાળી શકાય તેમ નથી.

सवैया.

કેમ કદિ ઉતરે છબિ મહાવત, જો ગજ શીશ ચઢયો તે ચઢયો,
પિતામહ પાઠ શ્રુતિ પલકે કયમ , શ્રુતિ પાઠ પઢયો તે પઢયો;
કેમ મટે દિલ હાડ બીજી ત્વચ, જે ત્વચ દેહ મઢયો તે મઢયો,
કેમ ફરે મુજ અંતર નેમ, પિતુ પદ પ્રેમ વધ્યો તે વધ્યો. ૧
પથ્થર પિત્તળ કોઇક પૂજે, કોઇક પૂજે પંકજ પાણી,
પાવકને તુલશી વડ પીંપળ, પૂજે પુસ્તક પુજ્ય પ્રમાણી;
કોઇ કુમારી પુજે ધરિ પ્રેમને, કોઈ સુવાસિની શક્તિ પિછાણી,
વિપ્ર વિરાગ પૂજે જન કોઇક, હું પુજું માતપિતા પ્રભુ જાણી. ૨

कवित—मनहर.

નારાયણ નામ માત્ર પુત્રનો પુકાર કર્યો,
એટલામાં કીધો અજામીલનો ઉદ્ધાર ત્યાં;
ભાવના વિના શ્રી રામ શુકને શિખાવતી'તી,
વારાંગના વૈકુંઠમાં વસીજ તેહ વાર જ્યાં;
પથ્થરને પ્રભુ જાણી પૂજે કોઈ પ્રીતે પ્રાણી,
માની લે છે પુજા બધી જગ કિરતાર જ્યાં;
પિતરૂમાં પ્રભુ ભાવ ધરી પૂરી રીતે પૂજું,
કેમ નહિ કરે પ્રભુ પૂજા અંગિકાર ત્યાં. ૧

सवैया.

પ્રીત ધરી નિજ પ્રીતમ ઉપર ઝાર દેહ ન ધારત ભીતિ,
પાંખ બળે તોય ફેર પડે નહિ, જીવ જતાં ન તજે પણ પ્રીતિ;
પાછળથી શું થશે સુખ દુઃખ, વિચારે નહિ એહ પ્રીતિની રીતિ,
આ જગમાં કવી એમ કહે, પ્રિય દેખ તું દીપ પતંગની પ્રીતિ. ૧

જ્યારે ચંદ્ર જેવા સુપૂતને સમુદ્ર જુએ છે ત્યારે તે આનંદથી ઉછળે છે. દૈવ ઇચ્છાથી દૂર રહીને પણ ચંદ્ર પોતાના પિતાને આનંદ પમાડે છે. એમ ઘણા યુગ વીત્યા, તો પણ તેણે પોતાના પિતાપરના પ્રેમમાં ખામી આવવા દીધી નથી; આવો સુપૂત ચંદ્રમાને જાણી, શંકર તેને સદા શિરપર ધારણ કરે છે. કપૂત પુત્રો તો જવાસા જેવા અદેખા હોય છે. જુઓ, વરસાદ રૂપી પિતા તેને જળ રૂપી જીવન આપે છે. તો પણ તેની ગર્જના (આગમન) જાણી, જવાસો તેનો દાસ બનીને રહેતો નથી, તેમ આનંદ પણ પામતો નથી; ઉલટો સૂકાઇ જાય છે. બીજી સુપૂત વનસ્પતિ વરસાદને જોઈ રાજી થાય છે, પણ જવાસો તો ખેદ પામી સુકાઈ જાય છે. માટે હે ભાઈ! જવા-

સાના જેવી અદેખાઇ ધરનારને અચ્યુત પણ સહન નહિ કરે, અને અંતે તેને કુપૂત જાણી યમદૂત પણ પીડશે

પરમહંસ—માતાપિતા તો મળ મુત્રની ખાણ છે, ને નાશવંત છે, માટે હે ભાઈ! હાડકાં ને ચામડાં પૂજવાથી ને તેના પર પ્રેમ રાખવાથી શું સાર નીકળે ? શું શ્રેય થાય ?

શ્રવણ— **कवित-मनहर.**

કલાધરને સકળ કોવિદ કલંકી કહે,
પૂછો જઇ ચકોરને તેમાં કાંઇ કલંક છે ?
અમલને બીજા બધા ગુણી અવગુણી કહે,
અફીણીને પૂછો તેમાં અવગુણનો અંક છે ?
સહુ પ્રાણી કહે છે જે પીડાકારી પંક બહુ,
કમળને પૂછો કાંઇ પીડાકારી પંક છે ?
આ જગમાં એવી રીતિ, જેમાં લાગી જેની પ્રીતિ,
બધા સદ્‌ગુણ એમાં જાણે છે નિઃશંક તે. ૧

પરમહંસ— **दोहरो.**

ભવ ચોરાશી લાખમાં, બહુ માત ને તાત;
કોને તજી કોને ભજે, તું સત્ય કહેજે વાત. ૧

શ્રવણ— **कवित-मनहर.**

આધ શકિત ઉદરે અનેક બ્રહ્માંડ વસે,
બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે બ્રહ્મા હર હરિ છે,
ચાર જુગમાં ચોવીશ હરિ અવતાર થાય,
કલ્પમાં હજાર યુગ જાય વાત ખરી છે;
ઘણા થયા હરિ અને અવતાર ઘણા થયા,
એમાં કયા હરિ તણી ભકિત તમે ધારી છે:

જ્યારે માત તાત તણું જ્ઞાન સારી રીતે થયું.
શુદ્ધ ભાવ ધરી સેવા પ્રેમથી મેં ધારી છે. ૧

જેને માતા પિતાનું જ્ઞાન નથી, તે તેનો ઉપકાર શું જાણે? દીવાનો મનુષ્ય માતાપિતાપર પ્યાર ન રાખે તેમાં નવાઇ નથી. વેદ જાણ્યો હોય, તેનો ભેદ સમજ્યો હોય, ઘણા મોટા મોટા માણસોમાં માન મેળવતો હોય. બત્રીસલક્ષણો હોય. ચોસઠ કળાઓ જાણતો હોય, કુળવાન કહેવાતો હોય, પરાક્રમમાં પ્રૌઢ ને પ્રસિદ્ધ હોય, બુદ્ધિબળથી મોટી પદવી મેળવી હોય, પણ જો માતાપિતાના ગુણ ન જાણતો હોય, તો તેના ઉપર કહ્યા તે બધા ગુણમાં આગ લાગી એમ જાણવું

પરમહંસ—અરે ભાઇ! તું આ નૈષ્ટિક વ્રત ધારી તીર્થમાં સ્નાન કરવાને આવ્યો છે, તો તેનું શું ફળ તું તારા ચિત્તમાં ચાહે છે તે તું કહે. વળી તું કહે છે કે બધાં તીર્થ માતાપિતાના ચરણમાં છે, સહુ દેવ પિતુમાત છે, તો તું શું કરવાને તીર્થ કરે છે ને દેવનાં સેવા-દર્શન કરે છે?

શ્રવણ—આ તીર્થમાં નૈષ્ટિક વ્રત ધારણ કરી, અંતરમાં નિર્મળ નીતિ રાખી, ઇંદ્રિઓને જીતી, તીર્થના દેવને નમસ્કાર કરૂં છું. અને સ્નાન-દાન વીધિ કરી હરિનું ધ્યાન કરૂં છું. એ બધાનું ફળ એજ માગું છું કે, મારી સદાકાળ માતા પિતાના ચરણમાં પ્રીતિ વધો.

ભલે કોઇ અવધુત આવી મનાવે કે ભમાવે, ને કહે કે માતતાતની ભક્તિમાં દુઃખ છે, તેમાં દુષણ છે, તે દોષથી ડરાવે. મને દોષિત ઠરાવે, ને વારંવર કહે કે માતતાતની ભક્તિમાં દુઃખ છે. પણ તમામ જ્ઞાન તજીને પિતૃસેવા એજ જ્ઞાન મેં ધારણ કર્યું છે.

ભલે કોઈ ગીતા ગાઇને જ્ઞાન સમજાવે, આકાશમાંથી આવી દેવ બોલે, તોપણ તેની વાત માની, હું કદિ માબાપની સેવાને તજીશ નહિ.

પરમહંસ—તારી માતાપિતામાં વાસના રહી જવાથી તું તો ભૂત થઇશ ભૂત! પ્રભુ પણ કહે છે કે સર્વને તજી એક મનેજ ભજનાર મોક્ષ પામે છે.

શ્રવણ—માતતાતને તજી દેવા એવું ભગવાને કહ્યું છે, એમ ખોટા અપવાદ શ્રી પ્રભુપર શું કરવા ચઢાવો છો? વૃદ્ધ માતાપિતાને તજીને ત્યાગી બની જોગી થવું એવી કથા કોઈ કપૂતને જઇને સુણાવો. એવા ઉપદેશને બાળો, એવા ગુરૂને સંહારો, એવાં શાસ્ત્રને જળમાં બોળો, એવું તમારૂં જ્ઞાન તમારી પાસેજ રાખો. તમારા જેવા ઢોંગી ધુતારાને હું માનતો નથી. વસિષ્ઠ ઋષિનું વચન શ્રેષ્ટ છે, તે કદી મિથ્યા થાયજ નહિ. તેણે જે મુખથી પિતા પરમ દૈવત છે એમ કહ્યું, તે મેં મનમાં ધારણ કરી લીધું છે. વસિષ્ટની દિક્ષા લઇને હું માતાપિતાનો ભક્ત થયો છું. હવે કોઇમાં પણ હું આશકત થવાનો નથી. માતાપિતાને તજીને સંતની સેવા કરો, એવો ઉપદેશ તમારા જેવા ઢોંગી ધુતારા ઘણાય કરે છે.

પરમહંસ—અરે મૂર્ખ! મારૂં અપમાન કરે છે? તું વિચારીને બોલ. મને તો ઘણા માણસો માને છે, પણ તને તો કોઇ જાણતું એ નથી.

શ્રવણ—સૂર્ય-ચંદ્રને સહુ કોઇ માને છે, કેમકે તેનાથી આ જગમાં સ્વાર્થ સરે છે. બીજા નાના મોટા અતિ તેજસ્વી પણ પૃથ્વિથી બહુ દૂર હોવાવાળા તારા આકાશમાં અનેક ફરે છે, ને તે

રાત્રીમાં દેખાય છે, પણ તે ક્યારે ઉગે છે, ને ક્યારે આથમે છે, કેટલીવાર રહે છે, તેનો કોઈ ખ્યાલ પણ રાખતું નથી. જેને જેનું કામ નથી, તેની તે ઓળખાણ કાઢતુ નથી. જેને જેની જરૂર છે, તેનેજ તે ખોળે છે અને ચાહે છે. પણ તે ઉપરથી એમ ન માની લેવું કે ખૂણામાં પડેલ અને માટીમાં ઢંકાએલ હીરાનો પ્રકાશ બહાર ચકચક કરતા કાચ કરતાં વિશેષ નથી! અવધુતજી! અત્યારે તમો કાચ પેઠે પ્રકાશમાન થાઓ છો પણ કાચ તે કાચજ સિદ્ધ થશે. હું સિદ્ધાંત કરતો નથી, પણ પ્રભુકૃપાથી અત્યારે જોર દઇને મારે તમને કહેવું પડે છે કે મારો મત હીરાના પ્રકાશવત છે, તમારો મત કાચના પ્રકાશવત છે. એક સત્ય છે–બીજો ક્ષણીક–માયાવી અને અસત્ય છે. એક અનાદિ છે તો બીજો ઉત્પત્તિ ને નાશ વાળો છે.

પ્રકરણ ૫ મું.

To be great is to be misunderstood

(Emerson.)

But believe nothing against another but upon good authority. (Wm. Penn.)

'પોતે પોતાને મોટા માનવું એ ભુલભરેલું છે.'

'સારાં સત્તાપૂર્વક પ્રમાણો સિવાય બીજાઓના મતની વિરૂદ્ધ એકદમ માની લેતા નહિ.'

* * * *

પછીથી શ્રાવણ ગંગામાં સ્નાન કરી જળ ભરી પોતાનાં માબાપ પાસે આવ્યો. આ વખતે પેલો સન્યાસી પણ તેની પિતૃભક્તિ જોવા માટે પાછળ પાછળ શ્રાવણના આશ્રમ તરફ ચાલ્યો. શ્રાવણે પોતાનાં માબાપને પ્રથમ નવરાવી ધોએલાં વસ્ત્ર પહેરાવ્યાં, ને મેલાં થએલાં વસ્ત્ર ધોઇ સાફ કરી સુકવ્યાં. પછી માબાપની ચંદન પુષ્પ વડે જેમ ભક્ત જન દેવની પૂજા કરે, તેમ માબાપની પુજા કરી. અગર ચંદનનો ધુપ કર્યો. પછી રસોઇ તૈયાર કરી, તેમને ભાવથી જમાડી છેવટ પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ વારંવાર કર્યા અને અનેક પ્રકારના સ્તોત્રવડે મધુર કંઠથી તેણે હાથ જોડી પ્રાર્થના કરી. છેવટે તેના પગ ધોઇ ચરણામૃત લઇ, માબાપને જમાડતાં શેષ રહેલા અન્નને શ્રવણે મહાન પ્રસાદી રૂપ માની અતિ આનંદથી આરોગ્યો.

આ બધી હકીકત પેલો સન્યાસી જોઇ પરમ આશ્ચર્ય પામ્યો. તે મનમાં કહેવા લાગ્યો કે "એના અંતરમાં પિતૃ ભક્તિનું જ્ઞાન ઘણુંજ ઉત્તમ ઉપજ્યું છે. આવા સુપુત્રને તથા તેના માબાપને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે!" આ પ્રમાણે તે મોઢેથી ધન્યવાદ ઉચ્ચારતો ઉચ્ચારતો સજળ નેત્રે શ્રાવણના ચરણકમળમાં દંડવત્ પ્રમાણ કરવા લાગ્યો, ને બોલ્યો કે "હે મહારાજ! આપ મારા અપરાધ ક્ષમા કરવા યોગ્ય છો. તમારા જેવો કોઈ તપસ્વી નથી. તમારા જેવો કોઇ સુધર્મના તત્વને જાણનારો નથી. તમારા જેવો કોઇ જ્ઞાની નથી. તમે શ્રુતિ શાસ્ત્રનું ખરૂં તત્ત્વ જાણ્યું છે. આ પૃથ્વિને પણ ધન્ય છે, તથા બ્રહ્માને પણ ધન્ય છે, કે તમારા જેવો સત્પુત્ર સૃષ્ટિમાં પેદા કર્યો છે! તમારૂં આચરણ ને તમારૂં ચરિત્ર જોઈ મને સ્મૃતિ આવે છે કે મેં મારા માતાપિતાનો ત્યાગ કરવા રૂપી અઘોર પાપ કર્યું છે. મને તેનો હવે પુર્ણ પશ્ચાતાપ થાય છે. તમારાં માબાપ જેવાંજ

મારાં માબાપ અંધ અધીર અને અપંગ હતાં. મને કોઇ જોગીનો સંગ થયો, મને વૃદ્ધ માબાપની વાસના તજી દેવાનો ઉપદેશ થયો એટલે મેં જોગીનો વેશ ધારણ કરી માતાપિતાને છોડી દીધાં. ત્યાર પછી તેની શું ગતી થઈ હશે, તે તો હું જાણતો પણ નથી. માટે હું માબાપનો ત્યાગ કર્યાના પાપથી નર્કમાં પડીશ. માટે હે મહારાજ તમે મારા ગુરૂ થાઓ, ઉપદેશ આપો, અને બતાવો કે પિતૃ ત્યાગનો દોષ કેમ મટે ? કોઇ દૈવ યોગથી મારા પૂર્વનાં પાપથી મને એ પાપી જોગટાનો સંગ થયો, કે જેણે મારી પિતૃભક્તિનો ભંગ કરાવ્યો. હું પિતૃ-સેવામાં આળસુ હતો. આજ મને આપ જેવા જ્ઞાનીના ઉપદેશથી પિતૃ ભક્તિનું યથાર્થ જ્ઞાન થયું છે. હું તમારો આત આભારી છું."

શ્રવણે આવાં પરમહંસનાં ગર્વ ઉતરી ગયાનાં વચનો સાંભળી કહ્યું કે 'જે માણસ જેવી સોબત કરે છે અને જેવું સાંભળે છે, તેવી તે ચાહના રાખે છે. તેના જેવો તે થઇ જાય છે.

कवित—मनहर.

ગંગામાં જે ગયું જળ ગણાયે તે ગંગાજળ,
મેલી જગ્યા માંહી ગયું મેલું તે ગણાયું છે;
ક્ષાર નીધિમાં તે ગયું ક્ષાર મળી ખારૂં થયું,
છાછમાં ગયું તે છાછરૂપ થઇ છણાયું છે;
સેરડીએ પીધું તે તો સેરડીનો રસ રૂપ,
ચુનામાં ગયું તે ચુના રૂપ થઈ ચણાયું છે;
એકજ આકાશની પેદાશ જન જાણો તમે,
જેવો જેવો યોગ મળ્યો તેવું તે જણાયું છે. ૧

दोहा.

પાપી સંગે સંત જન, પડે નરક મોઝાર;
જેમ દુષ્ટ સંગે સજ્જન, ખાય માર વણ વાંક. ૧

कवित — मनहर.

જેમ કોઇ ખાટલામાં માકડ ઘણાક પડે,
ખાટલો બિચારો માર ખૂબ તેથી ખાય છે;
જેમ કોઇ કાગણુથી બાળે છે કાંટાને જન,
કાંટા સાથે નિષ્કંટકીએ બળી જાય છે.
જેમ શત્રુ સૈન્યને સંહારવાને જાય રાજા,
તેમાં જો સ્વજન હોય તોએ માર્યા જાય છે:
તેમ દુષ્ટ સંગતીમાં કહે કવિજન એમ,
પરમ પવિત્ર હોય તો પણ તે પીડાય છે. ૧

કદાપિ કરોડો ગાયોની હિંસા કરી હોય, કરોડો બ્રાહ્મણોની ઘાત કરી હોય અને જેનો કહેતાં પણ પાર ન આવે એવાં મોટા મોટાં ભયંકર પાપ જેણે કર્યાં હોય, માંસ મદિરાનો ક્રય વિક્રય કર્યો હોય, અગર દીકરીનો વિક્રય કર્યો હોય, તે બધાં પાપ કદિ કોઇ ઉપાયથી મટે, પણ માતાપિતાનો તિરસ્કાર કર્યો હોય તે પાપથી કોઇ છોડાવી શકતું નથી.

જે માણસ માતાપિતાની સેવા કરતો નથી, તેના બધાં સાધનોને ધિક્કાર છે. તેના કર્મને, ધર્મને તથા ધ્યાનને પણ ધિક્કાર છે. તેના વેદના પઠનપાઠનને ધિક્કાર છે. તેના ઇશ્વર આરાધનને ધિક્કાર છે. યજ્ઞ યજ્ઞાદિકને, તેના ભજનને, તેના તીર્થના સ્નાનને, દાનને પણ ધિક્કાર છે. ટુંકામાં તેના સત્ય અને અસત્ય કાર્યોને સહસ્રવાર ધિક્કાર છે. માટે હે બાઇ ! જો તમને તમારા પિતૃ ત્યાગના પાપનો પશ્ચાતાપ થતો હોય, ને તે મટાડવાને ઇચ્છતા હો તો તમારા પિતૃનું સ્મરણ કરી દીન ઉચ્ચાર વડે તેમની પ્રાર્થના કરો, અને આ પતિત પાવની ગંગા નદીમાં સ્નાન કરો. વિધિ સહીત સ્નાન કરી અભિમા-

નને તજી તમારા પિતૃનું ધ્યાન ધરો. બીજી કોઇ ઇચ્છા રાખ્યા વિના ઇશ્વરનું ભજન કરી પ્રભુ પાસે તમારા માબાપનું શ્રેય માગો, અને કલ્યાણ ઇચ્છી લો." આ પ્રમાણે શ્રવણે સન્યાસીને ઉપદેશ કર્યો.

આથી પરમહંસ પ્રભુની પ્રાર્થના કરી કહેવા લાગ્યો કે "મેં વૃદ્ધની સેવા તજી દઇ જે અપરાધ કર્યો છે, તે અગાધ પાપને મટાડવાને હું મારા અંતઃકરણથી ખેદ કરૂં છું. (પિતાને ઉદ્દેશીને) હે તાત! જે પાપ મારાથી થઈ ગયું છે, તેનો નાશ કરી મને નિષ્પાપ કરો. મારા અવગુણનો હું પશ્ચાતાપ કરૂં છું." આ પ્રમાણે પ્રભુની તથા પિતાની પ્રાર્થના કરી પરમહંસે ગંગામાં સ્નાન કર્યું ને વારંવાર પિતૃ ત્યાગના પાપનો પશ્ચાતાપ કરી તે ગંગાજીની પ્રાર્થના કરવા લાગ્યો.

ગંગાજી સન્યાસીની પ્રાર્થના સાંભળી, તેને કહેવા લાગ્યાં કે "મારાથી પિતૃ દ્રોહના પાપનો એક અંશ પણ ટાળી શકાય તેમ નથી. તું કહે તો સોનાનો પહાડ તોડી નાખું, બ્રહ્માંડને ફોડી નાખું અને વેદ વિરૂદ્ધ ધર્મની ચાલ ચાલનારને હું શુદ્ધ કરી શકું, અને મહા પ્રપંચી અને પાપી શરીરને પણ પાવન કરી શકું. ભલે મારામાં ન્હાનાર નર્ક-નિવાસી હોય, કે ભલે તે પતિત હોય, પણ જો મારા જળનો સ્પર્શ કરે તો તેનાં પાપ જતાં રહે. પણ જેણે પિતૃ-દ્રોહ કર્યો હોય, ને માતતાતની સેવા તજી દીધી હોય, તેવાનાં પાપની એક રેખાને પણ હું મટાડી શકતી નથી. તે ભલે મારા જળમાં હજાર વર્ષ સૂધી સ્નાન કરી જપ તપ કરે, પણ પિતૃ દ્રોહનું પાપ મારાથી કે તેનાથી ટાળી શકાતું નથી."

આ પ્રમાણે ગંગાજીનું બોલવું સાંભળી સન્યાસીએ પોતાના ગુરૂ શ્રવણના પગની રજ લઇ તે રજથી સ્નાન કર્યું. તે રજરૂપી પાદોદકનું પ્રાશન કર્યું. એટલે જેમ પિતળનું પાત્ર અગ્નિથી શુદ્ધ થાય તેમ

આ સન્યાસીનું શરીર પાપથી રહિત થઇ ગયું. પછી શ્રવણને ગુરૂ ધારી તેની પાસેથી મંત્રોપદેશ લીધો. પ્રભુ રૂપે માબાપની સેવા કરવાનો વીધિ શીખી લીધો, ને પોતાનો મત તજી દઇ શ્રવણના મતનો અંગીકાર કર્યો. અને ઘેરઘેર ફરતાં ફરતાં બોલવા લાગ્યો કેઃ--

सवैया.

જે પત્નિ પતિ ભક્તિ કરે નહિ, પુત્ર કરે નહિ ભક્તિ પિતાની,
નોકર નાથની ભક્તિ કરે નહિ, ભૂપ કરે ન સંભાળ પ્રજાની;
માતપિતા ન કરે શિશુ રક્ષણ, પતિ સંભાળી ન લે નિજ નારી,
તે નરનારી પડે નરકે વળી, પામે પ્રાપ્તિ અપાર પીડાની. ૧

ઉપરનો સવૈયો શ્રવણના બધા શિષ્યો જ્યારે ભિક્ષા માગવા જતા ત્યારે ગલી ગલી ને ઘર ઘર પોકારતા ને શિખામણ દેતા.

પછી શ્રવણ પોતાના માબાપને કાવડમાં બેસાડી કાશીપુરીનાં બધાં મંદીરમાં દર્શન કરવા લઇ ગયો. એક મંદીરમાં એક બ્રાહ્મણ કથા વાંચવાનો આરંભ કરતો હતો, ત્યાં ઘણા શ્રોતાઓ પવિત્રતાનો દંભ કરી બેઠા હતા. તેવામાં કથાકારે મંગળાચરણનો ઉચ્ચાર કર્યો. શ્લોકના ત્રણ ચરણ બોલાયા પછી ચોથું ચરણ બોલતાં જરા વાર લાગી, એટલે મોટા અવાજથી ચોથું ચરણ પુરૂં થયું. **यत्र प्रसुपाद रजोभिषेकः** ॥ આ વાક્ય સાંભળી ત્યાં બેઠેલા શ્રોતાઓને બહુજ ગુસ્સો ચઢયો. (પુરો શ્લોક પ્રસ્તાવનામાં લખ્યો છે ત્યાં જોવો.) અને તેઓ ચોથુ ચરણ પુરણ કરનારને પૂછવા મંડયા કે-"તમારો વેદ કયો છે ? તમારો આચાર્ય-અગ્નિ કોણ છે ?" શ્રવણ અને તેના શિષ્યો કહેવા લાગ્યા કે "અમારા આચાર્ય વસિષ્ટ મુનિ છે, અને બીજા અમારાં માબાપ છે. એ ત્રણે અમારો વેદ છે. અગ્નિ પણ તેજ છે. આ વાકય અમારૂં મન કલ્પિત નથી પણ શાસ્ત્ર સિદ્ધ છે. શ્રુતિ

સ્મૃતિ ને પુરાણોમાં મોટા મોટા માહાત્મા પુરૂષો લખી ગયા છે કે--

॥ अथ मनुस्मृतिः ॥

श्लोक.

यन्माता पितरौ क्लेशं सहते संभवे नृणाम् ॥
न तस्य निष्कृति शक्या वक्तुं वर्ष शतैरपि ॥ १ ॥

અર્થ—૧ જે માણસોના જન્મ ધરવા થકી માબાપોને કલેશ થાય છે તે જન્મ તેમનેજ કલેશ આપે છે. તે પાપનું નિવારણ કહેવાને સો વર્ષે પણ શક્તિવાન થવાય નહિ.

तयोर्नित्य प्रियं कुर्यादाचार्यस्य च सर्वदा ॥
तेष्वैव त्रिषु तुष्टेषु तपः सर्वं समाप्यते ॥ २ ॥

૨ માબાપનું તથા ગુરૂનું સદા પ્રિય કરવું. એ ત્રણે સંતોષ પામે, તેમાં સર્વ તપની સમાપ્તિ થાય છે.

एषां त्रयाणां शुश्रुषा परमं तपोच्यते ॥
त्रएवहि त्रयो वेदा स्त्रएवोक्तास्त्रयोग्नयः ॥ ३ ॥

૩ એ ત્રણેની સેવા એજ મોટામાં મોટું તપ કહેવાય છે. એજ ત્રણ વેદ તથા એજ ત્રણ અગ્નિ દેવ છે.

॥ श्रीमद्भागवते ॥

श्लोक.

सर्वार्थ संभवो देवो, जनितः पोषितो यतः ॥
न तयो र्याति निर्वेशं, पित्रोर्मर्त्यः शतायुषा ॥ १ ॥

સર્વ અર્થની સિદ્ધિ કરવાવાળો એવો જે આ દેહ તેને જેણે ઉત્પન્ન કર્યો અને પોષ્યો એવા માબાપનો બદલો સો વર્ષ સુધી જીવીએ તોપણ ન વળી શકે.

पुत्राणां हि परोधर्मः, पितृ शुश्रुषणं सताम् ॥

માબાપની સદા સેવા કરવી એજ સુપુત્રોનો પરમ ધર્મ છે.

॥ श्री स्कंधपुराण ॥

पित्रोर्गुरोश्च शुश्रुषा, कर्त्तव्या श्रद्धयाऽन्वहम् ॥
यथाशक्ति न तां कुर्याद्यः स यास्यति रौरवम् ॥ १ ॥

માબાપ તથા ગુરૂની સેવા નિરંતર શ્રદ્ધાપૂર્વક કરવી જોઇએ. છતાં જે યથાશકિત ન કરે તે રૌરવ નર્કમાં પડે છે.

આ પ્રમાણે શાસ્ત્રના વચનથી શ્રવણે પોતાનો મત દૃઢ કર્યો. વાદવિવાદમાં કથાકારને જીતી લીધો, જેથી સઘળી સભા ચુપ થઈ ગઇ. વસિષ્ઠના વચનથી અને ઘણા પુરાવાથી ષટ્ શાસ્ત્રની સાક્ષી આપી બધાના અંતઃકરણના સંશયનું છેદન કર્યું તેથી કાશીમાં તેની કીર્ત્તિ વધી. દરેક સ્ત્રી–પુરૂષો તેનાં દર્શન કરવા આવવા લાગ્યાં, ને ઘણી મોટી સંખ્યામાં શ્રવણના શિષ્ય થયાં. એક વખતે કાશીના રાજાને તેના ચાકરે આવી કહ્યું કે " આપણા ગામમાં એક ઘણી નવાઇની વાત મેં દીઠી.

દોહો.

ષટ્ પદ કર ત્રણ દેહ છે, બે ચક્ષુ સુખ રૂપ;
અચરજ એવું મેં દીઠું, વિચારજો મન ભૂપ. ૧
સાત શ્રવણ સાક્ષાત છે, ત્રણ મુખને ત્રણ નાક;
શ્રવણ વડે દેખાય છે, દંપતિને ભલી ભાત." ૨

આવાં વચન સાંભળી કાશીના રાજાએ યોગ્ય તપાસ કરાવી. પોતાને શ્રવણના અતુલ્ય મહીમાની ખરી બાતમી મળતાં તે શ્રવણ પાસે ચાલીને આવ્યો અને તેને શિશ નમાવી બોલ્યો કે "મહારાજ! તમારા જેવો પિતુભક્ત હું થાઉં, એવો મને આશિર્વાદ આપો. આપને માટે ભોજન, ધન, વસ્ત્ર, આભુષણ, ઘોડા, હાથી, રથ, જે જોઇએ તે હાજર છે, ને તે આપનાજ છે. માટે હે કૃપાસિંધુ! કરૂણા કરી આપની ઇચ્છામાં આવે તે ગ્રહણ કરો." આવાં વચન સાંભળી શ્રવણ કહેવા લાગ્યો કે

"જેને માતાપિતાની કૃપારૂપી લક્ષ્મિ મળી છે, તે લક્ષ્મિ સમાન બીજી ત્રણ લોકમાં કોઇ પણ લક્ષ્મી નથી. તે પુરૂષ તો સદા લક્ષ્મિ-વાનજ છે. એક તો ઇશ્વરે જેને અમર કીધો છે, ને વળી તેને અમૃત મળે, તો તેને પછી કઇ વસ્તુની કમતી રહે! બધા દિગ્પાલો જેનું રક્ષણ કરે છે, તેને દાનવ કે માનવમાં કોણ દુઃખ દઇ શકે! જેને માતાપિતાના પદરેણુંરૂપી રિદ્ધિ મળી છે, તેને બીજી રિદ્ધિ સિદ્ધિની શી જરૂર છે? બાકીની બીજી બધી રિદ્ધિ સિદ્ધિ જેમ વમન કરેલું અન્ન નિરર્થક છે, તેમ નિરર્થકજ છે. હું જો બીજા માયાના પદાર્થ રાખું ને તેનો સંગ કરૂં તો મારા માતાપિતાની ભક્તિમાં ભંગ પડે." રાજા કહેવા લાગ્યો કે "તમે તમારી કાંધ ઉપરથી કાવડ દૂર કરો, ને તમારા માબાપને સુખપાલમાં કે રથમાં સારી રીતે બેસાડો. તેને માટે સાથમાં હું તમને ભોઈ આપું." શ્રવણે કહ્યું કે "કમંડલું પંકજની જાતી હોઇ પંકજને તજી શકતું નથી. કૃષ્ણ તુલશીદલને કદિ તજતા નથી. નારદને શારદા વીણા કદિ તજતાં નથી. ક્ષત્રિ કદિ તરવારને દૂર કરતા નથી. તેમ હું કદિ આ કાવડને દૂર કરી શકતો નથી. એતો જેમ આંખના માણુસામાં પુતલી

જડાઈ ગઈ છે, તેમ મારા અંતરમાં માબાપ જડાઇ ગયાં છે. જેમ શેષનાગ પૃથ્વિને દૂર કરી શકતા નથી, શંકર જેમ ગંગાજીને દૂર કરી શકતા નથી, ને તેને જેમ ધારણ કરી રાખે છે, તેમ મેં આ કાવડ ધારણ કરી તે કરી, તે કદિ દૂર થઈ શકવાનીજ નથી. જેમ સુવાસણી સ્ત્રીને આભુષણોનો ભાર લાગતો નથી, તેમ મને આ કાવડનો ભાર લાગતો નથી." આ પ્રમાણે શ્રવણની વાણી સાંભળી રાજા તેનો શિષ્ય થયો.

ત્યાં શ્રવણચાતુર્માસ રહી, પછી પ્રવાસમાં નીકળ્યો. કાશીમાં તેની કીર્ત્તિ સારી જામી હતી, માટે બીજા લોક કોઇસાથે ન આવે, એમ વિચાર કરી રાત્રિમાં તેણે પ્રયાણ કર્યું.

કાર્તિક માસની પૂર્ણીમાને દિવસે કાશીથી શ્રવણ ચાલી નીકળ્યો. કાશીમાં તેની કીર્તિનાં કીરણો સૂર્યનાં કીરણની સમાન પ્રકાશી રહ્યાં હતાં. સવાર પડી ત્યારે ઘણાં માણસો ઉતારાપર આવી નિરાશ થઇ ઉદાશ ચહેરે પાછાં ફરવા લાગ્યાં, ને અન્યોઅન્ય તેની પિતૃભક્તિનાં વખાણ કરવા લાગ્યાં.

કાશીથી અગ્નિ ખૂણામાં ૨૭ યોજનપર ગયા તીર્થ છે, ત્યાં જઇ શ્રવણે સ્નાન કર્યું. ગયાજીમાં પિતૃશ્રાદ્ધ કરી બ્રાહ્મણો જમાડયા. પોતાનાં માબાપની જે આશા પુરી ન થાય તેવી હતી, તે પુરી કરી, ગદાધર દેવનાં દર્શન કરી, ત્યાં એક માસ નિવાસ કર્યો ત્યાંથી પછી વૈજનાથ તરફ પ્રયાણ કર્યું. અને ત્યાંથી તે મુર્શિદાબાદ આવ્યો.

ત્યાં એક સરિતા હતી કે, જેમાં શુદ્ધ અને ગંભીર જળ ભરેલું હતું. કાંઠા પર નાના પ્રકારનાં વૃક્ષો આવી રહેલાં હતાં. ચારે પાસ ચક્રવાક પક્ષિઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. જાણે હંસના વંશના હોય તેવા

બગલા કીનારાપર ફરતા હતા. વૃક્ષોમાં કોયલો ટહુકાર કરી રહી હતી. ફુલોમાં મધુકરો ગુંજારવ કરી રહ્યા હતા, કેટલાંક જલજ જીવ જંતુ જેમ માતાના ખોળામાં બચ્ચાં ખેલે તેમ ખેલી રહ્યાં હતાં. એ સરિતાના પ્રવાહમાં પડી, શ્રવણ ચાલવા લાગ્યો. જેમ ગજરાજ નિડર થઇને ચાલે, તેમ શ્રવણ નિડર થઇ ચાલતો હતો. જે જલના મોજાં ઉપરાઉપર આવતાં તે જાણે પિતૃભક્ત શ્રવણના પગ ધોતાં હોય તથા જળનાં ફીણ જાણે શ્રવણ પર ચંદન ચર્ચતાં હોય, તેમ લાગતું. અને તેની અંદર ઉગેલાં કમળ પુષ્પો અને પત્રો જાણે શ્રવણનું પૂજન કરવાને માટેજ ગંગાજીએ આણ્યાં હોય, તેમ દેખાવ થઇ રહ્યો હતો. કમળનો ધુમ્ર રંગનો પરાગ ઉડતો હતો તે જાણે ગંગાજીએ શ્રવણને માટે ધુપ કર્યો હોય, તેમ જણાતું. જળમાં સૂર્યનું પ્રતિબિંબ તે જાણે દીપક કર્યો હોય તેમ ભાસતું. નદીમાં લોકોએ નાંખેલાં શ્રીફળ તણાતાં હતાં, તે જાણે શ્રવણને નૈવેદ ધરાવવાને માટેજ ખાસ ગંગાજીએ આણ્યાં હોય એમ ધારવામાં આવતું. આસપાસના કિનારા પરનાં પક્ષિનાં ગાન જાણે તેની સ્તુતિ કરતાં હોય, તેમ જણાતું. શુક અને સારિકાના મધુર અવાજો જાણે પુજન વખતે જેમ વેદની ધુન બ્રાહ્મણો કરે છે, તેમ થઇ રહ્યા હતા. આ પ્રમાણે માબાપને ખાંધે બેસાડી નદી ઓળંગી શ્રવણ સામા તટ પર પહોચ્યો. ત્યાં ત્રણ મહિના નિવાસ કરી, ચારે તરફના તીર્થો કરી દક્ષિણ દિશામાં દશ યોજન પર હુગલી નદી છે ત્યાં પોતાના માબાપ સહીત મુકામ કર્યો, ને ત્યાં ચાતુર્માસ ગાળવાનો નિશ્ચય કર્યો. ત્યાં રહી ગંગાસાગરના સંગમમાં સ્નાન કરી, આસપાસનાં અનેક નાનાં મોટાં તીર્થો કર્યાં. કોઇ જગ્યાપર એક દિન, કોઇ જગ્યાપર પાંચ દિન, કોઇ જગ્યાપર પંદર દિન અને કોઇ જગ્યાપર એક માસ રહી શ્રવણ પોતાના મતનો ઉપદેશ કરતો

હતો. તીર્થમાં જતો ત્યાં પણ તેજ ઉપદેશ કરતો હતો. શ્રવણના મુખનો ઉપદેશ સાંભળી ઘણા લોકો તેના શિષ્ય થયા. તથા નાના પ્રકારની ઉમદી ભેટો શ્રવણની પાસે ધરવા લાગ્યા, જે વડે શ્રવણ પોતાનું કામ નીભાવી લેતો. આસપાસનાં તમામ શહેરમાં શ્રવણની વાત ચાલી, તેથી લોકોનાં મોટાં મોટાં ટોળાં શ્રવણનાં દર્શન કરવા આવવા લાગ્યાં. જ્યારે ચોમાસુ પુરૂં થયું. ત્યારે ત્યાંથી શ્રવણે પ્રયાણ કર્યું. લોકોનો સ્નેહ તેના પર અત્યંત હોવાથી કેટલાક તો સાથે આવવાનો આગ્રહ કરવા લાગ્યા.

ત્યાંથી શ્રવણ પુરૂષોત્તમપુરીમાં ગયો. ત્યાંથી મોટા મોટા પર્વત અરણ્ય ને ધાટા વનને ઓળંગી તેણે કેપ પાલમૈરા ને પછી મહા નદીનો પંથ લીધો. થોડા દિન કટકપુરમાં રહી, ત્યાંથી જગન્નાથ પુરી ગયો. ત્યાં કૃષ્ણ અને સુભદ્રાની પુજા કરી. રથજાત્રાંના મોટો ઉત્સવ થયો, તેમાં પોતે સારી રીતે ભાગ લીધો. જે જે બાબતો પોતે દેખતો તે તે બાબતોનું દરેક તીર્થનું વર્ણન માબાપને સંભળાવતો હતો. ત્યાં ત્રીજું ચોમાસુ પુરૂં કરી, ઘણા માણસોને પિતૃ સેવાનો ઉપદેશ કરી, આસપાસના બાકી રહેલા પ્રાંતમાંનાં તીર્થો ક્રમે ક્રમે સંપૂર્ણ કર્યાં. તે દરેક તીર્થમાં જઈ સ્નાન દાન ધ્યાન ને દર્શન કરતો હતો. માબાપની સેવા અનન્ય ભાવથી એકચિત્તે કરતો હતો. મનમાં જરાપણ ક્ષોભ પામ્યા વિના વૈરાગ્ય વૃત્તિ ધરીને સમયાનુસાર પડના સુખ દુઃખને દૃઢ મન વડે સહન કરતો. આહા ! ધન્ય છે. તેના નિર્મળ પ્રેમને ! અને તેની આદર્શ માતપિતા ઉપરની શુદ્ધ ભક્તિને !

પ્રકરણ ૬ ઠું

क्वचिद्भूमौ शय्या क्वचिदपि च पर्यंक शयनं ।
क्वचिच्छाकाहारः क्वचिदपि च शाल्योदनरुचिः ॥
क्वचित्कंथाधारी क्वचिदपि च दिव्यांबरधरो ।
मनस्वीकार्यार्थी न गणयातिदुःखं न च सुखं ॥ १ ॥

(કોઇ ટાણે ભૂમિપર ને કોઇ ટાણે પલંગપર શયન, કોઇટાણે શાક માત્ર ને કોઈ ટાણે સુંદર બિરંજાદિનું ભોજન, કોઇ ટાણે ગોદડી ને કોઇ ટાણે સુંદર વસ્ત્રો, એમ ફક્કડની માફક રહી મનનું ધારેલું કાર્ય સાધનાર ચતુર પુરૂષ દુઃખ તથા સુખને ગણતો નથી.)

* * * *

જગન્નાથપુરીથી નીકળી શ્રવણે રામેશ્વર તરફનો માર્ગ ઝાલ્યો, તેણે વચમાં મોટા પર્વતો ને ગહન વનમાં મહાદુઃખદાયક પ્રયાણ કર્યું. માબાપને કાવડમાં બેસાડી કાંધપર લઇ, શ્રવણ નિર્જન અરણ્યમાં ચાલ્યો જાય છે, તેની પ્રીતિ માબાપના ચરણમાં જડાઈ રહી છે, એટલે આ ઘાટું અરણ્ય કે જે મહા ભયંકારી ભાસે છે તે શ્રવણને જેમ કોઇ પરમાત્માની સાથે પોતે ચાલતો હોય, ને ભય ન હોય, તેમ ભયકારી લાગતું નથી. માબાપરૂપી પ્રભુ જેના સાથમાં બિરાજે છે તેને કોનો ભય છે ! સિંહ, અજગર, નહાર, રીંછ, આદિ મહા ઉગ્ર ને ક્રુર સ્વભાવવાળાં પ્રાણી પણ શ્રવને જોઇને નાસી જવા લાગ્યાં. જાણે કોઇ પારધી મહા જાદુ મંત્રથી હિંસક પશુઓનો નાશ કરવા વિચરતો હોય, તેવોજ ભય હિંસક

પશુઓને લાગવાથી તેઓ નાસવા લાગ્યાં. ત્યાં સીંધણ જેવી ભીલની સ્ત્રીઓ ભમતી હતી. જાણે રાત્રી હોય તેવી અંધારી ઘાટી ઝાડી જામી રહી હતી. તેવા ઘાટા વનમાં મહા વિક્રાળ ભીલો ભૂતની માફક ભમતા હતા. જેમ જળના જંતુ જળમાં મજા માને છે, તેમ અરણ્યના પ્રાણી અરણ્યમાં આનંદ કરતાં હતાં. મોટા મોટા પહાડ ને તેની ભયંકર ખોથી જંગલ મહાભયંકર દેખાતું હતું, અને ચારે તરફ ગુહાઓમાં અઘોરીના આશ્રમ ને ચોર લોકના નિવાસો હતા. માર્ગ પણ ચોકખો જણાતો નહોતો, ચારે બાજુ કાંટા ને કાંકરાથી રસ્તો વિકટ હતો. તેમાં ચાલવાથી શ્રવણના પગ કાંટા ને કાંકરાથી ફાટી ગયા પણ તેનો માતપિતા વિષેનો સ્નેહ જરા પણ ઘટયો નહિ. જેમ શુરવીરને વધારે ઘા વાગે તેમ યુદ્ધમાં વધારે જોરથી લડે, તેમ શ્રવણનો માબાપપર વધારે વધારે સ્નેહ થતો ગયો. મહાભંયકારી રીંછો ને મોટા મોટા સર્પો ચારે કોર નજરે પડતા હતા. જમીન તદ્દન ઉજડ હતી. તાપ પણ ઘણો તપતો હતો. વૃક્ષ પણ મળે નહિ. તેમ બીજું સ્થાન પણ કોઇ દેખાતું નહોતું ને ઉની ઉની લૂથી એટલે ગરમ પવનથી કાન ને આંખો ગરમ થઇ જતી હતી. શ્રાવણને પગમાં કાંટા ને કાંકરા વાગવાથી લોહી ચાલ્યાં કરતું હતું. તેનું શરીર પરસેવાથી ટપકયા કરતું હતું. આવા મહાન્ પ્રયાસથી તેનો શ્વાસોશ્વાસ પણ વધારે ચાલવા લાગ્યો.

ग्रीष्म वर्णन–सवैया.

ગ્રીષ્મના તાપે તપી વસુધા થઇ રહી વિષમ વારી વિનાની,
વાનરનું શિર ફાટી પડે તો કયાં નરની રહી વાત કહાની;
તાપ સ્હેવાય નિવાસ વિષે ન, પ્રવાસ વિષે કહું શું પ્રસર્યાની,
રાહ નહિ વળી દાહ બળે વન, ધન્ય સુપુતની ટેક મજાની. ૧

શ્રવણે ઘણું ઉગ્ર તપ કર્યું, તે આ જડ લેખનિથી શું લખાય ? તેનું તપ જોઇને ઇંદ્ર પણ ત્રાસ પામ્યો.

હરિગીત છંદ.

શ્રવણ શિરપર કુસુમ વૃષ્ટિ, દેવ સર્વ અતિ કરે,
ધન ધન્ય શ્રવણ સુપૂતને, એવા ઉચારો ઉચ્ચરે;
ગગનમાં ઘન છાઇને, છાંયા શ્રવણ તન પર કરે,
સુંદર પવન સુગંધીમય થઇ, શ્રવણ કાજે સંચરે. ૧

શ્રવણ ! ધન્ય છે, ધન્ય છે ! એમ પોકાર કરી દેવતાઓ શ્રવણ પર પુષ્પવૃષ્ટિ કરતા.

કોઇ વખત દશ દશ દિવસ સુધી અન્ન જળ મળતું નથી, પાસે રાખેલું અન્ન જળ માતા પિતાને ખવરાવે પીવરાવે છે, એ રીતે માબાપને તૃપ્ત કરે છે, પોતે પૂરો આહાર પણ લેતો નથી, જાણે કે બાળપણનો બદલો વાળતો હોય, તેમ પ્રત્યુપકાર કરે છે. જેમ જેમ દુઃખ પડે છે, તેમ તેમ મનમાં આનંદ માને છે. જેમ કોઇ ઋણિ માણસ કર્જમાંથી મુક્ત થતો જાય, ને આનંદ માનતો હોય, તેમ આનંદ માને છે, અને રસ્તો કાપતો જાય છે.

ચાલતાં ચાલતાં રાજમહેંદ્રી પાસે નદીનો સમુદ્ર સાથે સંગમ થાય છે, ત્યાં શ્રવણ આવી પહોંચ્યો, ત્યાં શ્રાવણે સ્નાન કર્યું. ઘણાંક ગામ, શહેર ને વન તજી ઘણા પરિશ્રમે ઘણા દિન વીત્યે તે પુરૂષો-ત્તમપુરીથી ત્રણસેં ગાઉ ઉપર મચ્છલીપટ્ટન પહોંચ્યો. ત્યાં એક માસ નિવાસ કર્યો. ત્યાંથી બસો ગાઉ ઉપર મદ્રાસમાં ગયો. વચમાં કૃષ્ણા નદીના તટનો વિકટ રસ્તો ઉલ્લંઘન કરી કર્ણાટકમાં આવ્યો. મદ્રાસ-માં તેને માણસો કહેવા લાગ્યાં કે, મહારાજ ! અહીં એક માસ રહો. આ સાંભળી શ્રવણે કહ્યું કે–" મારે કાવેરીનાં દર્શન કરવા જલદી

જાવું છે." આ વખતે બધા લોકોએ તેને કહ્યું કે "મહારાજ ! કરોડો કાવેરી મળે તોપણ તમારી કાવડી બરાબર થાય નહિ. તમારી કાવડીની તુલ્ય ભુગોળ કે ખગોળ પણ નથી, તે પરમ મોક્ષની પદ્વીને આપવાવાળી છે. ત્રિવેણીનું તત્ત્વ તમારી કાવડીની ત્રણ દોરી જેટલું પણ નથી તો ગંગા ગોમતી ને ગોદાવરી તો કઈ ગણતરીમાં? તમારી કાવડીનો દંડ યમના દંડને પણ નાશ કરનારો છે. આ તમારી કાવડી નથી, પણ ભવજળ તારનારી નૌકા છે. માટે હે કૃપાનાથ ! કાવેરી કાવેરી શું કરો છો ? કાવેરીને પણ પવિત્ર કરનાર આ તમારી કાવડ છે." આ પ્રમાણે લોકો ઘણી પ્રાર્થના કરી કહેવા લાગ્યાં તોપણ શ્રવણ ત્યાં નહિ રોકાતાં ચાલી નીકળ્યો.

મદ્રાસથી ચાલી કેટલીક નદીઓ ઓળંગી જ્યાં કાવેરી સાગરને મળે છે, ત્યાં જઈ સ્નાન કરી, શ્રવણે યાત્રા સફળ કરી. ત્યાંથી તંજાવર ને રામેશ્વર ગયો, ને ત્યાં ચોથું ચોમાસું ગુજાર્યું. આસપાસના પ્રાંતમાં તેની કીર્તિનો પ્રકાશ પ્રસર્યો. પછી તે રામેશ્વરથી સંહ્યાદ્રિ પર્વત ગયો, ને ત્યાંથી શ્રીરંગપટ્ટન જઈ મહા હર્ષ પામ્યો. પછી ત્યાંથી કાંચીપુરીમાં ગયો. હરિહરની મૂર્તિ છે, તેનાં સ્નેહ સહિત દર્શન કરી થોડા દિવસ ત્યાં રહી, ત્યાંથી તે મલયાચલ ગયો. ત્યાંથી દંડકવનમાં જ્યાં કોકણ દેશ છે, ત્યાંથી ભીમા નદી પાસે પંઢરપુરમાં તેણે વિઠ્ઠલનાથનાં દર્શન કર્યાં. ત્યાં દશ દિવસ રહ્યો. પંઢરપુરથી પદર યોજન મુલામીઠા નદીમાં સ્નાન કરી, પુના સંસ્થાનમાં ગયો. પુનાથી પંદર યોજન એક બેટ છે, જેને માહામાયાપુરી (મુંબઇ) કહે છે ને જે સાગરની સમીપ છે ત્યાં જઇ તેણે સાગરસ્નાન કર્યું. સાગર પણ તેથી પોતાને કૃત કૃતાર્થ માનવા લાગ્યો. ત્યાંથી સાઠ ગાઉ ઉપર નાસિક ત્ર્યંબક તીર્થ છે, જ્યાં ગુણવાળી ગોદાવરી નદી વહે છે,

ત્યાં જઇ તેણે સ્નાન કર્યું. ત્ર્યંબકેશ્વર મહાદેવનું પ્રેમથી પૂજન કરી તેણે પાંચમું ચોમાસું આનંદથી ત્યાં વ્યતિત કર્યું.

એક દિવસ શ્રવણ ગોદાવરી કિનારે સ્નાન કરવા આવ્યો, ત્યાં એક કૌતુક થયું. તેણે એક પુરૂષને રોતો જોયો. એક પુરૂષ મરેલો હતો તેને ખોળામાં લઇ પેલો પુરૂષ રૂદન કરતો હતો,બહુજ રૂદન કરી કરીને બેશુદ્ધ થઈ વારંવાર ભૂમિ પર પડી જતો હતો, તથા નેત્રમાંથી જળની ધારા વહેતી હતી, માથું ને છાતી જોરથી કૂટતો હતો, રોઈ રોઇને આંખો લાલ થઈ ગઈ હતી, તથા તેનું શરીર થર થર ધ્રુજતું હતું. તે પોતે પણ બળવાને તૈયાર થઇ રહ્યો હતો. તેને જોઇ શ્રવણ તેની પાસે ગયો. ને તેને સમજાવી કહેવા લાગ્યો કે, " હે ભાઈ! આ સંસાર સ્વપ્ના જેવો છે. તેમાં જન્મ મરણ થયાંજ કરે છે, તેનું સુખ દુઃખ લગાડવું, તે અજ્ઞાની મનુષ્યોનું કામ છે. મરણ થાય તેમાં કાંઇ નવાઇ નથી. જો, કોઇ પાંચ વરસ કોઇ દશ વરસ, કોઇ પચાસ વર્ષે, તો કોઈ ગર્ભમાંથી ને કોઇ સો વર્ષના થઇને પણ મરણને શરણ થાય છે. જીવતર ક્ષણિક છે. વિજળીના ચમકારા જેવું છે. મનુષ્ય એક ઘડીમાં જન્મીને મરી જાય છે. જીવવું મરવું પ્રભુના હાથમાં છે. તેમ છતાં એક દિન મરવું તો છે જ માટે મનુષ્યે જન્મથી હરખાવું નહિ, ને મરણથી દિલગીર થવું નહિ. હે ભાઇ! તું રો માં. એ તારો શું સંબંધી થાય છે, જે તું આટલો બધો વિલાપ કરે છે?"

તે પુરૂષ બોલ્યો, " હે ભાઇ! તમે સાંભળો. અમે બંને માહારાષ્ટ્ર દેશના રહેવાસી છીએ. અમારૂં ગામ ગોવળકોંડા છે, કે જ્યાં હીરાની ખાણો છે. જ્યારે મારાં માતા પિતાએ મને ગાળો દીધી, ત્યારે મારા મનમાં મને બહુ ક્રોધ ચઢ્યો. મેં જાણ્યું કે મારે વિષે પિતાજી પ્યાર રાખતા નથી, માટે એ મારા પિતા નહિ, પણ શત્રુ

છે. એમ ધારી તેને તજી તીર્થ કરવા હું નીકળી પડયો. મને પંઢર-
પુરથી રસ્તામાં ચોર મળ્યા, તેમણે મારાં બધાં કપડાં લતાં પૈસો ટકો લૂંટી
લીધો ને એક કોપીનભર મને રજા દીધી. તે વખતે હું અતિ દુઃખથી
મુર્છા પામી પડયો હતો, ત્યાં આ મનુષ્ય જે મૃત પડયો છે, તે
ત્યાં આવ્યો, ને મને ઉપાડીને પોતાને ઘેર લઇ ગયો. મારા પર મહે-
રબાની કરી તેણે મારી સેવા કરી. તે દંપતીએ મળી મારા અશુચી
સરીરને ધોઇ, સારૂં કરી, મળ મૂત્ર દૂર કર્યાં. સારાં વસ્ત્ર પહેરાવ્યાં.
પોતાનું ધન ખરચીને દવા કરી. મારા દુઃખમાં તેમણે સારો ભાગ
લીધો. બે ચાર દિવસ હું બીમાર રહ્યો. પછી હું હોંશિઆર થયો,
ત્યારે તેમણે મને સારાં સારાં વસ્ત્ર પહેરાવી પોતાની સાથે સારૂં
સારૂં ભોજન કરાવ્યું. ને પછી પ્રવાસ કરવા માટે મને થોડા પૈસા
પણ દીધા. કહો ભાઇ! તેનો ઉપકાર કેમ ભૂલાય? કેવો ઉપકારી
માણસ! મને એણે જીવીતદાન દીધું. માટે એના જેવો બીજો કોણ
સ્નેહી કહેવાય? આખી ઉમરભર તેનો દાસ થઇને હું રહું, તોપણ
તેના ઉપકારનો બદલો વાળી શકું નહિ. તે મને વેચે તો તેના હાથ-
થી વેચાવાામાં પણ મને સંતોષ થવો જોઇએ. હે પ્રભુ! તેણે મારા-
પર જે ઉપકાર કર્યો છે, તેનો પ્રત્યુપકાર હું કેમ કરીને વાળી શકું?
આમ હું રાત્રી દિવસ ચિંતવન કરતો હતો, એટલામાં તે જ પુરૂષ
આ શહેરમાં આવ્યો, ને આ દેવળમાં રાત્રીએ સૂતો. ત્યાં તેને સર્પ-
દંશ થયો, ને તે મરણ પામ્યો. પ્રભાતે હું અત્રે દેવપૂજન કરવા
આવ્યો, ત્યાં તેને મેં આ દશામાં પડેલો દીઠો, ને ઓળખ્યો. મારા
આ મિત્રનું આવું શોકજનક મૃત્યુ જોઇ મારા નેત્રમાં જળ આવ્યું,
ને હું રોવા લાગ્યો, કે અરે રે મારાથી તેની કંઇ સેવા થઇ નહિ.
તેનું ઋણ મારા પર રહ્યું. આ વાત વારંવાર મને યાદ આવે છે
ને હું રડયા કરૂં છું."

આ સાંભળી શ્રવણે કહ્યું, " હે ભાઇ ! એણે તો તારા ઉપર શું ઉપકાર કર્યો છે ? તારા માબાપનો ઉપકાર તું તપાસી જો, ને તેનો વિચાર કર. તારી જે અવસ્થામાં તારા મિત્રે સેવા કરી તેથી પણ અધિક કનિષ્ટ ને અઘટિત અવસ્થામાં તારી તારાં માતતાતે સંભાળ કરી-લીધી છે. તેમણે તારી એકચિત્તથી સેવા કરી છે તે વખતે તારી પાસે કોપીન પણ ન હતું, ધન પણ ન હતું, તારૂં મુર્છિત જેવું શરીર હતું, બેસવા ઉઠવાની શક્તિ ન હતી, બોલવાની તાકાદ ન હતી, મળ-મુત્ર ત્યાગ કરવાની શુદ્ધિ ન હતી, આહાર કરી શકતો નહોતો, માબાપ સિવાય તારે તે વખતે કોઇનો આધાર ન હતો. પોતાના પુત્રને માટે ધન ખર્ચી, શરીરે અનેક પ્રકારનાં દુઃખ વેઠી, તને બધી રીતે સુખ આપનાર તો માબાપજ છે. પોતે સારો આહાર તજી તને મિષ્ટાન્ન ખવરાવ્યું છે, પોતે ફાટેલાં વસ્ત્ર પહેરી તને સારાં વસ્ત્ર પહેરાવ્યાં, તને દુઃખી દેખી પોતે દુઃખી થયાં ને આંખમાં આંસુ લાવ્યાં એવાં ઉપકારી જે માબાપ તેનો ઉપકાર તું ભૂલી ગયો અને હે ભાઇ ! તું તારા મિત્રે કરેલા બે દિવસના ઉપકારને સંભાળે છે, પણ ઘણા દિવસના ઉપકાર કરનાર તારાં માબાપના ઋણમાંથી છૂટવાનો ઉપાય કરતો નથી! તે ઋણ તો તારા શિરપર સદાનું રહ્યું છે. માટે હે ભાઇ ! શબને અગ્નિસંસ્કાર કરી તું તારાં માબાપની પાસે જા, તેની સ્નેહ સહિત સેવા કરી, તેને સંતોષ પમાડ. તેની આશા પૂર્ણ કર." આ પ્રમાણે શ્રવણનાં વચન સાંભળી તે પુરૂષને પિતૃભક્તિનું અદ્દભૂત જ્ઞાન થયું, ને શ્રવણના કહેવા પ્રમાણે શબની ક્રિયા કરી પોતાના માબાપની પાસે ગયો અને તેની સ્નેહપૂર્વક સેવા કરવા લાગ્યો.

શ્રવણ ત્યાંથી ઇશાન ખૂણામાં ચાલતાં ચાલતાં તાપી કીનારા પર આવ્યો. ત્યાંથી સાતપુડા પર્વત પર થઇ નર્મદામાં સ્નાન કર્યું.

અમલેશ્વર ને ૐકાર મહાદેવના જ્યોતિર્લિંગનાં દર્શન કરી, ત્યાંથી વિંધ્યાચળ પર્વત પર ચઢયો. ત્યાંથી ઇંદોર ને ઉજ્જન આવ્યો. ક્ષિપ્રા નદીમાં નાહી, મહાકાળેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. છઠું ચોમાસું ત્યાં રહી, બધો માલવ દેશ જોયો. માલવ દેશના બધાં નાનાં મોટાં તીર્થ કરી ત્યાંથી પાછો ફરી ભરૂચબંદર આવ્યો, ત્યાં એક માસ રહી, બધાં મંદીરોમાં ફરી, દેવતાઓનાં દર્શન કર્યાં. ત્યાંથી મહી નદીને કીનારે થઇને વડોદરા શહેરમાં આવ્યો ને પછી મહીસાગરમાં સ્નાન કર્યું. અને સાબરમતિ જ્યાં છે ત્યાં જઇ, તે તીર્થ કરી ત્યાંથી નૈરૂત્ય ખૂ-ણામાં ચાલતાં ચાલતાં પ્રભાસપાટણ આવ્યો, ને સોમનાથ મહાદેવની સેવામાં સાતમું ચોમાસું પુરૂં કર્યું. ત્યાંથી જુનાગઢ આવ્યો કે જ્યાં ગીરનાર પર્વત છે. ત્યાં સોરઠમાં ગોપનાથ અને ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. જુનાગઢમાં તેને એક વાણીઓ મળ્યો, જે માબાપનો પૂર્ણ સેવક હતો. માબાપનું પૂજન કરવાનો તેને અભ્યાસ હતો. તે શ્રવણની પાસે આવી દીલગીર થવા લાગ્યો, ત્યારે શ્રાવણ કહે "હે ભાઇ! તને શું દુઃખ છે! દુઃખ હોય તે કહે." ત્યારે વાણીઓ વિકળ વાણીથી કહેવા લાગ્યો કે "મારે માથે ઘણું સંકટ છે.

હું પૃથ્વિપર ફૂંકી ફૂંકીને પગ મૂકું છું. પાપનાં ડરથી રખેને કોઈ જીવ મરી જાય, તેની પણ મને સદા બીક રહે છે. હું મારા પડછાયાથી પણ ડરીને ચાલું છું, ને સર્વની સાથે સ્નેહ રાખું છું. વચન પણ વિચારી વિચારીને બોલું છું, તોપણ વિધાતા એવી અવળી છે કે, અમથી અમથી કંઇને કંઇ પ્રકારની આપદા આવી પડે છે. ખરેખર એ મારા નશીબનો જ દોષ છે! કહ્યું છે કે—

સ્વજન બહુ સંસારમાં, લાયક મિત્રો લક્ષ;
દૈવ રૂઠે તો કોઇ નહિ, ટાળી શકે એક અંશ. ૧

सवैया

નિજ પુત્રિ દીધી પરમેશ્વરને, શુભ અશ્વ દીધો જ દિવાકરને,
ગજરાજ દીધો સુર રાજનને, સુરને મધુ મધ નિશાચરને;
મહિનાથ સ્ત્રીને મુક્તાફળ અર્પ્યાં, દીધો વળી ચંદ્ર જટાધરને,
સમુદ્ર અગસ્ત સમસ્ત પીધો, પણ કોઈ સહાય ન સાગરને." ૧

આ પ્રમાણે બોલી જેના નેત્રમાં જળ આવી ગયું છે એવો વણિક ગદ્દગદ્દ કંઠથી બોલવા લાગ્યો કે "મને ઘણું દુઃખ પડે છે જે મારાથી સહન થતું નથી. આથી મરણ હજાર દરજ્જે સારૂં છે." ત્યારે શ્રવણ શાંતિના વચનોથી તેને ધીરજ આપી કહેવા લાગ્યો કે "સંકટના સમયમાં મન ભમી જાય છે. શાંતિ શમી જાય છે. તે વખતે ધીરજ રાખવી, એજ ધીર પુરૂષને ઉચિત છે. સજ્જન પુરૂષો પાસે પોતાનું દુઃખ કહેવું, પણ ભયભીત થવું નહિ. સજ્જન પુરૂષો શીલતાવાળા હોય છે. હમેશાં આક્રંદ કરવાથી શું થાય? માટે હે ભાઇ! દુઃખ હોય તે કહે. આ સંસારમાં આપણે પ્રવાસી છીએ, તેમાં કોઈ વખત તાપ હોય, કોઇ વખત છાંયા હોય, કોઇ વખત સ્વદેશી સજ્જન મળે, ને કોઇ વખત રીંછ ને સિંહનો પણ મિલાપ થઇ જાય. માટે હે ભાઇ! જ્યાં ત્યાં રોઇને પોતાનું દુઃખ ગાઇએ નહિ. દુર્જન આપણું દુઃખ જોઇને રાજી થાય. પણ દુઃખ કોઇ કાપી શકે નહિ. માટે હે ભાઈ! ધીરજ રાખીને જે દુઃખ હોય તે બધું કહે." શ્રવણનાં આવાં મિષ્ટ વચન સાંભળી વણિક પોતાનું દુઃખ કહેવા લાગ્યો કે "મને મારા માબાપપર પૂર્ણ પ્રેમ છે. મારા પિતાને દુઃખી દેખી મને ઘણું દુઃખ થાય છે. તે દુઃખની આગળ મારાં બીજાં દુઃખ તૃણવત છે. જો મારા પિતાને જરાપણ દુઃખ હોય તો તે મારે મન શૈલ સમાન હું જાણું છું. મારા પિતાને રાજાએ દુષિત ઠરાવી બંધી-

ખાનામાં નાંખ્યા છે. તેનો કંઈ વાંક નથી, છતાં ગુન્હેગાર ઠરાવી કુકર્મ કર્યા વિનાના મારા નિર્દોષ પિતાને તેણે કલંક લગાડયું છે. અમારો રાજા નીતિનીપૂણ નથી. એમાં રાજાને શું દોષ દેવો! હું તો એ દોષ મારા પિતાના નશીબનો જ જાણું છું.

આજથી આઠ વર્ષ પહેલાં અમારા ગામમાં બે સોની આવ્યા હતા. તેમણે વેપાર કરી એક લાખ રૂપિયો મેળવ્યો. તે વહેંચતાં વહેંચતાં તકરાર થઇ ત્યારે મારા પિતા પાસે આવી કહેવા લાગ્યા કે આ અમારૂં દ્રવ્ય થાપણ તરીકે તમારે ત્યાં રાખો અને એક બે વરસ પછી અમે બંને આવીને તે ધન લઇ જઇશું. જ્યારે બેય મળીને આવીએ ને માગીએ ત્યારે તમારે દેવું. એકને દેવું નહિ. એમ કહી ધન દઇ ગયા. સાતેક વર્ષ પછી તેમાંનો એક જણ આવ્યો ને તેણે મારા પિતા પાસે ધન માગ્યું, ને કહેવા લાગ્યો કે મારી સાથે જે મિત્ર હતો, તે તો મરી ગયો, માટે એ ધન મને આપો. તેને સ્ત્રી કે છોકરૂં છૈયું કોઇ નથી. અમે દૂર દેશના રહેવાવાળા બન્ને ખાસ મિત્રોજ હતા. આ પ્રમાણે કહી, મિત્રનો શોક કરવા લાગ્યો. જેમ ખરેખર મરી ગયો હોય, તેવો આક્રંદ કરવા લાગ્યો, ને રોવા લાગ્યો. જેથી મારા પિતાજી ભોળા ને દયાળુ હોઇ, તેમણે બધું ધન દઈ દીધું જે લઇને તે સ્વદેશ જતો રહ્યો. પાંચ માસ પછી જે બીજા હતો તે આવ્યો. તે કહેવા લાગ્યો કે, મારો મિત્ર તો બહુજ બીમારી ભોગવી મરી ગયો. માટે અમે જે ધન રાખી ગયા છીએ. તે મને આપો. નહિ આપો તો હું રાજા પાસે ફરીયાદ કરીને મારૂં ધન લઇશ. આ વાત સાંભળી મારા પિતાએ બધી વાત તેને કરી, ને કહ્યું જે આજથી પાંચ માસ પહેલાં તારો મિત્ર આવી ધન લઈ ગયો છે. ત્યારે પેલો સોની રાજા પાસે ગયો, ને મારા પિતાજીપર તેણે

ફરીયાદી કરી. રાજાએ તેનો ન્યાય કર્યો કે, હમણાને હમણાજ તેનું બધું દ્રવ્ય તેને સુપ્રત કરી દેવું. મારા પિતાજી પાસે એટલું ધન હતું નહિ, જેથી તેને કેદ કરી લઇ ગયા. હે મહારાજ! પિતાજીનું દુઃખ દેખી મારૂં દિલ બળે છે. હવે એ દુઃખ કોની પાસે કહું, ને તે કોણ મટાડે! હે ભગવાન!"

ખરેખર પરતંત્ર થઇ પિતા પીડા પામતા હોય, ને પુત્ર આનંદ ભોગવે, પિતાને ખાવાપીવાને પુરૂં મળતું ન હોય, ને પુત્ર ષડ્રસ ભોજન જમે, પિતાને પહેરવાને લુગડું ન હોય ને પુત્ર ધનાઢ્ય કહેવાઈ ઉત્તમ વસ્ત્ર ધારણ કરે, એવા પુત્રને ધાર્મિક પુરૂષો સુપૂત નહિ પણ કપૂતજ કહી હજારો વાર ધિક્કારે છે. પેલા વણિકની પિતૃભક્તિ જોઇ શ્રવણ અતિ આનંદ પામ્યો. તેણે તેના પિતાને ગમે તેમ કરી છૂટા કરવા એમ ધારી કહ્યું કે " હે વાણિઆ ! તું સાંભળ તને તારા પિતાપર હેત છે, ને અંતરમાં પિતૃભક્તિ છે તો તેના પુન્ય પ્રતાપથી શ્રી હરિ તને સાહ્ય કરશે. "

આ પ્રમાણે કહી શ્રવણે એક શિવ મંદીરમાં ઉતારો કર્યો. ત્યાં શિવનાં દર્શન કરવાને દરરોજ રાજા આવતો હતો. એટલે શ્રવણે એક દોહો શંકર મંદિરના દ્વાર પર લખ્યો. તે દોહો રાજાની દષ્ટિએ પડયો, એટલે તે વાંચીને વિચાર કરવા લાગ્યો, કે આ દોહામાં પેલા સોનીની વાત લખી લાગે છે.

એક ઓર દેના દીયા, દેના દુસરી ઓર,
ઐસા ન્યાય નરપતિ કરે, જહાં રાજ્ય અંધેર. ૧

આ પ્રમાણે રાજા વાંચીને પાસેના માણસોને પુછવા લાગ્યો કે આ દોહો લખનાર કોણ છે તેનો તપાસ કરો. ત્યારે કોઇ કહેવા

લાગ્યા કે 'અહીં કોઇ તીર્થવાસી આવીને ઉતર્યો છે. તેણે આ દોહો લખ્યો છે, તે અહીં ચતુર્માસ રહેવાનો છે.

પછી રાજાએ શ્રવણ પાસે દોહાનો મર્મ પૂછ્યો. શ્રવણે કહ્યું કે ઘણોજ અધર્મ જોઇ આ દોહો મેં લખ્યો છે. રાજાએ શ્રવણ પાસેથી બધો વૃતાંત સાંભળી લઇ " તમે પોતેજ એનો ન્યાય કરો અને તમારો તર્ક દેખાડો કે તમે કેવા બુદ્ધિશાલી છો." એમ કહી બીજે દિવસે સવારે તેને ન્યાય સભામાં બોલાવ્યો. બીજે દિવસે વાદી પ્રતિવાદીને શ્રવણની આગળ ઉભા કર્યા. બધી રાજસભા ને ગામના લોકો જોવા માટે એકઠાં થયાં. રાજા ને પ્રધાન પણ પાસે બેઠા હતા. શ્રવણે સોનારને પોતાની શું ફરીઆદ છે તે જણાવવા કહ્યું. સોનાર-" જ્યારે હું અને મારો મિત્ર એમ બંન્ને જણાએ આવીને આ શેઠને એક લાખ રૂપીઆ આપ્યા ત્યારે કહ્યું હતું કે એકલાને એ ધન દેવું નહિ. અમે જ્યારે બન્ને મળીને આવીએ ત્યારે દેવું. છતાં તેણે તે એકને દઇ દીધું. દસ્તાવેજ પર કેમ લક્ષ રાખ્યું નહિ? માટે એ ધન બધું મારૂં છે, તો મને અપાવો. આ પ્રમાણે સોનીની વાત સાંભળી બધા લોકો ' સાચી વાત છે, સાચી વાત છે,' એમ બોલવા લાગ્યા.

શ્રવણ—" હે સોની ! તું બહુ જુઠું બોલે છે. તું જ હમણાં કહી ગયો કે એ ધન તારા એકલાનું નથી. તો પછી જો તારે ધન જોઇતું હોય તો તું તારા મિત્રને લઇને ધન લેવા આવ. તને એકલાને તે ધન મળશે નહિ. તું અને તારો મિત્ર બન્ને મળીને આવો; એટલે તમને ધન આપવામાં આવશે. તમે જેવો ઠરાવ કર્યો છે, તે ઠરાવ પ્રમાણેજ તમને ધન મળશે. તે વિના

તને એકલાને એક કોડી પણ મળશે નહિ."

આવો ન્યાય સાંભળી ગામનાં માણસો અને રાજા સહુ હર્ષિત થયાં અને તે વાણિયાને કેદખાનામાંથી છોડી બંધન તોડી બહાર કાઢવામાં આવ્યો. આ વખતે એક કવિએ કહ્યું કે

कवित मनहर.

નાવિક ચલાવે નાવ નાવનો ન જાણે દાવ,
નાવ નીર અંદર ઉતારશે કે તારશે;
વૈદક ન જાણે અને વૈદ બની વૈદું કરે,
એ તે રોગી જનને સમારશે કે મારશે;
કહે કવીજન ગતિ જાણ્યા વિના યુદ્ધ કરે,
તે તો શત્રુ સૈન્યને :સંહારશે કે હારશે;
ન્યાયિની ન જાણે કલ કરે કામ ન્યાય તણું,
તે તો ન્યાયકામને ઉજાળશે કે બાળશે. ૧

આ પ્રમાણે ન્યાય મળવાથી પેલો સોની તો પોબાર ગણી ગયો અને દેશમાં તેના ભાઇબંધને મળી કહ્યું કે આપણી બધી દગાઇ નિષ્ફળ ગઇ.

હવે અહીં સ્નેહ સહીત રાજાએ શ્રવણ પ્રત્યે કહ્યું કે, " જો આપ અહીં રહો, તો હું આપને સારો અધિકાર આપું. "

શ્રવણે કહ્યું "મેં તો માતા પિતાના પુજનનો અધિકાર ધારણ કર્યો છે. બીજા અધિકારને હું શું કરૂં ! મેં બીજા બધા અધિકારને તુચ્છ ગણી ધિક્કારી કાઢયા છે. એક અકાર, ઉકાર અને મકાર, એ જાપ જપવાની પદવી મેં ધારણ કરી છે. મને માબાપની સેવારૂપી અમૃત મળ્યું છે, તો હવે હું શું કરવાને બીજાની ઇચ્છા કરૂં ?" અ-

કાર, ઉકાર ને મકારનો જપ શું, એ બાબત શ્રવણને સમજાવવાનું કહેતાં શ્રવણે કહ્યું "બાળક તે અકાર, તેનો ઉત્પન્ન કરનાર તે ઉકાર, ને તેની માતા તે મકાર, એ ત્રણ મળી એક ઓંકાર થાય છે. બીજો અર્થ એ છે કે, આત્મા અકાર, ઉત્તમ પુરૂષ ઉકાર, ને મહા- માયા મકાર, એ ત્રણ મળી એક ઓંકાર થાય છે, બ્રહ્મા અકાર, વિશ્નુ ઉકાર, ને મહાદેવ મકાર, એ ત્રણ મળી એક ઓંકાર થાય છે."

આ પ્રમાણે શ્રવણનો ઉપદેશ સાંભળી, રાજા તેનો શિષ્ય થયો. જ્યારે રાજા શિષ્ય થયો, એટલે બીજા પણ ઘણા લોકો શ્રવણના શિષ્ય થયા. હવે ચોમાસું પુરૂં થયું હતું, માટે શ્રવણ જવાને તૈયાર થયો, તેને લોકોએ ઘણો આગ્રહ કર્યો, પણ શ્રવણ ત્યાં રહ્યો નહિ. રાજાએ રથ સુખપાલ ઘોડા વિગેરે વાહનની સગવડ કરી આપવા કહ્યું, પણ તે શ્રવણે સ્વીકાર્યું નહિ. ને રાજાને કહ્યું જે "એને હું શું કરૂં ? પાલખીમાં બેસી આપણો પ્રાણ બીજાના હાથમાં દેવો તે ઠીક નહિ. અતિ ઉન્મત હાથી ઘોડા આદિ પશુઓ કે જેને ધર્મ અધર્મની ખબર નથી, તેના હાથમાં આપણો પ્રાણ આપવો, તે ઠીક નહિ. બળદ ઘોડા સારાં નરતાં કાજ અકાજને જાણે નહિ, તેવા અજાણ ને નાદાન પશુઓને આપણો પ્રાણ સોંપવો ઠીક નહિ. કંઇ તોફાન કરે. કહ્યા પ્રમાણે બરાબર રસ્તેસર ચાલે એવું વાહન મુસાફરીમાં પોતાના પગ જેવું એકે નથી."

આ પ્રમાણે શ્રવણે રાજાની પાસેથી વિદાયગીરી લીધી ને તેણે પાછી પોતાની યાત્રા શરૂ કરી.

પ્રકરણ ૭ મું.

यत्रानेके क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको ।
यत्राप्येकस्तदनु बहवस्तत्र नैकोऽपि चान्ते ॥
इत्थं चेमौ रजनि दिवसौ दोलयन्द्वा विवाक्षौ ।
कालः कालया भुवनफलके क्रीडति प्राणिशारैः ॥

(જ્યાં ઘણા હતા ત્યાં ક્વચિત જ એક પુરૂષ પણ હયાત હોય છે, જ્યાં એક માણસ હતો અને તેની પાછળ ઘણા હતા ત્યાં અન્તમાં એક પણ હોતો નથી. આ પ્રમાણે કાલ, દિવસ અને રાત્રિરૂપ બે પાસા વડે પ્રાણીઓરૂપી સોગઠાંની બાજી પૃથ્વિરૂપી ચોપાટ ઉપર પોતાની સ્ત્રી કાલીકા સાથે ખેલી રહેલ છે.)

* * * * *

પ્રભાસપાટણથી શ્રવણ નૌકારૂઢ થઇ, ગોમતી નદીને કીનારે આવેલા દ્વારકાં તીર્થમાં ગયો. ત્યાં રણછોડરાયનાં દર્શન કરી, એક માસ રહી ત્યાંથી ફરી પૂર્વ દિશા તરફ ચાલ્યો, અને સિદ્ધપુર જે સરસ્વતિને કાંઠે ગુજરાતમાં યાત્રાનું સ્થળ છે, ત્યાં આવ્યો. તે વખતે શિયાળાની મોસમ હતી. ટાઢ પણ ઘણી સખત પડતી હતી. આ ઋતુમાં શ્રીમંત જન સુખ પામે છે, ને ધનહીન હોય તે દુઃખ પામે છે- એવી ઋતુમાં શ્રવણ પીડાકારી પ્રવાસ કરવા લાગ્યો.

सवैया

શિત સમે ભયભિત રહે જન, વિત્ત રહીત અનેક પ્રકારે,
શીત નીવારણ કારણ ચિત્તજ, સૂર્ય ઉદયની સુ રાહ નિહારે;

પંખીને પાંખ દીધી પ્રભુએ, ત્વચ વાળ સમુહ પશુપર ધારે,
માનવને દીધાં વસ્ત્ર પ્રભુએ, પણ વિત્ત રહીત દુખિત સંસારે.

ત્યાંથી તે બ્રહ્મક્ષેત્રમાં હીરણાવતી નદીને કીનારે ગયો. ત્યાં બ્રહ્માનું દર્શન કરી, ત્યાંથી આરાસુર પર્વતપર અંબિકા માતાનાં દર્શન કર્યા. ત્યાંથી અર્બુદગીરી (આબુ) ગયો અને આમ સ્નાન ધ્યાન ને માબાપની સેવા કરતાં કરતાં મારવાડમાં આવેલ શ્રી નાથદ્વાર આવી પહોંચ્યો, ત્યાં ચાર માસ નિવાસ કર્યો, ને ત્યાં નવમું ચોમાસું કર્યું. અજમેરથી ત્રણ ગાઉ ઉપર પુષ્કર રાજ છે ત્યાં સ્નાન કરી પંચ નદીનું સ્નાન કરવાને શ્રવણ પંજાબ તરફ ગયો, ને ત્યાં સતલજ નદીમાં સ્નાન કરી, બહુજ આનંદ પામ્યો.

ત્યાંથી જ્યાં બધાં માણસો સ્વાર્થી છે, એવું ધુતારાનું શહેર જે લાહોર ત્યાં તે આવ્યો. ત્યાં આવી તેણે એક પનીહારીને પૂછ્યું, બાઇ! જળ પીવાનો આરો ક્યાં છે? ત્યારે તે સ્ત્રી બોલી કે, ભાઈ! હું તને જળ પીવાનું સ્થાન બતાવું, પણ તું કેટલા પૈસા આપીશ! વળી બીજા પુરૂષો મળ્યા તેમને પૂછ્યું કે, આ શહેરનો દરવાજો કઈ બાજુ છે! ત્યારે તેમાંના એકે બતાવ્યું ઉત્તર તો બીજાએ બતાવ્યું દક્ષિણ અને ત્રીજો પુરૂષ મળ્યો તે બોલ્યો કે ભાઇ! આંહી પૈસા વિના કોઇ સાચો રસ્તો તને બતાવશે નહિ. તેનાં વચન સાંભળી શ્રવણે વિચાર કર્યો કે આમ હોય તો આ નગરમાં પણ જવું નહિ. ગામ બહાર એક ઝાડ નીચે મુકામ કર્યો. ત્યાં એક કોઇ પરદેશી વેપારી આવી ચઢયો. તે શ્રવણને કહેવા લાગ્યો કે ભાઇ! આ વનમાં રાતવાસો રહેશો નહિ. કેમકે, અહીં નીશાચર રાત્રે આવી માણસને ખાઇ જાય છે. ત્યારે શ્રવણે પૂછ્યું કે આ શહેરમાં વિશ્રામ કરવાનું કોઈ ઠેકાણું છે? કોઇ સારો શેઠ કે શ્રેષ્ટ

પુરૂષ હોય તો મને કહો.

વેપારી—શ્રેષ્ટ તો પર્વત છે. આ વચન સાંભળી શ્રવણ સ્તબ્ધ થઇ ગયો. તે બન્ને વચ્ચે પછી થોડી પ્રશ્નમાળા ચાલી.

શ્રવણ—ઉદાર કોણ ?

વેપારી—કુવો.

શ્રવણ—ઉપકારી કોણ ?

વેપારી—અહીંનાં ઝાડ બહુ ઉપકારી છે.

શ્રવણ—પ્રભુના ગુણ ગાવાવાળા કોઇ છે ?

વેપારી—વારાંગના, પાતર, નારી–વશ્યા.

શ્રવણ—આ ગામમાં અભ્યાગતની કોઇ આગતા સ્વાગતા કરે છે ?

વેપારી—હા. ગ્રાહકોની વેપારી લોક ઘણા માનપાન સાથે આગતા સ્વાગતા કરે છે.

શ્રવણ—કોઇ તીર્થવાસીને અન્ન દે, એવો કોઇ દાતાર છે ?

વેપારી—હા. મોદીલોક દામ લઇને અન્ન દે છે.

શ્રવણ—આ ગામમાં અગ્નિ પાસે આસન કરી બેસનારા, પાસે આવે તેનો સત્કાર કરનારા, અને હેતથી હિરણ્યમય દેવને સેવવાવાળા, પૂરક કુંભક ઇત્યાદી પ્રાણાયામ કરવાવાળા, શત્રુમિત્ર સગાં સંબંધી બ્રાહ્મણ શુદ્ર વગેરેમાં જેને સમ વિષમતા ન હોય તવા કોઇ તપસ્વી છે ?

વેપારી—હા ભાઇ. ગામમાં એવા તપસ્વી તો એક સોની લોક છે.

શ્રવણ—જળમાં ઉભા રહીને જપ જપનારા, સૂર્યના તાપને સહન કરનારા, વરિત તજીને વનમાં વિશેષ વસનારા અને માણસોની મલીનતાને હરણ કરનારા, સ્ત્રિ પુરૂષને નિર્મળ કરવા માટે ઘેર ઘેર ફરીને ઉપદેશ દેનારા એવા ધાર્મિક પુરૂષો અહીં કોઇ વસે છે ?

વેપારી—હાજી. આ ગામમાં એવા ધર્મપાળનાર ધોબી લોકો છે.

શ્રવણ—ત્યારે દોષને જુએ એવો કોઇ અમલદાર, જે વક્તા ને નિ-
ર્વક્તાને જાણે, જે જુદાં જુદાં હોય તેને સમજાવીને ભેળાં કરે, જે નિરૂદ્યોગીને ઉદ્યોગમાં જોડે, જે યોગ્ય શિક્ષાને જાણતો હોય, જે ગુન્હેગારને શુળીથી પણ વધારે વિંધનારો હોય, જે છેદન ભેદન કરીને પણ સુધારો કરે તથા જડ જેવાને પણ રસ્તો બતાવી રસ્તે ચાલતો કરે, તેવો કોઈ છે?

વેપારી—હાજી. એવો આ ગામમાં એક રથકાર (સુતાર) અમલદાર છે. મહારાજ! આ દેશના લોક ઘણા ધુતારા છે. નાના પ્રકારના વેશ લઇ દેશ પરદેશ ઘુમી, છળ કપટ ને દગો કરે છે. વળી જંત્ર મંત્ર ને જુઠી જાદુની યુક્તિઓ પણ જાણે છે. અગર સાચાં જુઠાં ઔષધો બનાવી ધન પેદા કરે છે, ને પેટ ભરે છે. સ્વાર્થ સારૂ પારકાના જીવને બહુ દુઃખ દે છે, તથા ગરીબ માણસોના પૈસા પણ હરી લેતાં તેમને જરા પણ ત્રાસ થતો નથી. વળી સિદ્ધ ને સાધક બની, સોનું રૂપું કરી બતાવે છે. એવી એવી ઘણી ધુર્તતા પંજાબી લોકમાં છે.

આ પ્રમાણે તે વેપારીએ શ્રવણને કહ્યું અને પોતાને ઘેર તેને તેડી ગયો. ત્યાં શ્રવણ ફક્ત રાત વાસો રહી, સવારે પ્રવાસ કરવા નીકળી પડયો. રાવી, ચીનાબ ને ઝેલમ નદીમાં સ્નાન કરી આગળ ચાલ્યો. પછી સિંધુ નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી ઇશાનખુણમાં કાશ્મીર દેશમાં ગયો. ત્યાં દશમું ચોમાસું કરી જ્વાલામુખીની જાત્રા કરી કેદારનાથ આવ્યો. બદ્રીનાથ હીમગીરી ને માન સરોવરની જાત્રા કરી તેણે નેપાળમાં મુક્તનાથ મહાદેવનાં દર્શન કર્યાં. તથા એ પ્રાંતમાં જે જે તીર્થ હતાં તે કરી, શિવાલીક પહાડ સૂધીની યાત્રા કરી.

ત્યાંથી પાછો ફરી તે હરિદ્વાર આવ્યો. સાત પુરીમાંની જેને માયાપુરી કહે છે, તે હરદ્વાર પુરીમાં તેણે અગ્યારમું ચોમાસું પુરૂં કર્યું. ત્યાંથી હસ્તિનાપુર (દીલ્હી) જઇ રાત વાસો રહી, તેણે વૃંદાવનમાં પ્રવેશ કર્યો. ગોકુલ મથુરામાં દર્શન કરી, બારમું ચોમાસુ ત્યાં કૃષ્ણ લીલાના સ્થળો જોવામાં ને તેની રસીક કથાઓ સાંભળવામાં ગાળ્યું. ત્યાર પછી બીજા આઠ માસમાં બધાં તીર્થ કરી, જ્યાં પોતાનું શહેર લક્ષ્મણપુર હતું તેનો પંથ તેણે પકડયો.

ક્યાંઈ એક રાત્ર, ક્યાંઇ ત્રણ રાત્ર, ક્યાંઇ પાંચ રાત્ર. ક્યાંઇ પંદર દિન ક્યાંઇ એક માસ અને ક્યાંઇ ચાતુર્માસ રહી તેણે આ પ્રમાણે યાત્રા પુરી કરી. ક્યાંઇ માન મળ્યું હશે, ક્યાંઇ અપમાન થયું હશે, ક્યાંઇ ઉપહાસ થયો હશે, તે બધાં દુ:ખો સહન કરી, મનને વશ રાખી, પૃથ્વિથી પણ અધિક ક્ષમા ધારણ કરી, શ્રવણ પોતાના ઘર તરફ આવવા રવાના થયો.

પૃથ્વિપરનાં તમામ તીર્થો કર્યાં, સુખ દુઃખ વેઠયાં, ભુખ અને દુ:ખ સમયે પણ બમણું સુખ માન્યું અને માબાપના પદ પ્રેમના રસનું અખંડ પાન કર્યું. તે સિવાયના બધા રસને લુણ વિનાના અન્ન જેવા જાણ્યા. શ્રવણે માબાપની સમીપમાં રહેવામાંજ બધાં સુખ માની લીધાં હતાં. માબાપ વિનાનું જગત જેને મન શુન્યવત લાગતું હતું એવો પિતૃ પ્રેમી શ્રવણ સકળ તીર્થ કરી, પોતાને ઘેર આવવા નીકળી પડયો. તેને મુસાફરીમાં કોઈ વખત હવેલીમાં તો કોઇ વખત મઠ કે મશાણમાં, કોઈ વખત નદી કીનારે તો કોઇ વખત તરૂ તળે, કોઇ વખત સારા સુશોભિત બાગમાં તો કોઇ વખત મહા ભયંકર વિષમ વનમાં, અને પર્વતની ગુફામાં મુકામ કરવો પડયો હતો, પણ તેનું સુખ દુ;ખ જરા મનમાં ન લાવતાં હમેશાં સમાન રહી તે માબાપની

સેવામાં પૂર્ણ પ્રેમ રાખી રહ્યો હતો. કેટલીક શિયાળાની ઋતુ, કેટલીક ઉન્હાલાની ઋતુ વટાવી વર્ષાઋતુમાં અયોધ્યાની સમીપના સ્વદેશમાં પોતે આવ્યો.

એક પહોર રાત્રી ગઇ હતી, ને વરસાદનો ડોળ જામી રહ્યો હતો. જરા જરા વરસાદનાં ઝીણાં ઝીણાં બિંદુ ટપકતાં હતાં. આ અવસરમાં જેમ કોઇ ક્ષત્રી પુત્ર રણક્ષેત્રમાં લડાઇ લડીને જીત મેળવીને ઘેર આવે, વૈશ્ય પુત્ર જેમ પરદેશ વેઠી પુષ્કળ ધન કમાઇને ઘેર આવે, જેમ કોઈ સિદ્ધિ મેળવવાને પ્રયત્ન કરતો હોય તે પુરૂષને સિદ્ધિ પ્રાપ્ત થાય અને જેમ આ સર્વે આનંદ પામે, તેવો આનંદ માબાપના મનોરથ પૂર્ણ કરાવનાર શ્રવણને પ્રાપ્ત થયો. ભકિત કરનારને જેમ ભગવાન મળે અને પ્રેમ પૂર્વક તપશ્ચર્યા કરનારને જેમ દેવ તરફથી વરદાન મળે એવો આનંદ માબાપનો મનોરથ પૂર્ણ થવાથી શ્રવણને થયો. પોતે પોતાના અવતારને ધન્ય ધન્ય માનવા લાગ્યો.

ખરેખર ! જ્યાં શ્રવણ જેવા સુપુતનો જન્મ થયો છે, તે ધરાને પણ ધન્ય ધન્ય છે ! તેનાં માબાપને તથા તેનાં માબાપના ભાગ્યને પણ ધન્ય છે ! અરે એવો કોઈ આગળ થયો નથી, ને હાલમાં એવો કોઇ હશે પણ નહિ. આ પૃથ્વિપર અનેક સત્પુત્રો હશે પણ શ્રવણ તુલ્ય તો કોઇજ નહિ હોય. જે આવા સુપુત-સત્પુત્રની નીતિ સાંભળીને ઘણા સત્પુત્રો નીતિમાન થાય, જેનું ચરિત્ર સાંભળી ઘણા પિતૃભક્ત થાય એવા શ્રવણને ધન્ય ધન્ય છે ! જેમ પુષ્પની સુગંધ પવન પ્રસારે છે, તેમ શ્રવણ જેવા સુપૂતની કીર્ત્તિની વાત નર નાગ ને દેવલોકમાં પણ પ્રસરી રહી છે.

અયોધ્યાની નજીકમાં શ્રવણ કાંધેથી કાવડ ઉતારી કોમલ આસન બિછાવી દિલમાં આનંદ ને પ્રેમ સહીત પોતાના માબાપને તેના

પર બેસાડી, તેમને દંડવત પ્રણામ કરવા લાગ્યો. આ વખતે તેના પિતાએ કહ્યું કે, "હે પુત્ર ! અમને તરશ લાગી છે, માટે જલદી જઇ જળ લઈ આવ!" આવું પોતાના પરમ પૂજ્ય પિતાનું વચન સાંભળી શ્રવણ એક ઘડો લઇ સરયુ નદીના કીનારાપર જળ લેવા ગયો. તેની મતિ સદા માબાપના ચરણોમાંજ વિરમી રહી છે પણ દેવની ગતિ વિચિત્ર છે. ઇશ્વરની અકળિત માયા કોઇથી કળાતી નથી. માણસો અનેક પ્રકારના મનોરથો કરે છે પણ તે સિદ્ધ થતા નથી.

આ વખતે અયોધ્યા નગરીમાં રઘુ કુલોત્પન્ન અજ રાજાના પુત્ર દશરથ રાજા કે જે પરમ પરોપકારી ન્યાયિ ને નેકી દેશપતિ મહારાજાધિરાજ કહેવાતા હતા, તે રાજ્ય કરી રહ્યા હતા. આ અયોધ્યા નગરીમાં તે વખતે સર્વ પ્રજા ન્યાયિ ને ધાર્મિક રાજ સત્તા નીચે પોતાના દિવસો આનંદમાં નિર્ગમન કરી રહી હતી. નીતિધર્મ ને વિવેકવડે કરી મહારાજા દશરથ પોતાની પ્રજાને પુત્રની પેડે પાળી રહ્યા હતા. રાજાદશરથના અંતઃકરણમાં દયા ને સત્ય સ્થિર થઇ વસેલાં હતાં. તે વખતે દશરથ રાજાનાં યશોગાન ચારે દિશામાં ગવાઇ રહ્યાં હતાં. પણ તેમને કોઈ ભાવીના પ્રભાવથી તમામ યુવાવસ્થા વ્યતિત થતાં સુધી કંઇ પણ સંતતી થઈ નહોતી. આથી કોઇ કોઇ વખત તેમનું મન ચિંતાતુર થતું અને તેથી તેમનું સુંદર મુખારવિંદ કોઇ વખત શોકથી ઉદાસ થયેલું જોવામાં આવતું હતું.

એક સમયે રાત્રી વિષે દશરથ રાજાને નિદ્રામાં એક સ્વપ્ન થયું કે, જાણે મેં બે પુરૂષ ને એક સ્ત્રીની ઘાત કરી. આવું અમાંગલિક સ્વપ્ન થતાં તે ઝબકીને જાગી ઉઠયા ને વિચાર કરવા લાગ્યા કે અરે આવું સ્વપ્ન મને કેમ થયું ? પ્રાતઃકાલે ઉઠી પોતાના ગુરૂ વસિષ્ટને એ વાત જણાવી કે મેં સ્વપ્નામાં બે પુરૂષ ને એક

સ્ત્રીની શસ્ત્ર વડે ઘાત કરી. ત્યારે ગુરૂએ કહ્યું કે આગળ જે ભવિ-ષ્યમાં થવાનું છે, તેજ થશે. માટે કંઇ શોક નહિ કરતાં દાન પુન્ય આદિ ધર્મક્રિયા કરો. એવી ગુરૂશ્રીની આજ્ઞા થતાં ગૌ, અશ્વ, હીરા, માણેક, સુવર્ણ વિગેરેનાં દાન સત્પાત્ર બ્રાહ્મણોને કરી પોતે મનમાં સંતોષ માન્યો.

કેટલાક દિવસ વીત્યા પછી દશરથ રાજા પોતે પોતાનાં હથિ-આર સજી વનમાં શિકાર કરવાને ગયા. સાંજ પડતાં સુધી કોઈ શિકાર હાથ લાગ્યો નહિ. વિચાર કર્યો કે રાજાએ શિકારપર નીકળ્યા પછી ખાલી હાથે પાછું જવું, તે ઠીક ગણાય નહિ. જેથી રાત્રીની શરૂઆત થવા આવી, તોપણ રાજ્ય તરફ પાછા ફર્યા નહિ, ને નદી કિનારાના એક વૃક્ષ તળે છુપાઇને વિશ્રાંતિ લેવા બેઠા. મનમાં જાણ્યું કે સૂર્યાસ્તનો વખત છે, તો કોઈ જાનવર અહીં પાણી પીવાને અવ-શ્ય આવશે. એમ વિચારી ત્યાં બેઠા બેઠા સૂર્યાસ્ત સમયની કુદરતની અદ્ભૂત રચના જોવા લાગ્યા.

એક તરફ મોટાં મોટાં સાગ શીશમનાં વૃક્ષો આવી રહેલાં છે. આંબા કેરીના ભારથી લચી રહેલા છે. નાના પ્રકારના સુગંધીમય ફુલો પોતાની સુગંધી સમીરદ્વારા ફેલાવી રહ્યાં છે. નાના પ્રકારના પક્ષિઓ પોતપોતાના માળાઓમાં સજોડે આનંદથી પ્રવેશ કરવા લાગ્યાં છે. કેટલાંક નીશાચર પ્રાણીઓ પોતાનો ભક્ષ ખોળવા માટે ગુફાઓમાંથી બહાર નીકળવા લાગ્યાં છે. આ વખતે એક પહોર રાત્રિ વ્યતિત થઇ હતી. તે સમયે પરમ પિતૃભક્ત શ્રવણ કે જે પોતાના માબાપને કાવડમાં બેસાડી સર્વ તીર્થો કરાવી, આજેજ આવેલો, તે પોતાના માબાપને તૃષાતુર થએલાં જોઇ

પિતાની આજ્ઞાથી સરયુ નદીના ઘાટપર જળ ભરવો આવતો જણાય છે.

આ પ્રમાણે અહીં શ્રવણ જળાશયમાં ઉતરી પોતાની પાસે રાખેલો ઘડો જળમાં બોળી ભરવા લાગ્યો. તેનો શબ્દ રાજા દશરથના કર્ણ પર આવતાં, દશરથે મનમાં જાણ્યું કે કોઇ પ્રાણી જળ પાન કરે છે, જેથી જોયા વિના પોતે જોરથી ખેંચીને થતા શબ્દપર શબ્દવધી બાણ છોડયું. તે શ્રવણના શરીરમાં લાગ્યું, કે તુરત શ્રાવણ હે રામ! હે રામ! એવો જોરથી ઉચ્ચાર કરી જળમાં પડી ગયો. તેનો પોકાર સાંભળી દશરથ રાજા દોડીને એકદમ ત્યાં આવ્યા ને પૂછવા લાગ્યા કે "અરે ભાઇ! તું કોણ છે? આ વખતે રાત્રીના સમયમાં જળ ભરવા કેમ આવ્યો છે?" શ્રાવણ બોલ્યો "અરે ભાઈ! મારો શું અપરાધ છે કે તેં મને તીર માર્યું? હું તો વનવાસી છું. કોઇનો કંઇ અપરાધ કરતો નથી, ને મેં કર્યો પણ નથી. છતાં તેં મારા જેવા અબળપર બળ કરી તીર ફેંક્યું, તેથી તારા બળની ખ્યાતિ વધી એમ જાણીશ નહિ. તારા બળને ધિક્કાર છે. વિના અપરાધે પારધીની પેઠે જે પ્રાણીઓને મારે છે, તેનો અપરાધ ભગવાન કદિ સહન કરી શકતા નથી. આ લોકમાં તો તને કદાપિ તેનું ફળ નહિ મળે, તો પણ પરલોકમાં તો પારકાને દુઃખ દીધાનું ફળ અવસ્ય મળશે. આ પ્રમાણે જો ઇશ્વરી નિયમ ન હોય, તો બળવાન મનુષ્યો ઘણા અબળના પ્રાણ લેવા લાગે. જોતો ખરો ભાઈ! મારા શિરપર હજુ જટા ને શરીરે વલ્કલ ધારણ કરેલાં છે. હું તદન નિરપરાધિ છું. વળી ધનથી ને શસ્ત્રથી રહીત છું, માટે હું મારવા યોગ્ય નથી. આ દેહ નાશવંત છે, તેનો મને શોક નથી, પણ મારા માતાપિતા ઝુરીઝુરીને મરશે, તેની મને ચિંતા થાય છે. વળી તે બંને વૃદ્ધ અને આંખે

આંધળાં છે. તેને આજ હું બાર વર્ષ થયાં કાંધપર લઇ યાત્રા કરવા ગયો હતો. સંસારનું તમામ સુખ તજીને માતાપિતાના કહ્યામાં રહી માન અપમાન, ભુખ તરસ, શીત-તાપ, સહન કરી મહા સંકટે આજ બધાં તીર્થ પૂરાં કરી મારા આશ્રમ નજીક આવ્યો છું. હે ભાઇ! મારાં નિરાધાર માબાપ ધીરજને કેમ ધારણ કરશે! મારૂં મૃત્યુ સાંભળી તેમના દિલમાં અત્યંત દુઃખ થશે, માટે મને એકને મારતાં ત્રણેનો નાશ કર્યો. અરે ભાઇ! આવું કર્મ કરી મહા અધર્મી કેમ થયો ?"

આ પ્રમાણે શ્રવણનાં વચન સાંભળી બહુ અન્યાય થયો જાણી રાજાને ખેદ તથા ભય ઉત્પન્ન થયો, ને તેનું હૃદય ભરાઇ આવ્યું. હાથથી બાણ કમાન પડી ગયાં. આવી અંધારી રજનીમાં પુત્રનો વિલાપ સાંભળી રાજા દિગ્મુઢ બની ગયો. પાણીનો ઘડો જળમાં દુર પડયો છે, જટાના કેશ વિખરાઇ ગયા છે, શરીરમાંથી લોહી ચાલ્યું જાય છે, આ દેખી રાજા મહાન્ શોક કરવા લાગ્યો.

રાજાને જોઇ શ્રવણ હવે ભાગીતુટી વાણીમાં કહેવા લાગ્યો કે "મારા જેવા નિરપરાધી તાપસને તેં શું કરવા માર્યો! મારા માતાપિતા આંધળાં છે. તે પાણી માટે મારૂં ચિંતવન કરતા હશે, ને જળ વિના તેમનો કંઠ સૂકાઇ ગયો હશે. મને વાર લાગી તેથી તે તૃષાથી ને મારી ચિંતાથી તરફડતાં હશે. અરેરે! હવે મારા મૃત્યુની-વાત તેને કોણ કહેશે! મારા વિના એનું અંગ મર્દન કરી, તેમને સ્નાન કોણ કરાવશે! મારાં માતાપિતાને જાત જાતની રસોઇ કરી કોણ જમાડશે! મારાવિના તેમને કોમળ બિછાનું બિછાવી કોણ સુવાડશે! અરે દૈવ! અહીં તો મારી આ ગતિ થઇ પણ મારા તૃષાતુર માબાપને કોણ પાણી પાશે!"

આ પ્રમાણે શ્રવણને રૂદન કરતો સાંભળી રાજા શોકથી ભયભિત થઇ ગયો, ને મનમાં કહેવા લાગ્યો કે, અરે દેવ ! આતો દ્વિજ હત્યા થઇ. શિવ જેવા સમર્થને પણ બ્રાહ્મણનો શ્રાપ લાગ્યો હતો, તો મારી કોણ ગતિ થશે ? આમ વિચારતાં વિચારતાં તેનાં બંને નેત્રોમાંથી જળધારા પડવા લાગી, ને ભારે પશ્ચાતાપ થયો. શબ્દવેધી બાણનું વગર વિચારે સાધન કરતાં અજાણે આ ઘાત થઇ ગઇ, ને મોટો ઉત્પાત થયો.

રાજાને શોકાતુર તથા ભયભિત થએલો જોઈ, ફરીથી શ્રવણ કહેવા લાગ્યો કે "તું શોક કર મા. જે થયું તે હવે ન થવાનું નથી. પણ આ તારૂં બાણ મને દુઃખ દે છે, માટે તે તું જલદી કાઢી લે, તો હું શરીરમાં સ્વસ્થ થઇ ધીરજને ધારણ કરૂં. વળી હે ભાઇ ! તું મારા માતાપિતાની સંભાળ લેજે, ને તેમને પાણી પાઇને આ બધી વાત તેને કહેજે. બધી વાત નમ્રતાથી નિવેદન કરજે, નહિ તો તને શ્રાપ દેશે. હે ભાઇ ! તેં અજાણતાં પાપ કર્યું છે, માટે તું નિષ્પાપ છે." આ પ્રમાણે શ્રવણનાં વચન સાંભળી રાજા દીલગીર થઈ કહેવા લાગ્યો કે "હે ભાઇ ! મને કંઇક શ્રાપ આપ કે જેથી મારૂં પાપ ઓછું થાય."

શ્રવણે કહ્યું " જો ભાઇ ! હું કોઇ દુર્વાસા જેવો ક્રોધી નથી કે તને શ્રાપ આપું. મને સુખ દુઃખ સર્વ સમાન છે. માટે શોક કર મા. હવે તું જલદી જઇ મારાં માતતાતને જળ આપી તેમને આ બાબત નિવેદન કર."

આ પ્રમાણે શ્રવણનાં વચન સાંભળી, બે હાથ જોડી રાજા કહેવા લાગ્યો કે જો તમે મને શ્રાપ નહિ આપો, તો મારૂં પાપ મટશે નહિ. અને તેથી તમે શ્રાપ નહિ દો તો આ શસ્ત્રથીજ હું

મારા શિર્ષનો ઉચ્છેદ કરીશ-મરણને શરણ થઇશ-તમારી સાથે બળીશ. ત્યારે શ્રવણે કહ્યું "હે રાજા! જન્મવું મરવું તો વિધિને હાથ છે પણ જા હું એટલું કહું છું કે, જેવી રીતે મારૂં મૃત્યુ થયું તેવું મૃત્યુ તારૂં થશે."

આવો શ્રાપ સાંભળી રાજાની ભીતિ મટી, ને શ્રવણના શરીરમાંથી લાગેલું શર ખેંચી કાઢ્યું કે તુરત શ્રવણ પ્રાણ મુક્ત થઇ ગયો. તે વખતે રાજાએ ઘણો ઘણો નિશ્વાસ નાંખી નાંખીને રૂદન કર્યું. તે જળનો ઘડો ભરી શ્રવણનાં માબાપ પાસે ગયો જેમ પાંખો તોડી નાંખેલા પક્ષિ હોય, તેવા વૃદ્ધને આંધળાં ડોસલાંને તેણે દીઠાં આવાં દીન ને નિરાધાર વૃદ્ધોને જોઇ રાજાનું ભય ને શોકથી હૃદય ભરાઇ આવ્યું.

कवित-मनहर.

જેમ કોઇ બાળ કાંઇ પાપ પુન્ય જાણ્યા વિના,
જીવડાના પગ પાંખ તોડી રાજી થાય છે;
જેમ કોઇ પાપી જન પંખીઓની પાંખ તોડી,
ખેલ ખેલવાને આપ ચિત્તમાંહી ચ્હાય છે;
જેમ કોઈ અસુર બુઢ્ઢા જનોની તો આંખો ફોડી,
ખેલ દેખે એવો કેમ બુઢ્ઢાથી ચલાય છે;
અહો પ્રભુ! એ પ્રમાણે હું બન્યો પ્રમત્ત જન,
મારા કામથી આ મુનિ મનમાંહિ મુંઝાય છે. ૧

પગનો સંચાર સાંભળી મુનિ મુખથી કહેવા લાગ્યા કે "હે પુત્ર! પાણી ભરતાં આટલી બધી વાર કેમ લાગી? હજુ તારો બાળ

સ્વભાવ ગયો નહિ. તું જળક્રિડા કરવા લાગ્યો હતો કે શું ? પણ ભાઈ! અમને એકલાં મૂકી મનમાં જરા ચિંતા કેમ થતી નથી ? આવી અંધારી રાત્રીમાં નદીતટપર તું ગયો ને વાર લાગી તેથી તારી મા બહુ ચિંતા કરતી હતી કે નદીતટપર સિંહ હાથિ શિયાળ બહુ રહે છે, માટે રખેને કંઇ હરકત થઇ હોય, એવા અનેક પ્રકારના તુરંગ અમને આવતા હતા. ભાઇ ! માતા પિતાની વૃત્તિ પુત્ર પ્રત્યે કોઇ જૂદાજ પ્રકારની રહે છે. માટે હે ભાઇ ! મેં અગર તારી માએ તને કાંઇ કડવું વચન કહ્યું હોય તો તેનો રોષ હૃદયમાં ન રાખીશ અમારા લુલાના પગ તું છો. આંધળાની આંખ તું છો. હે શ્રવણ ! તું કેમ બોલતો નથી." આમ વારે વારે કહ્યું, પણ કંઇ ઉત્તર મળ્યો નહિ. ત્યારે પુત્ર રીસાયો છે, એમ જાણી મુનિ ગદ્દગદ સ્વરે બોલવા લાગ્યા કે "અરે ! તું કોઇ ઠગ વનિતાને વશ થયો, કે કોઇ ઠગ ગુરૂ તને મળ્યો, ને અવળું જ્ઞાન દીધું ! શું તને કપૂતનો સંગ થયો કે સ્વાર્થમાં લીન થઇ ગયો ! તને એવી કબુદ્ધિ કેમ આવી, કે અમે નિરાધાર તેને તજી દેવા તૈયાર થયો ! હે પુત્ર ! તારા શાસ્ત્ર શ્રવણનો સિદ્ધાંત ક્યાં ગયો ! તારો પ્રેમ પણ ક્યાં ચાલ્યો ગયો !"

આવાં વચન સાંભળી રાજા બહુજ દીલગીર હૃદયે નિશ્વાસ નાંખી શ્રાપના ભયથી ગળગળે સાદે કહેવા લાગ્યો કે "હું અયોધ્યાનો રાજા દશરથ છું. આ જંગલમાં હું શિકારે આવેલો હતો, જળઘાટપર જાનવરના જેવો શબ્દ સાંભળી તમારા પુત્રનો મેં અજાણતાં નાશ કરી, મહાન અધર્મ કર્યો છે. તેને માટે મને ઘણી ચિંતા ને શોક થાય છે. માટે હે મુનિરાજ ! મારાપર અનુગ્રહ દાખલ જે આજ્ઞા કરશો તે પાળવા હું તૈયાર છું." આ પ્ર-

માણે રાજાનાં શોકાતુર ને દીન થઈ કહેલાં દીન વચનો સાંભળી મુનિના મનમાં દયા ઉત્પન્ન થઇ, ને કહ્યું કે "હે રાજા ! હવે જે થવાનું હતું તે થયું, વધારે કલ્પાંત ન કરતાં, ભલે ઇંદ્ર હોય પણ જો જાણીને તે પાપ કરે તો તેનો પણ નાશ થાય છે, પણ તેં તો અ-જાણતાં પાપ કર્યું છે, માટે ભય રાખીશ નહિ. અમને બન્નેને, તે જગોએ કે જ્યાં તેં અજાણતાં પાપ કર્યું છે, ત્યાં અમને લઇ જા. અમે અમારા મૃત પુત્રના શિરપર હાથ ફેરવી છેવટનો મિલાપ કરીએ." રાજા બંનેને કાવડમાં બેસાડી કાવડને પોતાના કાંધપર ધરીને જ્યાં પુત્ર પડયો હતો ત્યાં નદીને તીરે શ્રવણના અંધ માબાપને લઇ ગયો, અને તેમને તેમના મૃત પુત્રનો સ્પર્શ કરાવ્યો.

પ્રકરણ ૮ મું.

"માતાપિતાની સેવા સમાન કોઈ પણ ધર્મ નથી. માતાપીતાની સેવા કરનાર બ્રહ્મલોક, ગોલોક ને સ્વર્ગની પ્રાપ્તિ સહેજે કરી શકે છે."

* * * *

મુનિ—શ્રવણના પિતા—શ્રવણના શબને ખોળામાં લઇ, શોકથી ભરાઇ ગયેલા હૃદયને ખુલ્લુ મૂકી કરૂણાજનક સ્વરથી રૂદન કરવા લાગ્યા.

હરિગીત.

શું ક્રોધ અંતર આવિયો જે, ઉત્તર તું દેતો નથી,
એકવાર બાળક બોલ અમ સંગે મધુરી વાણીથી;
અમ પંગુ અંધ અશક્તને એકવાર દગથી દેખ તું,
અમ તૃષિત ક્ષુધીત ભયભીત થઇ કેમે કરી નવ જીવશું. ૧

ક્યારે અરે પડશે મધુર તુજ વાણી મુખની કર્ણમાં,
તારા શરણુ વિણુ સુખ શું મળશે અવરના શર્ણમાં;
કરશે અમારી કોણુ સેવા, સરસ ભોજન પાન દઈ,
શુભ શાક પાક બનાવી નિજ કરથી જમાડે કોણુ અહીં! ૨
કોણુ કરશે દહન અમને, મરણુ અવસરમાં વળી,
કરી શ્રાદ્ધ અમને સ્વર્ગમાં, પહોંચાડશે કોણુ એ ઘડી;
અમ અંધ નિર્ધન પોષવા, શું સ્નેહ ભુલ્યો તાતને,
ઉઠ આજ સુત દુઃખ દૂર કરવા દેખી નિર્બળ માતને. ૩
વળી કાળ કાળાલય વિષે, ત્રણે સંગ મળીને જાઇશું,
કરી નમ્ર વિનતી પ્રેમથી, યમરાજને સમજાવશું;
યમ પાસ જઇને માગશું, ન કરાવ વિક્ષેપ સૂતનો,
દયાવંત જરૂર છે યમ, કરશે ન નાશ સુપૂતનો. ૪
સુત પુન્યશાળી પરમ છો, તુજ કૃત્ય કુશળ ઘણાં ઘણાં,
છો કુળ ઉધારણુ ધર્મ ધારણુ, તુજ સત્યમાં નહિ કાંઇ મણા;
સંગ્રામમાં મરનાર શુરની, જેવી જ સદ્ગતિ થાય છે,
તું પામ તેવી સદ્ગતિ, જ્યાં પદ અખંડ પમાય છે. ૫
નૃપ સગર શીબિ દિલિપ આદિ નહુષ ધુંધમારને,
ગતિ જેવી મળી તેવી ગતિ, સુત પામજે ભવપારને;
શ્રુતિ પાઠી તપસી ભૂમિદાતા, યજ્ઞ કર્ત્તા જે થયા,
જે પતિવ્રત્ત પરિપૂર્ણ પાલક, ભવ તજી જેવા થયા. ૬
સો શત સુરભી દાન કરી, વળી તીર્થમાં તન જે તજે,
ગુરૂ સેવ કરીને સર્વદા, ભગવાનને વળી જે ભજે;
તેની ગતિ તન ત્યાગતાં થઇ તેજ ગતિ તારી થજો,
મન કર્મથી પિતુમાત સેવા, સફળ થઇ સુખરૂપ હજો. ૭

સહુ સૃષ્ટિ મધ્યે સુપુતતા, તારી સકળ જન જાણજો,
તુજ નામ સ્મરણુ જે કરે, તે મોક્ષ પદને પામજો;
નૃપ ચક્રવર્તિ હોય પણુ, તુજ સમ ન કીર્તિ તેમની,
રવિ શશિ જગતમાં જ્યાંસુધી, ગાથા ગવાશે જેહની. ૮

દોહરો.

આક્રંદ કરવા લાગી ત્યાં, શ્રવણુ તણી જે માત,
વિલાપનાં વર્ણન તણી, કહી ન જાયે કંઈ વાત. ૧

સોરઠા.

અમ અંધાની આંખ્ય, અમ લુલાના પાય તું,
દુઃખમાં દુઃખ ન નાંખ્ય, કુમાર તું તો ક્યાં ગયો. ૧
મૃતને અગ્નિ દાહ, દઇ ઠારે પુત્ર માતને,
પણુ દઇ જીવતાં દાહ, પ્રસન્ન થયો કેમ પુત્ર તું. ૨
ફરી હોય અવતાર, આ જગમાં જો અમ તણો;
તું થાજે પુત્ર કુમાર, અપૂર્ણ આશા પૂરવા. ૩
આવ પુત્ર એક વાર, હેતથી ચાંપું હૃદયમાં;
શિર પર કર ધરી પ્યાર, ચુંબન હું તારૂં કરૂં. ૪
સુત તુજ ચંચળ ચાલ, પરિપુરણુ પ્રેમાળ તું;
કેમે કરી ન વિસરે હાલ, મધુર ગિરા તુજ કંઠની. ૫
કો સંગે તું સુપૂત, તજી અમને ચાલ્યો ગયો;
કયો આવ્યો યમદૂત, ક્યારે ફરી હવે મળીશ તું. ૬
આક્રંદ સુણુ તું કુમાર, રૂદન કરે પિતુ માત બહુ;
પુત્ર આવ તું એકજ વાર, દુઃખમાં ધીરજ આપવા. ૭

થશે ત્યાગ જો આ દેહ, તુજવિણુ તરફડી તરફડી;
કોણુ લગાડશે ચેહ, તુજ વિણુ કરશે કોણુ ક્રિયા. ૮
કદી ન રહેતો દૂર, જેમ લોહ સંગે છે ચમક;
અમ વિયોગ તુજ ઊર, કેમ કરી કીધો સહન તેં. ૯
સ્વપ્ના સમ સંસાર, દુઃખમય દીસે છે બધો;
અનુભવ થયો આ વાર,હા હા! ખબર પડી મુજને ખરી. ૧૦
નિર્દય દૈવ છે જરૂર, પ્રથમ મહા સુખ આપીને,
પલમાં લઇ લે ક્રૂર, વલખે પ્રાણી બાપડાં. ૧૧

આટલું બોલી શ્રવણની માતાને મૂર્છા આવી. તે પૃથ્વિપર પડી ગઇ. દશરથ રાજાએ આસનાવાસના કરી, જળ છાંટયું. બેઠી થતાં ફરી તે વિલાપ કરવા લાગી.

(રાગ સીતાજીના મહીનાનો.)

અરર કપટી કુટીલ કુડા કાળ, કુડું કામ તેં કર્યું;
મારૂં ઉત્તમ રમકડું આજ, કપણુ તેં કેમ હર્યું. ૧
મારા વ્હાલા ડાહ્યા કુમાર, અરર આ શું થયું;
પિતૃ ભક્તિનો કીધો નાશ, અરે ! દૈવ શું કર્યું. ૨
મારા લાડકવાયા કુમારનું, વય વિણ મૃત્યુ તો થયું;
પ્રભુ આજે અમારૂં સર્વસ્વ, રે હાય હરાઇ ગયું. ૩
અમને ઘડપણુમાં આપી દુઃખ, શ્રવણુ વ્હાલા કયાં ગયો,
તારી માત ઉપરનો પ્રેમ, અરે શું ભૂલી ગયો. ૪
તારૂં અકાળે દેખીને મર્ણું, ચરણુ મારા ભાંગીયા,
આજે પુત્ર વિયોગનાં બાણુ, હૃદે અમને વાગીયાં. ૫
હાય હવે જીવતર ખારૂં ઝેર, થયું પ્રભુ અમ તણું,
હવે જીવડા તું તનને ત્યાગ, રતન ગયું આપણું. ૬

હવે યમરાજ અમને લઇ જાઓ મિલાવો પુત્રને,
એક ઘડી જુગ જેવી જાય, મળવું ગમે સુપુત્રને. ૭
અમ અંધા અપંગ અનાથને તેં હરિ શું હણ્યાં,
અમને દુઃખ રૂપી જળમાં ડોઈ, ભયની ભીંતે ચણ્યાં; ૮
આવા પિતુ ભક્ત મળવા પુત્ર, દુર્લભ જગમાં ખરે.
હાય હાય અમારૂં હૃદય ચીરાય, અરેરે અરેરે રેરે. ૯

શ્રવણની માતાનું રૂદન સાંભળી દિગ્પાલ પણ ડોલવા લાગ્યા. જડ ને ચૈતન્ય તમામ વ્યક્તિમાં શોક જણાઈ રહ્યો. નદીનું જળ સ્થંભી ગયું. કાળ પણ કંપવા લાગ્યો. ચંદ્રમાનો રથ પણ આકાશ માર્ગે અટકી ગયો. પૃથ્વિ પણ જાણે ચલાયમાન થતી હોય, પર્વતો ને વૃક્ષો જાણે પડતાં હોય, તેમ જણાવા લાગ્યું. આમ રૂદન કરતાં કરતાં શ્રવણની માતા ફરીને મુર્છાને વશ થઇ ગઇ. ત્યારે વૃદ્ધ મુનિ તેને ધીરજ દેવા લાગ્યા, વિવિધ પ્રકારે સમજાવવા લાગ્યા કે આ જગતમાં જન્મે છે, તે મરે છે, એમાં કાંઈ અચરજ નથી. એ આપણાં પાપનાં ફળ છે. ગયું તે તો ગુમ થઈ ગયું, પાછું ફરીને આવતું નથી, તેમ મળતું પણ નથી. જે મૂર્ખ હોય છે તે જ એનો શોચ કરે છે. આ પ્રમાણે પતિનાં વચન સાંભળી કંઇક ધીરજ ધરી, સતી ઉઠી, ને તેમણે બંનેએ મળી, શબની જળક્રિયા કરી. આ વખતે દેવતાઓ સહીત ઇશ્વર વિમાનમાં બેશી આકાશ માર્ગે શ્રવણની પાસે આવ્યા. ને સાથમાં રહેલા સર્વ દેવતાઓ કુસુમની વૃષ્ટિ કરવા લાગ્યા. જય જયની ધ્વનિ ઉચ્ચારવા લાગ્યા. ગંધર્વો ગાયન કરવા લાગ્યા. મનહર અપસરાઓ નાચવા લાગી. ને સૌ શ્રવણના સુકૃતનાં વખાણ કરવા લાગ્યા. આ સુપૂતને ધન્ય છે! ધન્ય છે! એમ માઢેથી મોટે અવાજે બોલવા લાગ્યા. શ્રવણના જેવા જશને સહુ દેવતાઓ

ઇચ્છવા લાગ્યા. શ્રવણને વૈમાનમાં બેસાડી દેવતાઓ સ્વર્ગપુરીમાં આવ્યા. નાના પ્રકારના વૈભવો ને મનગમતા ભોગો શ્રવણની પાસે ધરવા લાગ્યા. તેને જોઇ શ્રવણને જરાપણ મોહ થયો નહિ. કેટલીક અપ્સરાઓ શ્રવણને વરવાને આવી, નાના પ્રકારના હાવ ભાવ કરી, મનમાં રાજી રાજી થવા લાગી. પણ શ્રવણને મન તો પોતાના માબાપ વિના બધા ભોગ રોગ જેવા જણાવા લાગ્યા. જેમ મૃગના બાલકને પકડીને કોઇ શહેરમાં લાવે, ને જેમ પોતાની માતાથી વિખુટું પડ્યાનો શોચ કરે, તેમ શ્રવણ મનમાં અકળાઇને શોચ કરવા લાગ્યો. નેત્રમાંથી અશ્રુની ધારા પડવા લાગી. "મને મારા માબાપ પાસે પહોંચાડો" એમ પ્રાર્થના કરવા લાગ્યો. "ત્યાં મને ઘણું સુખ હતું. અહીં મને લેશ માત્ર ગમતું નથી. અરે ભાઈ! મને એકવાર મારા માબાપનાં દર્શન કરાવવા ત્યાં લઇ જાઓ, ને ફરીને પછી મને અહીં લાવજો. મને એક પલ પણ માબાપ વિના જુગ જેવી જાય છે. માબાપ વિના મને બહુ સંતાપ થાય છે," આ પ્રમાણે શ્રવણને વ્યાકુળ જોઇ, વેગથી ઇંદ્રરાજા તેને સરયૂને કાંઠે તેડી લાવ્યો, એટલે શ્રવણ પિતૃપદને પ્રણામ કરી આનંદ પામી કહેવા લાગ્યો કે "હે તાત! હું તો હવે સ્વર્ગલોક પામ્યો છું, ને મને મોટી પદવી મળી છે. તમે હવે જલદી આ સરિતામાં સ્નાન કરી મારી પાસે આવવા તૈયાર થાઓ. હે તાત! તમારા ભાગ્યનો પાર રહ્યો નથી. માટે મારી સાથે તમે પણ સ્વર્ગમાં વાસ કરો. ત્યાંપણ હું શુદ્ધભાવથી તમારી સેવા કરીશ." એ પ્રમાણે બોલી, પાછો અમરપતિની સાથે શ્રવણ સ્વર્ગમાં ગયો. ત્યાં પોતાના માતા પિતાની રાહ જોતો બેઠો, ને કહેવા લાગ્યો કે, "હે હરિ! મારાં માબાપ ક્યારે આવશે?"

પીવાને અમૃત મળ્યું, બેસવાને વિમાન મળ્યું, અને ઈંદ્રરાજા જેવાથી સન્માન મળ્યું, કલ્પતરૂ ને કામદુધા મળ્યાં, ગાંધર્વો ગાયન સંભળાવવા લાગ્યા, નાના પ્રકારનાં આભુષણોથી વિભૂષિત સુંદરીઓ સેવામાં હાજર થઇ રહી,–આવું આવું ઉત્તમ સુખ મળ્યું, પણ માબાપ વિના તે સર્વ શ્રવણને શુન્ય લાગતું હતું.

જે આદિત્યનો ઉદય થવાથી કુમુદિનીને સુખ થતું નથી, ચંદ્રોદય થવાથી જેમ કમળને હર્ષ થતો નથી, વસંત ઋતુના ફૂલથી જેમ ચાતકને ચેન પડતું નથી તેમ શ્રવણને માબાપ વિના બધા વૈભવ જરાપણ સુખ આપી શકતા નહોતા. તે વારંવાર કહેતો કે, "માબાપ ગરીબ રહે ને પુત્ર મોટો પ્રતાપી કહેવાય, માબાપને તો જળપાન પણ ન મળે ને પુત્ર સ્વર્ગમાં રહી અમૃત પાન કરે, માબાપને પુરૂં અન્ન પણ ન મળે ને પુત્ર સ્વાદ સહીત ષટ્રસ ભોજન જમે, એના જેવો દુનિયામાં પાપી પુત્ર કોણ હોય! જે માબાપને દુઃખી રાખી પોતે સુખી થાય, તેના સુખને પણ ધિઃકાર છે."

દશરથ રાજાને ઋષિ કહે કે, " હે ભાઇ ! હવે તું કાષ્ટની ચિતા તૈયાર કર, એટલે અમે બંને દંપતી અમારા પુત્રને મળવાને સ્વર્ગમાં જઇએ "

રાજા કહે "હે રૂષિરાજ ! હું તમારી મન કર્મ ને વચન વડે તન ધનથી સેવા કરીશ. માટે આપના શરીરને દહન કરી, મને વધારે પાપી ન કરો." અવાં વચન સાંભળી મુનિ કહે કે " હે ભાઈ ! પગ વિના લાકડીના પગથી કંઈ ચલાય નહિ. આંખ વિના કૃત્રિમ આંખોથી કંઇ દેખાય નહિ. તેમ પુત્ર વિના દત્તક પુત્રથી પણ સુખ થાય નહિ. જેમ કોઇ માણસ નાક કપાવી તેની જગોએ સોનાનું નાક ચોડાવે ને જાણે કે વિશેષ શોભા આપશે, પણ તે જેમ નકામું છે, ઝાડને

દૂધ દહીં ને મધ પાઓ, પણ જેવું પાણીથી તેનું પોષણ થાય તેવું બીજાથી નથી થતું, સોનાના ઢગલાપર બેઠેલાને સોનાથી તૃપ્તિ થતી નથી, પણ અન્નવડેજ તૃપ્તિ થાય છે, તેમ પામર ને ગમાર હોય તો પણ ઔરસ પુત્ર સમાન મોટા અધિકારી ને વખાણવા લાયક કૃત્રિમ પુત્રથી કદિ સુખ થાય નહિ." આ પ્રમાણે બોલી મુનિ શાન્ત થયા.

મુનિ પત્નિ કહે "હે રાજા! અમારાથી પુત્રવિયોગની વ્યથા સહન થઈ શકતી નથી. માટે જલદી કાષ્ટની ચિતા તૈયાર કર, ને અમને સુખેથી બળવા દે. અમે જલદી અમારા પુત્રને મળીએ."

રાજા હાથ જોડી નમ્રતાથી કહેવા લાગ્યો કે "આપ દંપતી મને કંઇક શ્રાપ આપો, કે જેથી મારૂં પાપ નાશ પામે, ને પરલોકમાં સુખ થાય." મુનિરાજ કહેવા લાગ્યા કે "હે રાજા! તેં અજાણતાં પાપ કર્યું છે, તેથી તારે માથે મોટું પાપ નથી. તેની તું જરાપણ ભીતી રાખ નહિ. તો પણ જા, તારી ઇચ્છા છે તો અમે કહીએ છીએ, કે જેમ અમને પુત્ર વિયોગ થયો, ને મરણ થયું, તેમ તારા મરણ સમયે તને પુત્રનો વિયોગ થશે, ને પુત્ર વિરહની પીડામાંજ તારૂં મૃત્યુ થશે." આવો શ્રાપ સાંભળી રાજા આનંદ પામ્યો, ને મનમાં વિચારવા લાગ્યો કે, મારે પુત્ર નથી, જેથી પુત્ર થશે. આતો શ્રાપ નહિ પણ વરદાનજ મળ્યું. એમ માની સંતોષ પામ્યો. સજ્જન પુરૂષોનો કોપ પણ લાભદાયક હોય છે, ને દુર્જનની રીઝ પણ દુઃખદાયક હોય છે. કહ્યું છે કે.—

દુર્જનકી કૃપા બુરી, ભલો સજનકો ત્રાસ
જબ સૂરજ ગરમી કરે, તબ બરખનકી આસ. ૧

રાજાએ ચિતા તૈયાર કરી તેમાં દંપતીએ પ્રવેશ કર્યો, તે વખતે ઈંદ્રાદિક દેવતાઓ આવ્યા, ને તે બંનેને વૈમાનમાં બેસાડી દેવલોકમાં લઈ ગયા.

દેવલોકમાં શ્રવણની પાસે બધા ઋષિલોકો આવ્યા. તેમ હરિ હર અને બ્રહ્મા આદિ સર્વ દેવતાઓ આવ્યા. નવે ગ્રહ શ્રવણનાં દર્શન કરવા આવ્યા, ને પોતાના ભાગ્યને ધન્યવાદ દેવા લાગ્યા. બધા મળી શ્રવણને પૂછવા લાગ્યા કે, તમારે ક્યાં રહેવાની મરજી છે? ત્યારે શ્રવણના પિતા કહે " હે દેવો! અમને જેમ ત્રણે ભુવનના લોક દેખે તેવી જગ્યાએ રહેવાની ઇચ્છા છે. અમને કોઇ ન દેખે એવા સ્થાનમાં રહેવાને અમે ઇચ્છતા નથી." બધા દેવો કહેવા લાગ્યા કે " ત્યારે તમે મકર રાશીમાં નિવાસ કરીને રહો. એક બાજુ પિતા એક બાજુ માતા ને વચમાં શ્રવણ. જે પ્રમાણે તીર્થમાં કાવડ લઇને શ્રવણ વિચર્યો હતો તેવા આકારથી આકાશને વિષે રહો. આથી પ્રતિદિન તમારાં દર્શન સહુ કોઇ કરશે. તમારા પવિત્ર ચરિત્રનું સ્મરણ કરશે. તથા શ્રવણનું અનુકરણ કરી, બીજા પણ પુત્રો પિતૃ ભક્ત થશે." એમ કહીને તેમને મકર રાશીમાં રાખ્યા, ને શ્રવણ નક્ષત્ર એવું નામ રાખ્યું, અને બધા દેવો મળી તેની સ્થાપના કરી વરદાન દેવા લાગ્યા.

ઇંદ્ર—જો તમને ઇચ્છા હોય તો સૂર્ય ચંદ્રના જેવી મોટાઇ આપું, ને ઇચ્છા હોય તો ધ્રુવના જેવું અચળ પદ આપું.

શ્રવણ—હે સુરનાથ! મોટાઈમાં ઘણું દુઃખ છે. જુઓકે, સૂર્ય ચંદ્ર મોટા છે, તો તેને રાહુ નડે છે. વળી એક જગ્યાપર સ્થિર રહેવું, ને ક્યાંઈ હરવું ફરવું નહિ, એવું ધ્રુવના જેવું સ્થાન પણ અમે ઇચ્છતા નથી.

નવગ્રહો—અમે વરસમાં એકવાર તમારાં દર્શન કરવાને તમારા દ્વાર પર આવીશું.

પુરૂષોત્તમપ્રભુ—મકરરાશી જે તમારૂં સ્થાન છે, તે જ્યાં સુધી ધ્રુવ ને સપ્તઋષિ અચળ રહે ત્યાંસુધી અચળ રહેશે. તમારી પાસે જે માસમાં ચંદ્રમા આવશે ત્યારે તેનો પ્રકાશ વધશે, ને તે મહીનાનું નામ પણ શ્રાવણ માસ કહેવાશે. તે માસમાં ઉત્તમ ઉત્તમ પર્વ આવશે. શ્રાવણમાં કરેલું દાન સહસ્ત્રગણું ફળદાતા થશે.

અહીં માતાપિતાનેજ પ્રભુ જાણી સેવા કરનાર શ્રવણને શ્રી વિશ્નુદેવની ઉપમા સર્વ મુનિ આપવા લાગ્યા.

પ્રભુ—શ્રવણ! હું ચાર માસ ક્ષીરસાગરમાં રહું છું (શયન કરૂં છું). પણ શ્રવણદ્વાદશીને દિવસે પાછો ફરીશ. તું માતાપિતાની ભક્તિ કરી નિર્વાણપદને પામ્યો છે. માટે તારા જેવો મને કોઈ વહાલો નથી.

શંકર—શ્રાવણ માસને હું પણ વધારે પ્રિય ગણીશ. તે માસમાં એકવાર જે કોઇ માણસ ભાવથી મારૂં પૂજન કરશે, તો તેને કૈલાસની પ્રાપ્તિ થશે.

દેવા—બધા માસમાં પવિત્ર માસ શ્રાવણ થજો. તેમાં જે વ્રત દાન તપ કરે તેનું ફળ હે અવિનાશી પ્રભુ! અગણિત થજો.

નાગ દેવતા—હું પણ વરદાન દઉં છું કે, શ્રાવણની શુદ પંચમીને દિને જે કોઈ ભાવથી મારૂં પુજન કરશે, તેનું હું સદાકાળ રક્ષણ કરીશ.

પુરંધર દેવ—ગમે તેવું દુર્ભિક્ષ વરસ હશે તોપણ શ્રાવણમાં હું કાંઇને કાંઈ વરસાદ વરસાવીશ.

બ્રાહ્મણો—અમે ત્રણે વેદના બ્રાહ્મણો શ્રાવણ પૂર્ણિમાએ ઉપાકર્મ કરશું.

બ્રહ્મા—તે પૂર્ણિમા મોટો પૂણ્ય કાળ ગણાશે. તે દિવસે લોકો એકબીજાને રક્ષા બાંધી આશિર્વાદ મેળવશે. જ્યારે મકર રાશીમાં સૂર્ય જશે, ત્યારે દિવસ પણ વધવા લાગશે. એમાં જરા પણ શંકા નથી. શ્રાવણી પુનમનો મહિમા મોટો ગણાશે. તે દિને જે દાન દેશે તેનો મહિમા ઘણો વધશે. વળી તીર્થાટન કરતાં કરતાં મકર સંક્રાંતિમાં શ્રવણ પ્રયાગમાં હતો માટે મકર સંક્રાંતિ સમયે પ્રયાગનો મહિમા ઘણો કહેવાશે. તે સંક્રાંતિ સમયે ભાગ્યવાન લોકો હશે તેજ પ્રયાગમાં સ્નાન કરશે. જે માસમાં મકર સંક્રાંતિ બેસે તે માસ પણ પવિત્ર ગણાશે. તે દિવસ શ્રવણનું ચરિત્ર જે સાંભળશે, તેને ચારે પદાર્થ મળશે. તે દિવસે જે શ્રવણની કથાનાં ૧૦૮ પુસ્તકનું દાન કરશે, તેને ધન સંતાનની પ્રાપ્તિ થશે.

બધા ઋષિ મુનિઓએ મળી શ્રવણને વરદાન દઇ, શ્રવણના ચરણમાં મસ્તક નમાવી, તેઓ સર્વે પોતપોતાના સ્થાનપર ગયા. દેવતાઓ બધા શ્રવણના સુકૃતનાં વખાણ કરવા લાગ્યા. શ્રવણનું ચરિત્ર જોઇ, યજ્ઞ કરનારાઓ અને મોટા મોટા તપસ્વીઓના મનના ગર્વ ઉતરી ગયા.

હવે આકાશમાં શ્રવણ કેવી રીતે દેખાય છે, તેનું કંઇક વર્ણન નીચે આપીએ છીએ—

ધન રાશી પાસે મકર રાશીનું સ્થાન છે. જાણે દશરથ રાજાનું ધનુષ્ય હોય, તેમ ધન રાશી પ્રકાશે છે. તેની પાસે મકરરાશીમાં શ્રવણ બિરાજે છે. પિતામાતાની સેવાથી પરમ

પવિત્ર થયું છે ગાત્ર જેનું એવા શ્રાવણુ પાસે અનેક દેવો દર્શન માટે આવે જાય છે. સોમ, ભોમ, બુધ ગુરૂ, શુક્ર ને શનિને શ્રાવણ સાથે મિત્રાચારી છે, ને તેની પ્રખ્યાત વાતો પ્રસિદ્ધ થવા માટે તેને ખગોળની વચમાં રાખવામાં આવ્યા છે. ઉદય સમયે તેની ઝગમગતી જ્યોતિ તેજોમય જણાય છે. તેનાં બધાં અવયવો ઉત્તમજ છે. તેની રિદ્ધિ સિદ્ધિ જોઇને દેવતાઓના ગર્વ પણ ગળી જાય છે. જેનો મહિમા દેવના દેવ મહાદેવ જેવા પણ વખાણે છે. જ્યારે મકર રાશીમાં સૂર્ય આવે છે, ત્યારે બધા લોકોને તે કામદેવ જેવો પ્રિય લાગે છે. હરિરૂપ આખા આકાશમાં સૂર્ય ને ચંદ્ર જેની આંખો છે, તે શ્રી હરિનો મોતીમય મંડપ તે તારામંડલ છે. કંઠમાં નક્ષત્રારૂપી માળ છે, ને કાનમાં મનુષ્યના મનને હરણ કરે તેવા સુવર્ણના મકરાકારના કુંડલ બિરાજે છે. તે જોઈ સુજ્ઞ પુરૂષો તેને બધા સુખનું ધામ જાણે છે. તેમાં શ્રાવણ નક્ષત્રરૂપી મહાન મોતી શ્રીહરિ કંઠમાં પહેરેલી માળાની વચમાં ધારણ કરી રહ્યા છે. તે શુદ્ધ પૂર્વમાં ઉગે છે, ને શુદ્ધ પશ્ચિમમાં આથમેછે. શિલ્પી લોકો તેજ દિશા ઉપરથી સાધન કરે છે. આ પ્રમાણે શ્રવણ નક્ષત્ર રૂપે હાલ આકાશમાં બિરાજે છે.

પ્રકરણ ૯.

'ज्ञात्वाऽज्ञात्वा कृतं पापं मानवं ह्युपपद्यते ॥
तथा भंगाहि फेनस्य। विषं भोक्तृ कलेवरं ॥ १ ॥

(જાણે અજાણે કરેલું પાપ મનુષ્યને ભોગવવું પડે છે. જેમ જાણે અજાણે ભાંગ કે અફીણ ખાનારને ઝેર ચડે છે તેમ.)

* * * *

દશરથ રાજાએ જે શરનું ફળુ શ્રવણુના શરીરમાંથી ખેંચી કાઢયુ હતું, તે જળમાં પડયું હતુ. તે એક માછલી ગળી ગઇ. તે માછલી એક માછીમારની જાળમાં પકડાઇ ગઇ. તે માછલીને ચીરતાં તેમાંથી તિક્ષણુ લોહ નીકળ્યું. તે તેણે એક લુહારને ત્યાં વેચ્યું. તેની લુહારે એક નેયણી બનાવી. તે અયોધ્યા નગરના નાવીકે ખરીદ કરી.

એક વખત દશરથ રાજા હજામત કરાવતા હતા, તે વખતે તે નેયણી રાજા દશરથના નખમાં વાગી, તેથી થએલ શ્રાપને લીધે તેને ઘણીજ વ્યથા થઇ. તે વખતે કૈકેયીએ કલેશ કર્યો, ને રામચંદ્રજી વનમાં સિધ્ધાવ્યા. પાછળથી નખ છેદની પીડા દિવસે દિવસે વધતી ગઇ. તેમાં વળી રામચંદ્રના વિયોગની પીડા થવાથી એ દુઃખમાં અસહ્ય વ્યાધિ વધી, ને પોતે પુત્રના વિયોગનો શોક કરતા કરતા મરણુ પથારી પર પડયા. તે વખતે પોતાની રાણી કૌશલ્યાને પાસે બોલાવી કહ્યું જે મને શ્રવણુ મુનિનો શ્રાપ હતો, તે પ્રમાણે મારૂં મૃત્યુ થવું જોઇએ. માટે આ મારા મરણથી તમારે ઝાઝો શોક કરવો નહિ. કેમકે વિધિએ લખેલું મિથ્યા થતું નથી. જુઓ કે એક નાની સરખી નખ છેદની લાગવાથી કેટલા વિસ્તારમાં દુઃખરૂપ થઇ પડી છે. જે સમયે મોટાં મોટાં તીવ્ર બાણોના અસહ્ય વરસાદો જ્યારે આ શરીર પર રણસંગ્રામમાં થતા, ત્યારે લેશ પણુ ઇજા થતી. નહિ. પણુ આ વખતે એક નાનીસી નખ છેદની જેવા નજીવા શસ્ત્રથી મારો પ્રાણુ જાય છે. તેનું કારણુ શું ? એજ કે ખરેખર વિધિનું ધાર્યુંજ થાય છે.

દશરથ જેવા રાજા કે જેનો પ્રતાપ બધી પૃથ્વિમાં છાઈ રહ્યા છે. વળી આખા જગત્‌નું પોષણુ કરનાર રામચંદ્ર જેવા તો જેને પુત્ર છે, તેના જેવો બીજો ભાગ્યશાળી કોણુ હશે ! આવો જે દશ-

રથ રાજા તે શોક ને સંકટમાં લપટાઇ ગયો, અજાણતાં થઈ ગયેલા પાપના ફળનો ભોકતા થયો. માટે હે ભાઇ ! આ દુનિયામાં વિચારીને કામ કરવા જેવું છે. અજાણતા પણ થઇ ગયેલા પાપને મટાડવા કોઈ પણ સમર્થ નથી.

શ્રવણનું મરણ સાંભળી તેના જે જે જગાપર શિષ્ય હતા, તે અપાર શોક કરવા લાગ્યા. કોઇ તો સંસાર તજીને યોગી થઈ ગયા. ને નવો કાપડીનો પંથ ચલાવ્યો. બધાં શાસ્ત્ર શોધીને પ્રભુ સેવા એજ તીર્થ, એજ દેવ, એવું તત્ત્વ પ્રસિદ્ધ કર્યું. જ્યારે કળિયુગ આવ્યો ત્યારે જે વૈરાગી થયા હતા, તેમનો વૈરાગ મંદ પડી ગયો. એટલે તેઓ ત્યાગી મટી સંસારી થયા, ને સ્ત્રી પરણી ઘેરઘેર ભીખ માગવા લાગ્યા, ને તેમની પુત્ર પુત્રાદિથી વંશ વૃદ્ધિ થઇ. તેઓ શ્રવણ જ્ઞાતિ નામથી ઓળખાવા લાગ્યા. હજુ પણ તે જાતના બ્રાહ્મણ શ્રવણ કહેવાય છે. તેઓ ભગવો વેશ ધારણ કરી ઘેરઘેર ભિક્ષા માગી ખાય છે. માતાપિતા સાસુ સસરાની સેવા કરવાનો સંસારી જનોને ઉપદેશ કરે છે, સ્ત્રીનો પતિવ્રતા ધર્મ હોઇ પતિની સેવા કરવી એજ તેનો ધર્મ- અને માતતાતની સેવા કરવી એજ પુત્રનો ધર્મ છે. એ સવાય અન્ય ધર્મને તેઓ માનતા નથી આ શાસ્ત્રસિદ્ધ ધર્મને સ્વીકારનારા કાપડીનાં ૨૦૦ ઘર ગુજરાતમાં છે તથા પૂર્વમાં પણ ઘણાં છે. વીસ ઘર અમદાવાદમાં છે. સુપૂતતામાં સર્વોપરી શ્રવણ દુનિયામાં વિખ્યાત છે, ને ચારે ખંડમાં તથા ચારે દિશામાં તેની વાતોનાં વખાણ થાય છે. કવિ દલપતરામે પોતાના મૂળ ગ્રંથમાં લખેલ છે કે—

" दानी हरिचंद अभिमानी इंद्रजीत तात,
ज्ञानी शुकदेव ध्यानी शंकरसो कौन है;

वरि हनुमान और धीर धुंधमार नृप,
नीर देवनदी और गननामें गौन है;
रुप रतिनाथको विरूप शुर्पनखा नारी,
भूप भीमभ्रात ख्यात भलाईका भौन है;
द्युत दुरजोधन सुकृतता जीमूत्त अब,
भूत गुरु गोरख सुपूत मुख्य भौन है. १.

જો પોતાથી પોતાનો જન્મ સુધારી ન શકાણો, તો સત્પુત્રથી તો જરૂર સુધરશે. જો પોતાથી પોતાનો જશ ન પ્રસારી શકાણો પણ જો વાંસે સુપુત હશે તો માબાપના જશને વિસ્તારશે. જો પોતાથી ભવ-સાગર તરી ન શકાયો પણ પાછળ સુપુત્ર હશે તો તે જરૂર માબા-પને ભવજળથી તારશે. કદાપિ મરતાં સૂધી જે મનોરથો પૂર્ણ નહિ થયા હોય, પણ જો સુપુત્ર પાછળ હશે તો તે મૃત માબાપનાં પણ મનોરથો પૂર્ણ કરશે. જ્યાંસૂધી માબાપ જીવતાં હોય, ત્યાંસૂધી શુદ્ધ મનથી સ્નેહ ધરી સેવા કરે, તેનેજ સૂપુત કહેવો, કે જે પોતાનાં સુકૃતવડે માબાપને પણ પરમપદ મોક્ષને પમાડે. માબાપના જશને જે રાત્રિદિન સંભાળે અને માબાપની સત્કીર્તિ જગતમાં પ્રસિદ્ધ કરે, તેજ સુપૂતને ધન્ય છે.

અંધારા ઘરમાં અનેક પદાર્થો ભર્યા હોય, પણ જેમ દીપક વિના તે દ્રષ્ટિગોચર થતા નથી, તેમ કુલદીપક પુત્ર વિના પિતુના જશ સૃષ્ટિમાં પ્રગટ થતા નથી. માટે મનુષ્યો પુત્રને ચાહે છે. વળી પુત્ર માટે જપ, તપ, વૃત્ત, યજ્ઞ, તીરથ કરે છે. રાજરિદ્ધિ ને સિદ્ધિ ભલે મળે પણ પુત્ર વિના નરનારી હમેશાં

ઉદાશ રહે છે. જો મનમાનતી પુત્રની પ્રાપ્તિ થાય તો જ બધી પ્રાપ્તિ થઇ માને છે. જો સત્પુત્ર હોય છે, તો જ તે પોતાનો સ્વાર્થ તજી દઇ નિરાંતે બેસી પિતૃના જશને સાંભળે છે. જેમ ભૂખ લાગી હોય તે ભોજનને ચાહે છે, તરશ લાગી હોય તે પાણીને ચાહે છે, લોભી ધનને ચાહે છે, અભિમાની માનને ચાહે છે કામી સ્ત્રીને ચાહે છે, અને જ્ઞાની જ્ઞાનને ચાહે છે, તેમ સુપુત્ર હોય છે તે માતાપિતાની કીર્તિની વાતને જ ચાહે છે. કોઇ શેરડી, અમૃત અને માખણમાં મીઠાશ માને છે, કોઇ કેરી, અનાર, અંજીર કે કેળાં વગેરે ફળ ખાઇ તેમાં મીઠાશ માને છે, વળી કોઇ કોયલ પોપટ મેના ને મોરના શબ્દને મીઠા માને છે, પણ જ્યાં સૂધી પિતૃયશની મીઠાઇ મળી નથી, ત્યાં સૂધીજ તેના વખાણ તેઓ કરે છે. જે કપુત હોય છે, તે જીવતાં માવિત્રને તૃણ તુલ્ય લેખે છે, ને પોતામાં ઘણી બુદ્ધિ છે એમ માને છે તથા માબાપની વાતને તો જેમ પવનમાં તૃણ ઉડી જાય તેમ ઉડાવી દે છે. કોઈ દિવસ માબાપના પદને પ્રણામ કરતો નથી, માન આપતો નથી. રાત્રિદિવસ અપમાન કર્યા કરે છે, માબાપની લક્ષ્મિને ગમે તે પ્રકારે લઇ લે છે, અને આઠે પહોર દુઃખ દે છે, તેને માબાપે પુત્ર જાણવો નહિ પણ તેતો જીવતો જમદૂતજ છે. જેમ જુ મરી જવાની કોઇ ફીકર કરતું નથી, તેમ પીડા કરનાર પુત્રના મરણનો માબાપ શોક ધરતા નથી.

જેમ કોઇ માણસ બહુજ પરિશ્રમ કરી કૂવો ખોદાવે, પણ તેમાં જળ ખારૂં નીકળે, તથા જેમ કોઇ મહેનત કરી જમીનને સુધારી ખેતી કરે ને અન્ન વાવે, પણ જમીનના દોષને લીધે તેમાં ઘાસજ ઊગે, તેમ પુત્ર જાણી તેનું સારી રીતે પાલન પોષણ કર્યું,

પણ પાછળથી જો તે કપૂત નીવડે તો તેને માટે આ દુનિયામાં સજ્જન પુરૂષો કહે છે કે તેનો બધો શ્રમ વૃથા ગયો જાણવો.

જેમ ગધેડો ખેતર ખાઈને પછી ભૂંકે કે મેં ધરાર ખાધું, તેમ માબાપનું ધન ખાઇને સામો પુકારે, તેમાં ને ગદ્ધામાં શું ફેર ! જેણે પોતાને આવો અમુલ્ય દેહ, દીધો, તેના પર સ્નેહ ન રાખ્યો, ને તેના ચરણમાં મસ્તક ન નમાવ્યું, તે ભલે બીજાં અનેક સારાં કામ કરે, પણ પ્રભુ એવો ક્યાં ભોળો છે કે સ્વીકારે ! જેણે માબાપનો ઉપકાર જાણ્યો નહિ, તેના જેવો બીજો નિમક-હરામી કોઇ નહિ જાણવો.

આ શ્રવણની પવિત્ર કથા યથા બુદ્ધિ અનુસાર ચર્ચી છે. તેમાં પિતૃભકિતના ગુણો ગણી ગણીને જેટલા મળ્યા તેટલા લખ્યા છે. જો તેનો મરમ સમજાશે તો મનનો ભરમ ભાંગી જશે, અધર્મી મટીને ધર્મને પંથે વળાશે. કુમતિને મટાડનારી, સુમતિને વધારનારી, પાપીને પાવનકારી, પરમ પવિત્ર પિતૃભકિત આ કથા વાંચવાથી દરેક જણને મળશે. કપૂત હશે તે પણ આ કથા વાંચવાથી તથા સાંભળવાથી સુપૂત થશે. પ્રિય વાંચક ! જો આ વાંચનની કાંઇ પણ અસર તને હોય તો, જો તારાં માતપિતા હયાત હોય તો શ્રવણ બનજે, અને તારે જો પુત્રો હોય તો શ્રવણ જેવા પુત્રો નીપજાવજે.

સમાપ્ત.

આ પુસ્તક વાંચીને થોડી પ્રતિજ્ઞા લેશો !

૧ હું મારાં જીવંત માતાપિતાને પ્રભુરૂપ માનીશ.

૨ હું મારાં માતતાતની હરેક પ્રકારે સેવા કરીશ.

૩ હું મારાં માબાપનો એક પણ બોલ નહિ ઉથાપીશ.

૪ હું મારાં પિતુમાતાના સુખે સુખી ને તેમના દુઃખે દુઃખી થઇશ.

૫ હું સદાચરણી બની અન્યને સદાચરણી કરીશ.

૬ હું રિદ્ધિ સિદ્ધિમાં મોહ ન પામતાં મારી સ્થિતિમાં સંતોષ પામીશ

૭ હું માબાપની સેવા આગળ સ્વર્ગનાં સુખોને તુચ્છ માનીશ.

૮ હું સુપૂત બની માતતાતરૂપી દેવનો આશિર્વાદ મેળવીશ.

૯ હું સુપુત બની પોતે તરીશ,-મારા આખા કુલને ઉદ્ધારીશ.

૧૦ હું મારા સત્ચરિત્રથી સર્વ લોકોને મને શિર નમાવતા કરીશ.

लोकसेवा.

આ દેશના નેતાઓ–મહાન પુરૂષો અને દેશસેવકો પોકાર કરી રહ્યા છે કે " મનુષ્ય જન્મ ધારણ કરી પશુવત્ સ્વસ્વાર્થમાં જ મચ્યા ન રહેતાં કેવળ પરમાર્થ નહિ તો પોતાના સ્વાર્થની સાથે પણ પરમાર્થ સાધવો એજ હાલના જમાનાનું આપણું લક્ષ હોવું જોઇએ–એથી જ આપણી અને આપણા દેશની ઉન્નતિ સધાઇ શકાશે."

અને તેથી, આ પ્રવૃત્તિના જમાનામાં અમારા દેશના હરકોઇ માણસની અમારાથી બની શકે તેટલી સેવા અમો કેવી રીતે કરી શકીએ એ હેતુથી અમારા ભાઈઓની હરકોઈ પ્રકારની સેવા ઉઠાવવાનું અમો માથે લઇએ છીએ. જાહેરખબરો લેવી–દેવી, છાપવું–છપાવવું, માલ મોકલી આપવો–ખપાવી દેવો વગેરે અનેક કાર્યો અમો કરીએ છીએ. માટે કોઇ પણ જાતનું કાર્ય કરાવવા માંગતા હો તો પહેલાં અમારી લાભકારી **મફતની સલાહ** લેવા અમો વિનતિ કરીએ **છીએ. ધન પ્રાપ્તિ નહિ પણ લોકસેવા એ અમારો** ઉદ્દેશ motto **છે. અમારી એક સત્ય નિષ્ટા ને પ્રમાણિકપણાની ખાત્રી તો કરો.** તમને અવશ્ય લાભ જ **થશે.**

હજીરાની પોળ, સાંકડીશેરી. } એમ. એમ. પટેલની કંપની
અમદાવાદ. } જનરલ મરચન્ટ–કમીશન એજન્ટ

તમારે શું જોઇએ છે ?

આપણાં શાસ્ત્રો સર્વ દુઃખોનો પરિહાર અને સર્વ સુખોની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેના ઉપાયને મુક્ત કંઠે સમજાવી રહ્યાં છે. તેમાં ગુંથેલી સુક્ષ્મ, સરલ ક્રિયાઓ મનુષ્યના પ્રતિદિનના સુખોમાં કેટલી સરલતાથી વધારો કરી શકે છે તે વાતનું અજ્ઞાન હોવાથી પ્રજામાં દુઃખના રોદણાં સાંભળવામાં આવે છે. ધર્મમાંથી અને ધર્મક્રિયાઓ-માંથી મનુષ્યની શ્રદ્ધા ઉઠી જતી જોવામાં આવે છે, જેથી માત્ર પરમાર્થ દૃષ્ટિએ સર્વને જણાવવામાં આવે છે કે પોતાની બધી વિગતો વ્યવસ્થાથી અમારાપર લખી મોકલનારને તેના દુઃખની નિવૃત્તિ અને તેના ઇપ્સિતની પ્રાપ્તિના ઉપાય અમારી તરફથી લખી મોકલવામાં આવશે. પત્ર લખનારે પ્રત્યુત્તર માટે એક આનાની ટીકીટ મોકલવા ભુલવું નહિ. પ્રત્યેક પત્ર સાથે ટિકીટ નહિ મોકલનારને પ્રત્યુનર લખ-વામાં આવતો નથી. પત્રવ્યવહાર બધોજ ખાનગી રાખવામાં આવે છે.

જ્યારે બધેથી નિરાશા પ્રાપ્ત થયા પછી અમારી મફત સલાહ લેવા આવશો ત્યારે આરંભમાંજ તમે અમારી સલાહ કેમ લેતા નથી

વિગતવાર લખો અને ખુલાસો મેળવી લો. અમારે અનેક વ્ય-વસાય હોવાથી ખાસ મુલાકાત લેવાનું અથવા આપવાનું બની શકતું નથી, માટે સર્વ સુજ્ઞોને વિનંતી કે પત્રજ લખવાની વ્યવસ્થા રાખવી.

શ્રી ચિદ્સાગર આનંદ મૂર્ત્તિ,

ચાંલ્લા સ્ટ્રીટ—**અમદાવાદ.**

